MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૦૭-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૨૦ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

2 આરબીઆઇએ સતત બીજી વખત રેપો રેટ યથાવત્ રાખ્યો

5 ચેરિટી મેચની તારીખ બદલાઈ, હવે ૧૦ ફેબ્રુઆરીએ રમાશ

8 ગટર લાઇનની કામગીરી વખતે ભેખડ ધસી પડતા પાંચ શ્રમિકો દટાયા

12 લીમપુરા ગામની ગોચર જમીનમાં દબાણ હટાવવાની અરજી કરનાર અરજદારને જાનથી મારી નાખવાની ધમકી

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણના બહાને વડાપ્રધાનના વિપક્ષ પર ચાબખાં

કોંગ્રેસના પગલે ચાલ્યા હોત તો સમસ્યાઓ યથાવત્ રહી હોત: મોદી

કોંગ્રેસ માટે જે લોકો મુસ્લિમ તે અમારા માટે ભારતીય,નાગરિકતા કાયદોથી એક પણ ભારતીયને નુકસાન નહિ થાય, તેઓ વોટબેન્ક માટે ખોટી ભ્રમણાઓ ફેલાવે છે,શીખોને મારનારને મુખ્યમંત્રી બનાવાયા

કેટલીક ટ્યૂબલાઈટો મોડી ઝબુકતી હોય છે: મોદીનો રાહુલ પર કટાક્ષ

રાહુલ ગાંધીના દંડાનો જવાબ સૂર્ય નમસ્કારથી આપીશ: મોદી

માર ખાવા માટે પીઠ મજબૂત કરી લઈશ

લોકસભામાં પીએમ મોદીએ કરેલા લાંબા સંબોધનમાં ઉપમી મિનિટે રાહુલ ગાંધીનો ઉલ્લેખ થયો હતો. પીએમ મોદીએ રાહુલ ગાંધીનુ નામ લીધા વગર કહ્યુ હતુ કે, મારા માટે કહેવામાં આવ્યુ છે કે, છ મહિનામાં લોકો મને ડંડાથી મારશે એટલે મેં પણ નક્કી કર્યુ છે કે, છ મહિનામાં સૂર્યનમસ્કાર કરીને મારી પીઠ મજબૂત બનાવીશ એટલે મને ડંડાની કોઈ અસર ના થાય. પીએમ મોદીએ કહ્યું છેલ્લા ૨૦ વર્ષથી ગાળો ખાવાની આદત પડી ગઈ છે. રાહુલ પર ટોણો મારતા કહ્યું કે, ૩૫ મિનિટથી બોલી રહ્યો છું પણ હવે જઈને કરંટ લાગ્યો છે.



કોંગ્રેસના માર્ગે જૂની રૂઢિ પ્રમાણે ચાલ્યા હોત તો આર્ટિકલ ૩૭૦,રામ મંદિર,ત્રિપલ તલાક,સીડીએસની નિયુક્તિ,લડાકુ વિમાન દેશને મળ્યા ન હોત,વિપક્ષ માટે ગાંધીજી ટ્રેલર હોઈ શકે છે,છે,અમારા માટે તો જીવન છે

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવ અંગે થયેલી ચર્ચાના જવાબમાં કોંગ્રેસ, નાગરિકતા કાયદાનો વિરોધ કરનારાઓ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના વિશે કરેલી ટીપ્પણી,સિખ રમખાણો વગેરે.ના મુદ્દે રાજકિય પ્રહારો કરીને સણસણતા ચાબખા માર્યા હતા. અને એક તબક્કે રાહુલ માટે પરોક્ષ રીતે ટ્યુબલાઈટ સાથે સરખામણી કરીને વ્યંગ કર્યો હતો કે જેમ ટ્યુબલાઈટને સળગવા માટે કરંટ લાગતાં વાર લાગે તેમ રાહુલને મારી વાત સમજવામાં વાર લાગે છે..." બેકારીના મુદ્દે યુવાનો મોદીને ડંડા મારશે એવી રાહુલની ટીપ્પણીના જવાબમાં મોદીએ રાહુલે જવાબ આપ્યો કે વાંધો નહીં ડંડા ખાવાની સહનશક્તિ વધારવા તેઓ સૂર્ય નમસ્કારની સંખ્યા વધારીને પોતાની પીઠ મજબૂત કરશે. પણ મારી નિંદા કરવાનું કામ કરતાં કોંગ્રેસ અને અન્ય વિરોધીઓને તેમની નિંદાત્મક બેકારી દૂર કરવાનું કામ હું નહીં કરૂ... પીએમ મોદીએ એવુ અવલોકન કર્યું કે કોંગ્રેસ માટે મુસ્લિમ સમુદાયનો માણસ માત્ર મુસ્લિમ છે પરંતુ અમારા માટે પ્રત્યેક મુસ્લિમ હિન્દુસ્તાની અને ભારતીય છે. નાગરિકતા કાયદો કોઈનું નાગરિકત્વ ઝીનવી લેવા માટે નથી પણ નાગરિકતા આપવા માટે છે એવો ફરીએક વાર ખુલાસો સંસદમાં કર્યો હતો. ભારતના ભાગલા માટે તેમણે કોંગ્રેસને જવાબદાર ઠેરવીને કહ્યું કે કોઈને વડાપ્રધાન બનાવવા માટે દેશ પર રેખા ખેંચવામાં

અનુસંધાન પાના નં. ૭

વડાપ્રધાન પાકિસ્તાન પર વાત કરે છે પણ બેરોજગારીના મૂળ મુદ્દે ચૂપ છે

મોદીની શૈલી દેશના મૂળ મુદ્દાઓને વિચલિત કરવાની: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશમાં બેરોજગારી જેવા મૂળ મુદ્દાઓ પર ચૂપ રહેવા બદાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડેહાથ લીધા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે વાડપ્રધાન મોદી જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનની વાત કરીને લોકોનું ધ્યાન ભટકાવી રહ્યા છે અને મૂળ મુદ્દા જેમ કે બેરોજગારી વગેરે પર ચૂપ રહે છે. લોકસભમાં રાષ્ટ્રપતિના અભિભાષણના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નરેન્દ્ર મોદીના સંબોધન બાદ રાહુલે પીએમ પર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, હાલમાં દેશની સૌથી મોટી સમસ્યા બેરોજગારી તેમજ અર્થતંત્ર છે, જે અંગે મોદી કંઈજ બોલી રહ્યા નથી.

'દેશના તમામ યુવનો તેમના શાળા, કોલોજ યુનિવર્સિટીના અભ્યાસ બાદ રોજગારી ઈચ્છે છે. અમે વડાપ્રધાનને વારંવાર જણાવ્યું છે કે તમે દોઢ કલાક ભાષણ આપો છો અને તેમાં ફક્ત બે મિનિટ માટે તમે યુવાઓને રોજગારી વિશે તમારી સરકારે શું કર્યું તે અંગે વાત કરો,' તેમ રાહુલે જણાવ્યું હતું.

સત્તા-શક્તિના દુરુપયોગ મામલામાંથી ટ્રમ્પ મુક્ત,માત્ર ચાર મતથી બચી ગયા

મહાભિયોગ પ્રસ્તાવ : ટ્રમ્પની મોટી જીત,સેનેટે નિર્દોષ જાહેર કર્યા

- **સેનેટે સત્તાનો દુરુપયોગના આરોપને ૫૨-૪૮ના અંતરથી કોંગ્રેસની કાર્યવાહી કરવાના આરોપને ૫૩-૪૧ વોટના અંતરથી ફગાવી દીધા**
- **મહાભિયોગના સંકટથી બચનાર ટ્રમ્પ અમેરિકન ઈતિહાસના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા**



ત્રણ સદીમાં ૩ રાષ્ટ્રપતિઓ પર મહાભિયોગ

અમેરિકાના ૨૪૩ વર્ષોના ઈતિહાસમાં ત્રીજી વખત હતું, જ્યારે કોઈ રાષ્ટ્રપતિ પર મહાભિયોગની કાર્યવાહી થઈ હતી. ૧૯મી સદીમાં એંડ્રયૂ જોનસન, ૨૦મી સદીમાં બિલ ક્લિન્ટન પર મહાભિયોગ ચલાવ્યો હતો. ૨૧મી સદીમાં ટ્રમ્પ પર મહાભિયોગની કાર્યવાહી થઈ હતી. જેનાથી પૂર્વ જે બન્ને રાષ્ટ્રપતિઓ પર મહાભિયોગ ચલાવાયો હતો, તે બીજા કાર્યકાળમાં ચલાવાયો હતો, જ્યારે ટ્રમ્પ પર તેમના પહેલા જ કાર્યકાળમાં મહાભિયોગ ચલાવાયો છે.

વૉશિંગ્ટન

અમેરિકાની સંસદના ઉપલા ગૃહ સેનેટે બુધવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને માહભિયોગના તમામ આરોપમાંથી મુક્ત કરી દીધા છે. તેમના પર સત્તાના દુરૂપયોગ કરવાનો તેમજ કોંગ્રેસ (અમેરિકન સંસદ)ના કામમાં અડચણ ઉભી કરવાનો આરોપ હતો. સેનેટમાં રિપબ્લિકન્સ (ટ્રમ્પના પક્ષ)નો બહુમત છે. સત્તાના

અનુસંધાન પાના નં. ૬

આરબીઆઈનો મોટો નિર્ણય: હવે સરળતાથી ચેક ક્લિયર થશે

ન્યુ દિલ્હી

ભારતીય રિઝર્વ બેંકે મોનિટરી પોલીસી કમિટિની બેઠકમાં મોટો નિર્ણય લીધો છે, જેનાથી બેંક ગ્રાહકોનો ફાયદો થશે. આરબીઆઈએ સારા અને સુરક્ષિત ચેક સિસ્ટમ, ચેક ટ્રાન્ઝેક્શન સિસ્ટમને સમગ્ર દેશમાં લાગૂ કરવાની જાહેરાત કરી છે. આ સંદર્ભમાં આરબીઆઈએ કહ્યું કે, સીટીએસથી ઘણો ફાયદો થયો છે. તેથી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી તેનો ઉપયોદ દરેક જગ્યાએ થશે.

જો તમે સીટીએસ એટલે કે ચેક ટ્રાન્ઝેકશન સિસ્ટમવાળા ચેકનો ઉપયોગ કરો છો તો તમારુ કામ જલ્દી પતી જશે. આ સુરક્ષિત આર્થિક લેવડ-દેવડની પ્રક્રિયા

અનુસંધાન પાના નં. ૭

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ટ્રમ્પના ભારત પ્રવાસ પહેલા અમેરિકાએ ધાર્મિક સ્વતંત્રતા લઈને ચિંતા જાહેર કરી

પાકિસ્તાનમાં હિન્દુઓને નિશાન બનાવવામાં આવે છે: અમેરિકા

દુનિયાના ૧૦માંથી ૮ નાગરિકોને ધાર્મિક સ્વતંત્રતા નથી,ઈરાકમાં યજીદી, પૂર્વોત્તર નાઈજિરીયામાં ખ્રિસ્તી અને બર્મામાં મુસલમાનોને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે

વૉશિંગ્ટન

અમેરિકાના વિદેશમંત્રી માઈક પોમ્પિયોએ બુધવારે કહ્યું કે વિશ્વના ૧૦માંથી ૮ નાગરિક સ્વતંત્ર થઈને તેમના ધર્મનું પાલન નથી કરી શકતા. અમે આતંકવાદીઓ અને હિંસક કટ્ટરવાદીઓની નિંદા કરીએ છીએ , જે ધાર્મિક અલ્પસંખ્યકોને નિશાન બનાવે છે. ઈરાકમાં યજીદી, પાકિસ્તાનમાં હિન્દુ, પૂર્વોત્તર નાઈજિરીયામાં ખ્રિસ્તી અને બર્મામાં મુસલમાન ને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.



આ પહેલા અમેરિકાએ ૨૭ દેશના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા ગઠબંધનના શરૂઆતની જાહેરાત કરી હતી. આ ગઠબંધનમાં સામેલ થનારા પ્રમુખ દેશોમાં ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, યુનાઈટેડ કિંગડમ, ઈઝરાયેલ, યૂક્રેન, નેધરલેન્ડ અને ગ્રીસ છે. આ દરમિયાન પોમ્પિયોએ કહ્યું-આ દુનિયાભારના લોકોની ધાર્મિક સ્વતંત્રતાની સુરક્ષા અને સંરક્ષણ માટે સામૂહિક દ્રષ્ટિકોણ અપનાવવાની કોશિષ કરશે. આ સમાન વિચારધારા વાળા લોકોનું એક ગઠબંધન છે જે દરેક લોકો માટે આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા માટે લડે છે.

પોમ્પિયોએ કહ્યું- દરેક લોકોને તેમની અંતરાત્મા અનુસાર જીવવાનો હક છે.

અનુસંધાન પાના નં. ૭

નિર્ભયા કેસના ચારેય દોષિતોને ફાંસીએ લટકાવવાના

દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકારતી કેન્દ્રની અરજી પર આજે સુપ્રિમમાં સુનાવણી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે નિર્ભયા રેપ કેસના તમામ ચારેય દોષિતોને ફાંસીએ લટકાવવાના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકારતી કેન્દ્રની અરજી પર આવતીકાલે સુનાવણી કરવાનું નક્કી કર્યું છે. કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટ દ્વારા નિર્ભયાના રેપ કેસના દોષિતોને ફાંસીએ લટકાવવા માટે સ્ટેની માગને ફગાવી હતી અને ચારેય દોષિતોને એક સાથે જ ફાંસીએ લટકાવવા તેમજ દોષિતોને સાત દિવસમાં તમામ કાયદાકીય વિકલ્પો અપનાવવા આદેશ આપ્યો હતો.

કેન્દ્ર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજે સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ એન વી રમન્ના, સંજીવ ખન્ના અને કિષ્ના મુરારીની બેન્ચ સમક્ષ દિલ્હી હાઈકોર્ટના ઓર્ડરને પડકારતી અરજીની તાત્કાલિક સુનાવણી કરવાની માંગ કરી હતી.

નટરાજે જણાવ્યું કે, ચાર પૈકી ત્રણ દોષિતોની ક્યૂરેટિવ પિટિશન તેમજ દયા અરજી ફગાવી દેવામાં આવી છે તેમ છતા જેલ સત્તાધીશો તેમને ફાંસીએ લટકાવી શકે નહીં. જેને પગલે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અરજી પર તાત્કાલિક સુનાવણી હાથ ધરવા સુપ્રીમ કોર્ટને વિનંતી કરાઈ હતી. સુપ્રીમ કોર્ટ આ અંગે શુક્રવારે એટલે કે આવતીકાલે સુનાવણી હાથ ધરશે.

નીતિ સમીક્ષા બેઠકમાં રેપો રેટ ૫.૧૫ ટકાએ સ્થિર

ઝટકોઃ આરબીઆઈએ સતત બીજી વખત રેપો રેટ યથાવત્ રાખ્યો



• ડિસેમ્બરમાં ડુંગળી-શાકભાજીના વધતા ભાવને કારણે રિટેલ મોંઘવારી દર ૭.૩૫ ટકાએ

• આરબીઆઈ ૨૦૨૦-૨૧માં જીડીપી ગ્રોથ ૬ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો

મુંબઈ

રિઝર્વ બેંકે ચાવીરૂપ વ્યાજ દર રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આરબીઆઈએ ચાલુ નાણાંકીય વર્ષની અંતિમ ધિરાણ નીતિ સમીક્ષા બેઠકમાં રેપો રેટ ૫.૧૫ ટકા પર યથાવત રાખ્યો છે. સતત બીજી બેઠકમાં રેપો રેટ યથાવત રાખવામાં આવ્યો છે. આરબીઆઈએ આગામી નાણાંકીય વર્ષ (૨૦૨૦-૨૧)માં જીડીપી ગ્રોથ ૬ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. બીજી તરફ, રિવર્સ રેપો રેટ ૪.૯૦ ટકા પર બરકરાર છે. રિઝર્વ બેંકે CRR ૪ ટકા અને SLR ૧૮.૫ ટકા પર કાયમ રાખ્યા છે. આરબીઆઇ પર મોંઘવારીનું ઘણુ દબાણ છે. ડિસેમ્બરમાં ડુંગળી અને અન્ય શાકભાજીના વધતા ભાવને કારણે રિટેલ મોંઘવારી દર ૭.૩૫ ટકા પર પહોચી ગઇ છે. આ કેન્દ્રીય બેંકના ચાર ટકા ટાર્ગેટ (+૨ અથવા -૨)થી ઘણી વધુ છે. જોકે, નવો પાક આવ્યા બાદ રિટેલ મોંઘવારી દરમાં કમી આવી શકે છે. વર્તમાન નાણાકીય વર્ષની પ્રથમ છ માસિકમાં રિટેલ મોંઘવારી દર ૫.૧થી લઈને ૪.૭ ટકા રહેવાનું અનુમાન છે.

રિઝર્વ બેંકને આશંકા છે કે આગામી સમયમાં મોંઘવારી દરમાં ઘટાડો થશે નહીં. મૌદ્રિક નીતિ સમિતિના તમામ ૬ સભ્યોએ રેપો રેટમાં કોઇપણ ફેરફાર નહીં કરવાનો પક્ષ લીધો છે. રિઝર્વ બેંકે જણાવ્યું છે કે, અર્થવ્યવસ્થામાં સુસ્તી યથાવત છે, આર્થિક વિકાસ દર ધારણા કરતા ઓછો છે.

ફૂડ ઓઈલની કિંમતોમાં અસ્થિરતાને કારણે દૂધ અને દાળ જેવી વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. જેને ધ્યાનમાં રાખીને આરબીઆઈએ મોંઘવારી દરના અંદાજમાં વધારો કર્યો છે. આરબીઆઈએ જણાવ્યું છે કે, ચાલુ ત્રિમાસીકમાં નવા પાક આવવાને કારણે ડુંગળીના ભાવમાં ઘટાડો થઈ શકે છે.

આરબીઆઈના ગવર્નરે સરકારને સુચન કર્યું છે કે અર્થવ્યવસ્થા પર કોરોનાવાયરસની સંભવિત અસરને જોતા આકસ્મિક યોજના તૈયાર કરી લેવી જોઈએ. વાયરસનું ઈન્ફેક્શન ફેલાવવાને કારણે પ્રવાસીઓની અવર-જવર અને આંતરરાષ્ટ્રીય વેપારને અસર થશે. તેના કારણે જાન્યુઆરીના અંતમાં શેરબજારોમાં વેચવાલી થઈ અને ક્રુડના બજારોમાં પણ ઘટાડો જોવા મળ્યો.

આરબીઆઈના ગવર્નરે કહ્યું કે સરકારના સુચનો મુજબ નાના કારોબારીઓના લોનના રિસ્ટ્રકચરિંગના સમયને આગળ વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે વ્યાજ દરોને રેપો રેટ જેવા બહારના બેન્ચમાર્ક સાથે જોડવાથી લોકોને મૌદ્રિક નીતીનો ફાયદો મળી રહ્યો છે.

રિઅલ એસ્ટેટ સેક્ટર માટે બૂસ્ટર

મુદ્રાનીતિ બેઠકમાં આરબીઆઈએ સરકારની અરજીઓને ધ્યાને રાખીને રિયલ એસ્ટેટ સેક્ટરને રાહત આપવાની જાહેરાત કરી છે. રિયલ એસ્ટેટની કોમર્શિયલ રિયલ્ટી લોનમાં જો કંપની પરત ચૂકવણી નહિ કરી શકે તો ડિફોલ્ટ નહિ કરવામાં આવે. જો કંપનીઓ લોનની ચૂકવણીમાં નિષ્ફળ નીવડશે અને યોગ્ય કારણો હશે તો લોન અકાઉન્ટ બેંકો કે ધિરાણકર્તા દ્વારા ડાઉનગ્રેડ નહિ કરવાનો વિકલ્પ આપ્યો છે.

MSME માટે લોન રીસ્ટ્રકચરિંગની રાહત

આરબીઆઈએ અગાઉ આપેલ રાહતને ચાલુ રાખવાની જાહેરાત સાથે MSMEની લોન રીસ્ટ્રક્ચર કરવાની પરવાનગી આપી છે. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પુરી થયેલ એક વખતની લોન રીસ્ટ્રક્ચરિંગની યોજના લંબાવાઈ છે. દાસે કહ્યું કે MSMEની લોન વનટાઈમ રીકાસ્ટ યોજના ૩૧મી ડિસેમ્બર સુધી આગળ ધપાવાઈ છે.

MSMEની લોન બેંચમાર્ક સાથે જોડશે

સેન્ટ્રલ બેંકે અગાઉ બેંચમાર્ક રેટને રીટેલ અને કોર્પોરેટ લોન સાથે જોડીને એક અવિરત બેંકિંગ પ્રણાલીની શરૂઆત કરી હતી અને હવે આરબીઆઈએ આજે લઘુ-નાના અને મધ્યકદના દુકાનદારો, સ્ટાર્ટઅપ તેમજ MSMEની વ્યાખ્યા હેઠળ આવતા કારોબાર દ્વારા લેવાતી લોનને પણ બેંચમાર્ક ઈન્ડેક્સ સાથે જોડવાની જાહેરાત કરી છે. રીટેલ અને કોર્પોરેટ લોનનો પ્રયોગ સફળ રહેતા હવે MSMEને પણ વધતા-ઘટતા વ્યાજદરની સેવા આપાવની જાહેરાત કરવામાં આવી છે.

સરકારી બંગલા પર કબજો જમાવનારા નેતાઓ-અધિકારીઓને બહાર કાઢો

નેતાઓ બંગલો ખાલી ન કરે તો તેમને સામાન રસ્તા પર ફેંકી દો

ન્યુ દિલ્હી

દિલ્હીમાં ૫૭૬ સરકારી બંગલા પર રિટાયર્ડ અધિકારીઓ અને પૂર્વ સાંસદોના ગેરકાયદેસર કબ્જાને લઈ નારાજગી વ્યકત કરતાં દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને ખખડાવ્યું છે. કોર્ટે બે સપ્તાહની અંદર તેમને ખાલી કરવાનો આદેશ આપતા કહ્યું છે કે કબ્જાધારીઓ પાસેથી બાકી વસૂલાશે. કોર્ટે એટલા સુધી કહી દીધું કે જો કોઇ બંગલો ખાલી ના કરે તો બે સપ્તાહમાં તેમનો તમામ સામાન રસ્તા પર ફેંકી દેવામાં આવે.

ચીફ જસ્ટિસ ડી.એન.પટેલ અને જસ્ટિસ સી.હરિ શંકરે કહ્યું કે સરકાર તેમની પાસેથી બાકી પૈસા વસૂલે અને અત્યાર સુધીની રિકવરી શરૂ નહીં કરવાને લઇ કોર્ટે ખખડાવ્યા. તેમાંથી કેટલાંય લોકોએ બે-એક દાયકાથી પણ વધુ સમયથી કબ્જો જમાવી રાખ્યો છે અને તેના પર ૯૫ લાખ રૂપિયાથી વધુ બાકી છે.

કોર્ટે શહેરી વિકાસ અને આવાસ મંત્રાલયને કહ્યું કે જો કોઇ સરકારી આવાસમાં વધુ સમય સુધી રહે તો તમને તેમને હટાવા માટે ૫ વર્ષના પ્લાનની જરૂર તો નથી? અંદાજે ૬૦૦ બંગલા ખાલી કરવામાં આવ્યા નથી. તમે તેમની પાસેથી ઘર ખાલી કેમ ના કરાવ્યું? તેમને રિકવરી માટે અત્યાર સુધી કોઇ નોટિસ કેમ આપી નહીં?

કોર્ટે ટેક્સપેયર્સના પૈસાની બરબાદીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જો કોઇ સ્ટે નથી (કોઇ અન્ય કોર્ટમાંથી ખાલી કરાવાને લઇ) , તેઓ પોતે ઘર ખાલી કરતા નથી તો બે સપ્તાહમાં તેમનો બધો જ સામાન રસ્તા પર મૂકી દો. કોર્ટે કહ્યું કે ટેક્સપેયર્સના પૈસાથી તમે તેમને વર્ષોથી મફત ઘર, વીજળી અને પાણી આપી રહ્યા છે. કેટલાંક કિસ્સામાં ફાળવણી કરાયેલ લોકોનું મૃત્યુ થઇ ચૂકયું છે અને તેમના વારસદાર આ ઘરોમાં રહી રહ્યા છે. કોર્ટે તેને મંત્રાલયની અક્ષમતા ગણાવી. કોર્ટે એટલે સુધી કહ્યું કે તમારા અધિકારીઓનો તમારા સુસ્ત વલણ મિલીભગતની તરફ ઈશારો કરે છે અને આટલા લાંબા સમય સુધી મિલીભગત આઈપીસીની અંતર્ગત ષડયંત્ર છે.

તુર્કીમાં ભારે હિમપ્રતાપઃ ૩૮ લોકોના મોત,૫૩ લોકો ગુમ

અંકારા

પૂર્વી તુર્કીમાં ૨ દિવસમાં થયેલા ૨ હિમપ્રપાતમાં ૩૮ લોકોના મોત થયા છે, જ્યારે ૫૩ વ્યક્તિને ઈજા પહોંચી છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા પ્રમાણે હજુ પણ મોટી સંખ્યામાં લોકો બરફ નીચે દબાયેલા છે. ૪ ફેબ્રુઆરીના રોજ હિમપ્રપાતમાં એક મિની બસ દબાઈ ગઈ હતી. તે ઘટનામાં ૫ લોકોના મોત થયા હતા, ૮ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. ૫ ફેબ્રુઆરીના રોજ આ લોકોને બચાવવા અભિયાન ચાલી રહ્યું હતું તે સમયે ફરી વખત હિમપ્રપાત થયો હતો અને બચાવ દળના સભ્યો પણ તેમા દબાઈ ગયા હતા. બીજીવ ખતના હિમપ્રપાતમાં ૩૩ લોકોના મોત થયા છે.

સરકારની આપદા એજન્સી એએફએડીના મતે બચાવ ટુકડી મંગળવારે ઘટનામાં ફસાયેલા ૨ લોકોની તપાસ કરવા ગઈ હતી તે સમયે આ ઘટના બની હતી. સ્થાનિક લોકોએ પણ બચાવ કાર્યમાં મદદ કરી હતી. ગૃહપ્રધાન સુલેમાન સોયલુએ કહ્યું હતું કે ખૂબ જ ઠંડી હોવાને લીધે બચાવ ટૂકડીએ રાત્રીના સમયે કામગીરી અટકાવવી પડી હતી. બુધવારે સવારે ફરી વખત બચાવ કામગીરી શરૂ કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે લશ્કરના ખાસ વિમાન મારફતે ૭૫ સૈન્ય અધિકારીઓ અને બચાવકર્મચારીઓને અંકોરા મોકલવામાં આવ્યા છે.

ગયા મહિને ઈલાજિગના પૂર્વી પ્રાંતમાં ૬.૭ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.તેમાં ૪૧ લોકો માર્યા ગયા હતા અને ૬૦૦ કરતા વધારે લોકોને ઈજા પહોંચી હતી. આ અગાઉ પૂર્વોત્તર પ્રાંત ગુમુશાનેમાં ૨૦૦૯માં હિમપ્રપાતથી જીગનાના પહાડી વિસ્તાર પર ૧૧ પર્વતારોહીના મોત થયા હતા.

સૌથી સસ્તા દેશોની યાદીમાં ભારત ત્રીજા ક્રમાંક પર

સ્વિત્ઝરલેન્ડ દુનિયાનો સૌથી મોંઘો અને પાકિસ્તાન સૌથી સસ્તો દેશ

ન્યૂયોર્ક

યૂરોપીયન દેશ સ્વિત્ઝરલેન્ડ કે જેની જનસંખ્યા ફક્ત ૮૬ લાખની જ છે. તે દુનિયાના સૌથી મોંઘા દેશની યાદીમાં પહેલા ક્રમાંક પર છે. ૫૩.૬ લાખની વસ્તીવાળો દેશ નોર્વે બીજા ક્રમાંક પર અને ૩.૬૩ લાખની વસ્તીવાળો આઈસલેન્ડ આ યાદીમાં ત્રીજા ક્રમાંક પર છે. અમેરિકાની બિઝનેસ મેગેઝીન સીઈઓ વર્લ્ડની દુનિયાના ૧૩૨ દેશોનો સર્વે કરીને આ યાદી તૈયાર કરી છે.

સર્વે માટે મેગેઝીનના ત્રણ આધાર નક્કી કર્યા હતા. આ દેશોમાં રહેતા લોકોના મકાનના ભાડા, કરિયાણાની ચીજ-વસ્તુઓ અને રેસ્ટોરન્ટમાં ખાણી-પીણીની કિંમતોનો સમાવેશ થાય છે. વિશેષજ્ઞોએ કપડા, ટેક્સીનું ભાડું, ઈન્ટરનેટની કિંમતોનો પણ સમાવેશ કર્યો છે. આ અંતર્ગત મેગેઝીનને પોઈન્ટ્સના આધાર પર આ યાદી તૈયાર કરી છે. તેમાં સ્વિત્ઝરલેન્ડને સૌથી વધારે ૧૨૨ પોઈન્ટ્સ મળ્યા છે. પાકિસ્તાનને ૨૧.૯૮ જયારે ભારતને ૨૪.૫૮ પોઈન્ટ્સ મળ્યા છે. આ સર્વે તમામ ૧૩૨ દેશોના પાટનગરોમાં કરવામાં આવ્યો છે. આ માટે પાટનગરોની પ્રખ્યાત રેસ્ટોરન્ટ્સ અને પોશ વિસ્તારની કોલોનિઓને સામેલ કરવામાં આવ્યા છે. આ સર્વે કરવા પાછળનો હેતુ દુનિયામાં સતત વધી રહેલા બિઝનેસ ઈન્ડેક્સ પર પ્રકાશ પાડવાનો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે આ યાદીમાં મોટા અને પ્રતિષ્ઠિત દેશો પણ પાછળ રહી ગયા છે.

કેરળમાં ૧૫૩ અને દિલ્હીમાં કોરોના વાયરસના ૫ નવા શંકાસ્પદ દર્દી મળ્યા

કોરોના વાયરસઃ ચીનમાં અત્યાર સુધી ૫૬૩ લોકોના મોત

અત્યાર સુધી ૨૭ હજારથી વધુ લોકોને ઈન્ફેક્શન, હુબેઈમાં વધુ ૭૦ના મોત

બીજિંગ/ન્યુ દિલ્હી

ચીનના વુહાનથી શરૂ થયેલો કોરોના વાઈરસ હવે ભારતમાં પણ ફેલાવા લાગ્યો છે. કેરળમાં બુધવારે કોરોના વાઈરસના ૧૫૩ શંકાસ્પદ કેસ નોંધવામાં આવ્યા છે. તેમાંથી ૧૬ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્યોને તેમના ઘરમાં ઓબ્ઝર્વેશનમાં રાખી સારવાર શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત દિલ્હીમાં પણ ૫ નવા કોરોના વાઈરસના શંકાસ્પદ કેસ નોંધવામાં આવ્યા છે. ચીનમાં કોરોના વાઈરસના કારણે અત્યાર સુધી કુલ ૫૬૩ લોકોના મોત થયા છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ચીનમાં અત્યાર સુધી ૨૭,૩૭૮ લોકોને ઈન્ફેક્શન થયું હોવાનો ખુલાસો થયો છે. ચીનની બહાર હોંગકોંગ અને પેલેસ્ટાઈનમાં પણ ૧-૧ યુવકનું મોત થયું છે. ચીન વિદેશ મંત્રાલય પ્રમાણે ૨૧ દેશોમાંથી બેઈજિંગમાં ફેલાયેલી મહામારીને રોકવા અને નિયંત્રણમાં લેવા માટે ડોનેશન મળ્યું છે. સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસ ફેલાઈ રહ્યો છે. ડબલ્યુએચઓ આ વૈશ્વિક મહામારીને રોકવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

જોકે હજી સુધી કોરોના વાઈરસની કોઈ દવા શોધાઈ નથી. અમુક સ્વાસ્થય સંગઠન તે વિશે રિસર્ચ કરી રહ્યા છે. એચઆઈવી અને અન્ય અન્ટીવાઈરલ દવાઓના મિશ્રણથી અમુક સકારાત્મક પરિણામો આવી રહ્યા છે.

અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરે તાજેતરમાં ચીનની યાત્રા કરીને આવેલા અન્ય દેશના યાત્રીઓને તેમના ત્યાં આવવા પર પ્રતિબંધ લગાવ્યો છે. વિયતનામે પણ ચીનથી આવતી-જતી દરેક ફ્લાઈટ રદ કરી છે.

રામ મંદિર માટેના ટ્રસ્ટ સામે અયોધ્યાના સંત સમાજમાં ભભૂક્યો રોષ, આંદોલન કરશે

લખનૌ

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે સરકારે ટ્રસ્ટ બનાવવાની જાહેરાત કરે ગણતરીના કલાકો જ થયા છે અને અયોધ્યામાં સંત સમાજે આ ટ્રસ્ટનો વિરોધ પણ શરુ કરી દીધો છે.

ટ્રસ્ટમાં રામ જન્મભૂમિ ન્યાસના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલદાસને જગ્યા મળી નથી.આનાથી તેઓ નારાજ છે. તેમણે કહ્યુ હતુ કે, અમારા દિગમ્બર અખાડાએ રામ મંદિરમાટેની દરેક લડાઈ લડી છે. આ આંદોલન માટે અમે આખી જિંદગી લગાડી દીધી છે પણ ટ્રસ્ટમાં મને કે અમારા અખાડાને જગ્યા અપાઈ નથી. આ અયોધ્યાવાસીઓનુ અપમાન છે.

બીજી તરફ દિગ્મ્બર અખાડાના મહંત સુરેશ દાસે કહ્યુ હતુ કે, સંતોની બેઠકમાં ટ્રસ્ટના વિરોધ માટેની આગામી રણનીતિ નક્કી કરાશે.

મહંત નૃત્ય ગોપાલ દાસના ઉત્તરાધિકારી કમલ નયન દાસનુ કહેવુ છે કે, અમે આ ટ્રસ્ટને માનવા માટે તૈયાર નથી. આ ટ્રસ્ટમાં વૈષ્ણવ સમાજના સંતોનુ અપમાન કરાયુ છે. તેમણે ગૃહ મંત્રી અમિત શાહ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યુહ તુ કે, ટ્રસ્ટનો પૂરજોશથી વિરોધ કરાશે.

ટ્રસ્ટમાં સામેલ અયોધ્યા રાજપરિવારના મોહન પ્રતાપ મિશ્રા અંગે તેમણે કહ્યુ હતુ કે, તેઓ બસપામાંથી ચૂંટણી લડ્યા હતા. રામ મંદિર આંદોલન સાથે તેમને કોઈ લેવા દેવા નથી.

જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો નાબૂદ કરી મોદીએ 'ગંભીર' ભૂલ કરીઃ ઈમરાન ખાન

ઈસ્લામાબાદ

જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો નાબૂદ કરીને ભારતના વડા પ્રધાન મોદીએ ગંભીર ભૂલ કરી છે, તેવું પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાને બુધવારે કહ્યું હતું. પાક કબજા હેઠળના કાશ્મીરના મુઝફ્ફરાબાદની વિધાન પરિષદને સંબોધન કરતા ઈમરાન ખાને કહ્યું કે "મોદીએ ગંભીર ભૂલ કરી છે, જેમાંથી તેઓ હવે પીછેહઠ નહીં કરી શકશે. ભારતને તેઓ જયાં લઈ ગયા છે ત્યાંથી તેઓ પીછેહઠ નહીં કરી શકશે. હિન્દુ રાષ્ટ્રવાદનું જીન બાટલીમાંથી બહાર કાઢવામાં આવ્યું છે, જેને પાછું અંદર નહીં મૂકી શકાય. દર વર્ષે પાંચમી ફેબ્રુઆરીએ કાશ્મીર સોલિડરીટી ડે મનાવીને પાકિસ્તાન કાશ્મીરી પ્રજાને સમર્થન જાહેર કરે છે.



મોદીએ પાંચમી ઑગસ્ટે જે પગલું ભર્યું છે તે પછી કાશ્મીરની મુક્તિનો માર્ગ મોકળો બન્યો છે તેવો મને ભરોસો છે. તેમણે આ માર્ગ અપનાવ્યો ન હોત તો વિશ્વમાં કાશ્મીરના મુદ્દાને મોટા પાયા પર દર્શાવવાનું શક્ય ન હતું, તેવું ઈમરાન ખાને કહ્યું હતું.

પાકિસ્તાનને હરાવવા ભારતીય સૈન્યને સપ્તાહ-દશ દિવસથી વધુ સમય નહીં લાગે તેવા મોદીના નિવેદનની ઈમરાન ખાને ટીકા કરી હતી. કોઈ શાણો માનવી આવું કેવી રીતે કહી શકે તેવો તેમણે પ્રશ્ન કર્યો હતો.

કાશ્મીરથી વિશ્વનું ધ્યાન બીજે હટાવવાની ભારતને તક આપવી નહીં જોઈએ તેવું ઈમરાન ખાને કહ્યું હતું. કાશ્મીરને મુક્ત કરવાની લડત રાજકીય અને રાજદ્વારી છે તેવું કહેતા ઈમરાન ખાને કહ્યું કે "ભારતે ઊભા કરેલા ટ્રેપમાં પાકિસ્તાને ફસાવવું જોઈએ નહીં. કાશ્મીરના પ્રશ્ન અંગે મેં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને ત્રણ વાર સમજાવ્યું છે તેવું ઈમરાન ખાને કહ્યું હતું.

બાઈક ખરીદનારાને મફત હેલ્મેટ આપીશું: રાજસ્થાન સરકાર

જયપુર

બાઈક ખરીદનારા લોકોને મફત હેલ્મેટ આપવાની જાહેરાત રાજસ્થાનની કોંગ્રેસ સરકારે કરી હતી. ઓટોમોબાઈલ ડીલર્સ અને ખાસ તો ટુ વ્હીલર્સના રિટેલર્સ સાથે એક બેઠક યોજાયા બાદ રાજય સરકાર વતી વાહન વ્યવહાર પ્રધાન પ્રતાપ સિંઘ ખાચરિયાવાસે આ જાહેરાત કરી હતી. ખાચરિયાવાસે મિડિયાને કહ્યું કે સડક પરના અકસ્માતોમાં મોટે ભાગે ટુ વ્હીલર્સ ચલાવનારાના જીવ જાય છે. એવા અકાળ મૃત્યુ રોકવાના મુદ્દાને રાજ્ય સરકારે અગ્રતા આપી હતી. એ નીતિના એક ભાગ રૂપે ટુ વ્હીલર ખરીદનારાને રાજ્ય સરકાર એક હેલ્મેટ મફત આપશે. આ હેલ્મેટ સારી ગુણવત્તા ધરાવતી કંપનીની હશે એવી પણ તેમણે જાહેરાત કરી હતી.

હિન્દુ મહાસભા અધ્યક્ષની હત્યા બીજી પત્ની અને તેના બોયફ્રેન્ડે કરી હોવાનો ખુલાસો

લખનૌ

લખનૌમાં હિન્દુવાદી નેતા રંજીત બચ્ચનની હત્યા તેમની બીજી પત્ની અને તેના બોયફ્રેન્ડે કરી હોવાનો ઘટસ્ફોટ પોલીસે કર્યો છે.

પોલીસે બંનેની ધરપકડ કરી છે. સ્મૃતિ રંજીતની બીજી પત્ની છે. બંને વચ્ચે છુટાછેડાનો મામલો ચાલી રહ્યો હતો. જેનો ઉકેલ આવી રહ્યો નહોતો. જેનાથી પરેશાન સ્મૃતિએ તેના બોયફ્રેન્ડ સાથે મળીને રંજીત બચ્ચનની હત્યાનુ કાવતરૂ રચ્યુ હતુ.

સ્મૃતિ રંજીત બચ્ચનથી અલગ રહેતી હતી. બંને વચ્ચેનો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જોકે તેના પર નિર્ણય નહી આવી રહ્યો હોવાથી તે તેના બોયફ્રેન્ડ સાથે લગ્ન કરી શકી નહોતી.

એ પછી તેણે રચેલા કાવતરાના ભાગરૂપે બાઈકસવાર હુમલાખોરોએ એક ફેબ્રુઆરીએ રંજીત બચ્ચનની હત્યા કરી નાંખી હતી. જોકે હિન્દુવાદી નેતા હોવાના કારણે અને સીએએ તરફી નિવેદનો આપ્યા હોવાના કારણે આ કેસ પોલીસ માટે પડકાર જનક બની ગયો હતો.

પોલીસે આ કેસ ઉકેલવા માટે ૭૦ થી વધારે સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

રાજનીતિમાં બાહુબલી અને ધનબળીની વાત નવી નથી

અપરાધિક છાપ ધરાવતા નેતાઓને ચૂંટણી લડવાથી રોકવાના તમામ પ્રયાસો ફરી એકવાર નિષ્ફળ રહ્યા છે. બાહુબલી અને ધનબળીની બોલબાલા સ્પષ્ટપણે દેખાઈ રહી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી મેદાનમાં ઉતરેલા ઉમેદવારોના આંકડાને જોઈને આ બાબતનો અંદાજ લગાવી શકાય છે. એડીઆરના મુલ્યાંકનમાં ફરી એકવાર કેટલીક બાબત સપાટી પર આવી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૩૫ ટકા ઉમેદવાર અપરાધિક પ્રવૃતિના છે. ૩૬ ટકા ઉમેદવારો કરોડપતિ છે. કુલ ચૂંટણી મેદાનમાં રહેલા ૬૭૨ ઉમેદવારો પૈકી ૧૦૪ ઉમેદવારો સામે ગંભીર પ્રકારના ગુના રહેલા છે. હેરાનીની બાબત એ છે કે ચૂટણી મેદાનમા ઉતરેલા આ ઉમેદવારની પ્રચાર સામગ્રીમાં પણ ઈમાનદાર અને સ્વચ્છ છાપ લખીને આવે છે. રાજનીતિમાં બાહુબલી અને ધનબળીની વાત નવી નથી. વર્ષોથી આ બાબત રાજનીતિમાં જોવા મળે છે. અપરાધિક છાપ ધરાવતા લોકોની સંખ્યા સતત વધી રહી છે. એડીઆર દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે વર્તમાન લોકસભામાં પણ ૪૩ ટકા સાંસદોની સામે અપરાધિક કેસ દાખલ કરવામાં આવેલા છે. તે પૈકી ૨૯ ટકાની સામે હત્યા, હત્યાના પ્રયાસ અને બળાત્કારના આરોપો રહેલા છે. સાથે સાથે અન્ય અપહરણના આરોપો પણ રહેલા છે. વાસ્તવિકતા એ છે કે દેશમાં રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી કરવા સાથે સંબંધિત કોઈ નીતિ બનાવી નથી. જેથી દાગીઓ અને કલંકિતો મેદાનમાં આવી રહ્યા છે. ચૂંટાઇ પણ રહ્યા છે. અપરાધિક છાપ ધરાવતા ઉમેદવારોને રોકવા માટે રાજકીય પક્ષોની કોઈ નીતિ નથી. હેરાન કરનાર બાબત પણ એ છે કે યોગ્ય, કુશળ અને સ્વચ્છ રાજનીતિ છાપ ધરાવતા લોકોને જ ટિકિટ આપવામાં આવનાર છે તેવો દાવો કરનાર પણ સૌથી આગળ છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે પણ મોટી સંખ્યામાં કલંકિતો મેદાનમાં રહેલા છે. ચૂંટણી પહેલા દરેક વખતે રાજકીય પક્ષો જોરશોરથી દાવો કરે છે કે તે કલંકિતો માટે પોતાના દરવાજાને બંધ રાખશે. પરંતુ જ્યારે વાત જીતાઉ ઉમેદવારની આવે છે ત્યારે તમામ બાબતોની અવગણવા કરવામાં આવે છે. દર વર્ષે એવા ઉમેદવારોની સંખ્યા વધી રહી છે જે અપરાધિક છાપ ધરાવે છે. આના માટે કેટલાક કારણો જવાબદાર છે. સાથે સાથે ઉદાસીનતા પણ દેખાઈ આવે છે. મતદારો માટે પણ આ મજબુરી છે કે ઈવીએમમાં નોટા અથવા તો તેમાંથી કોઈ નહીંના બટનના પૂર્ણ પ્રચાર કરવામાં આવ્યા નથી. જેથી મતદારો તેના પર ઠોકી બેસાડવામાં આવેલા અપરાધિક છાપ ધરાવતા ઉમેદવારો પૈકી કોઈને મત આપી દે છે. મતદારોને સાવધાનીપૂર્વક મતદાન કરવાની જરૂર દેખાઈ રહી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે તમો તૈયાર થઈ ગયો છે ત્યારે તમામ પક્ષો જીતવા માટેની રણનિતી સાથે આગળ વધી રહ્યા છે. રાજનીતિમાં કલંકિત ઉમેદવારો પર બ્રેક મુકવા માટેની રણનિતી ચૂંટણી પંચ બનાવે તે જરૂર છે. કેટલાક ધારાધોરણ રાખવામાં આવે તે જરૂરી છે. માત્ર દિલ્હીમાં જ નહીં બલ્કે દેશોના કોઈ પણ ભાગમાં જ્યારે પણ ચૂંટણી યોજાય છે ત્યારે કલંકિત ઉમેવારોના નામ સપાટી પર આવી જાય છે.

ભાજપના જલવાને જાળવી રાખવાનો નડ્ડાની સામે મોટો પડકાર

દુનિયાભરની નજર દિલ્હી ચૂંટણી પર




ભાજપના ચાણક્ય દ્વારા બનાવવામાં આવેલા માહોલને નડ્ડા કઈ રીતે જાળવી શકે છે તે બાબત પર નજર: દિલ્હી જીત મુશ્કેલરૂપ રહેશે

શાહીન બાગ અસર કરશે

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે આજે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો છે. હવે ઘેર ઘેર જઈને જ પ્રચાર કરી શકાશે. આ વખતે દિલ્હી ચૂંટણીમાં કેટલાક મુદ્દા મુખ્ય રીતે છવાયેલા રહ્યા હતા. જેમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દો શાહીનબાગનો રહેલો છે. સીએએની સામે ડિસેમ્બર મહિનાથી જ અહીં વિરોધ પ્રદર્શન જારી છે. રસ્તાને ૪૦-૫૦ દિવસથી રૂઢીવાદી લોકો બંધ કરીને દેખાવો કરી રહ્યા છે. કોઈને પ્રવેશ કરવાની મંજુરી આપી રહ્યા નથી. પોલીસ પણ લાચાર બનેલી છે. આ મુદ્દાને તમામ પક્ષો પોત પોતાની રીતે ચગાવી રહ્યા છે. જેમાં ભારતીય જનતા પાર્ટી આ મુદ્દાને વધારે જોરદાર રીતે ઉઠાવી રહી છે. ધ્રુવીકરણનો લાભ ભારતીય જનતા પાર્ટીને મળશે કે કેમ તેની ચારેબાજુ ચર્ચા છે. શાહીન બાગ દરણા પ્રદર્શનનો મામલો દિલ્હીની પ્રજાની વચ્ચે તમામ જનહિતના મુદ્દા પર જોરદાર રીતે હાવી છે. ભારતીય જનતા પાર્ટીએ આ મુદ્દાનો જોરદાર રીતે ઉપયોગ પણ કર્યો છે. તેને એવુ લાગે છે કે શાહીન બાગ સંયોગ તેને સત્તા અપાવવામાં મદદરૂપ બની શકે છે. શાહીન બાગ અને બજેટની કેટલી અસર થશે તે તો આઠમી ફેબ્રુઆરીના દિવસે મતદાન બાદ જ જાણી શકાશે. આમ આદમી પાર્ટીને સત્તામાંથી દુર કરવા માટે ભારતીય જનતા પાર્ટીએ પૂર્ણ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પ્રચાર દરમિયાન કહી ચુક્યા છે કે શાહીન બાગ પ્રદર્શન નહીં બલ્કે પ્રયોગ છે. અહીં દેશની સામે કાવતરના ઘડવામાં આવી રહ્યા છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ પોતે પોતાની શૈલી મુજબ જોરદાર મહેનત કરી રહ્યા છે. ઘરે ઘરે જઈને વોટરોનો સંપર્ક અમિત શાહ કરી ચુક્યા છે. માહોલને ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં કરવા માટે પાર્ટીના કાર્યકરોએ તમામ તાકાત લગાવી દીધી છે. જેપી નડ્ડાના માર્ગને સરળ કરવામાં મોદી અને અમિત શાહ દિલ્હીમાં જોરદાર મહેનત કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણીમાં તમામ સાતેય સીટ ભારતીય જનતા પાર્ટીએ જીતી હતી. શાહીન બાગ ધ્રુવીકરણ કરશે તે બાબત તો ચોક્કસપણે દેખાઈ રહી છે. દિલ્હીમાં એએપીની સ્થિતી પણ મજબુત રહી છે.

અમિત શાહે બારતીય જનતા પાર્ટીને એક પછી એક રાજ્યોમાં ભવ્ય જીત અપાવી હતી. હવે નડ્ડાની સામે પણ આવા પડકારો રહેલા છે. દેશની ઉથલપાથલ ભરેલી રાજનીતિમાં નડ્ડાની સામે ભાજપ શાસિત રાજ્યોમાં સત્તા ટકાવી રાખવા માટેની પણ કસોટી છે. નડ્ડા માટે આ બાબત ચિંતાજનક રહી છે કે રીતે રાજ્યોમાં હાલમાં ચૂટણીમાં સર્જિકલ સ્ટ્રાઇકના જોશ, ત્રિપલ તલાક, કલમ ૩૭૦ અને રામ મંદિર નિર્માણના નિર્ણય છતા તેના નક્કર પરિણામ મળ્યા નથી. ભારતીય જનતા પાર્ટીને જીત તો મળી છે પરંતુ અપેક્ષા મુજબની જીત મળી નથી. સીએએ અને એનઆરસી જેવા જવલંત મુદ્દા છતાં સામાન્ય મતદારોને હવે રોજી રોટીની ચિંતા સતાવી રહી હોવાની વિગત ખુલી રહી છે. આ મુદ્દો પાર્ટી માટે ચિંતાનો મામલો હોઈ શકે છે. આ મુદ્દાનો સમય રહેતા ઉકેલ શોધી કાઢવામાં આવે તે જરૂરી છે. ૨૦મી જાન્યુઆરીના દિવસે વિશ્વની સૌથી મોટી પાર્ટીના પ્રમુખ તરીકેની જવાબદારી તેમને સર્વસંમતિથી સોંપી દેવામાં આવી હતી. એમ તો રાજનીતિ સતત ચાલનાર એક પ્રક્રિયા તરીકે છે. તે ક્યારેય કોઈની રાહ જોતી નથી. તે પગલેને પગલે પરીક્ષા લેતી રહે છે. દિલ્હી ચૂંટણી બાદ પણ વર્ષ ૨૦૨૦માં યોજાનાર આગામી ચૂંટણી પણ તેમના માટે પડકારરૂપ રહેશે. વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં મોદી અને શાહની જોડીએ જાદુ જગાવ્યો હતો અને પ્રચંડ બહુમતિ મેળવી લીધી હતી. જો કે રાજયસ્તર પર પ્રજાની પ્રદેશ સ્તરની નારાજગીના કારણે તેને સતત નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. જેને રોકવાની કસોટી તેમની સામે છે. દિલ્હી ચૂંટણી બાદ બિહાર અને બંગાળમાં તેમની રાજકીય કુશળતાની કસોટી થનાર છે. પ્રદેશ સ્તરના નેતાઓના કારણે રાજયમાં ગઠબંધન ધર્મને જાળવી રાખવા માટે પણ તેમની સામે પડકારરૂપ રહેનાર છે. જેપી નડ્ડા રાજ્યોમાં સાથી પક્ષો સાથે સારા સંબંધ જાળવી રાખીને પાર્ટીને કેટલી સફળતા અપાવે છે તે બાબત ઉપયોગી રહેનાર છે. જે રીતે દેશમાં હાલના દિવસોમાં સીએએ અને એનઆરસીને ભાજપની સામે હથિયાર તરીકે બનાવીને તમામ વિપક્ષી દળોની આક્રમક નીતિ આવી છે તેમાં નડ્ડાને વિશ્વાસ જગાવીને લોકોને પાર્ટીની તરફેણમાં કરવાની કસોટી છે. નડ્ડાને એવી પાર્ટીની જવાબદારી મળી છે જે પાર્ટીને અમિત શાહે દિન રાત મહેનત કરીને મોદીના જાદુઇ નેતૃત્વના દમ પર દુનિયાની સૌથી મોટી પાર્ટી બનાવી હતી. આજે પણ અમિત શાહની મહેનતના કારણે ભારતીય જનતા પાર્ટીએ ૧૬ રાજ્યોમાં ગઠબંધનની સાથે સત્તા જાળવી રાખી છે...

શરજીલ : ઝેરી વિચારધારા કારોબાર



વિરોધ કરવાના અધિકાર તો તમામને છે પરંતુ સામાન્ય લોકોને નુકસાન ન થાય, સંપત્તિને નુકસાન ન થાય તે જરૂરી છે : વિભાજનની વાત ન થાય

શાહીન બાગ અને શરજીલ ઈમામની ચર્ચા હાલમાં દેશમાં ચારેબાજુ જોવા મળી રહી છે.ય શરજીલની ધરપકડ કરવામાં આવી ચુકી છે. તેની પુછપરછ કરવામાં આવી રહી છે. તેની પાસેથી કેટલીક નવી વિગત ખુલી રહી છે. નાગરિક સુધારા કાનુનને લઈને દેશના જુદા જુદા ભાગોમાં દેખાવ અને વિરોધ પ્રદર્શન જારી છે ત્યારે શાહીન બાગ ખાતે દેખાવ અલગ રીતે નજરે પડે છે. નિષ્ણાંત લોકો તો પ્રશ્ન કરી રહ્યા છે કે જ્યારે નાગરિક સુધારા કાનુન દેશના લોકો માટે છે જ નહી તો વિરોધ કેમ છે. લોકો ગેરમાર્ગે કેમ દોરાયેલા છે. જ્યારે આ કાનુન તો શરણાર્થી લોકોને નાગરિકતા આપવા માટે લાવવામાં આવ્યુ છે ત્યારે આને લઇને વિરોધ કેમ છે. કોઈ પણ વિષય પર વિરોધ કરવાનો અધિકાર દરેકને છે. જો કે તેના પણ યોગ્ય તરીકા છે. આપના દ્વારા કરવામાં આવી રહેલા પ્રદર્શનના કારણે કોઈને કોઈ તકલીફ ન થાય તે બાબત પણ ધ્યાન લેવામાં આવે તે જરૂરી છે. જાહેર સંપત્તિને નુકસાન ન થાય તે પણ જરૂરી છે. શાહીન બાગમાં તો સ્થિતી જ અલગ પ્રકારની છે. અહીં તો દેશના હિસ્સાને કાપવાની વાત થઇ રહી છે. આસામને કાપીને ભારતથી અલગ કરવા માટેની વિચારધારા દેશ વિરોધી છે. આ વિચારધારાને સરકાર વિરોધી તરીકે ગણી શકાય છે. શાહીન બાગ હાલના સમયમાં પ્રદર્શન માટેના અખાડા તરીકે છે. શરજીલ ઈમામનુ નામ અહીં જ નિકળ્યુ છે. તે ઝેરી વિચારધારાને મંચ આપતા તેની સામે તપાસ ચાલી રહી છે. થોડાક દિવસ સુધી ફરાર રહ્યા બાદ તેની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની ઝેરી વિચારધારાના વિડિયો વાયરલ થયા બાદ હોબાળો થયો હતો. હોબળો થયા બાદ વાત કરવામાં આવી હતી કે અમારા કોઈ નેતા રહ્યા નથી. શરજીલ અમારો લીડર નથી અહીં કહેવામાં આવ્યુ હતુ કે શરજીલ સાથે કોઈ લેવાદેવા નથી. જો તે લીડર તરીકે ન હતો કે શાહીન બાગના લોકોએ તેને પકડીને પોલીસને કેમ સોંપી દીધો ન હતો. આસામના ટુકડા કરવાની વાત શરજીલે કરી હતી. જ્યારે તે આસામના ટુકડા ટુકડા કરવાની વાત કરી રહ્યો હતો ત્યારે ત્યાં હાજર રહેલા અલીગઢ બુદ્ધિજીવી લોકોને તેને પકડીને પોલીસને હવાલે કેમ કર્યો ન હતો. ચુપચાપ રીતે કોઈ ખતરનાક તત્વની વાત સાંભળવી તેને સમર્થન સમાન છે. બીજી બાજુ શરજીલની વાતથી સામે આવી કે ચિકેન નેક મુસ્લિમોના છે. કઈ રીતે તે પણ પ્રશ્ન થાય છે. સાફ છે કે તે હિન્દુ કે મુસ્લિમ કોઈના માલિકીના નહીં બલ્કે ભારતના છે. આ વિસ્તારને મુસ્લિમના કોઈ રીતે ગણી શકાય નહીં. જો તેની પાસે મુસ્લિમ વસ્તી છે તો તેને ભારતથી અલગ કરવાની બાબત કરવી યોગ્ય છે તે પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. જ્યાં મુસ્લિમ વસ્તી વધારે છે તે વિસ્તારને ભારતથી અલગ કરવાની વાત કરી શકાય છે તે પણ પ્રશ્ન છે. આ પ્રશ્ન માત્ર શરજીલથી નહીં બલ્કે તમામ લોકોને કરવામાં આવી શકે છે. શરજીલ જ્યારે આપ્રકારની વાત કરી રહ્યો હતો ત્યારે તમામ સાંભળી રહ્યા હતા. જો આ પ્રકારની માનસિકતા સાથે ઝેર દેશના અન્ય ભાગોમાં ફેલાશે તો શાંતિ જાળવી રાખવાની બાબત મુશ્કેલરૂપ બની જશે. આવી માનસિકતા ધરાવનાર લોકોને સમજી લેવાની જરૂર છે કે મોદી અથવા તો સરકાર ભારત નથી. સરકારનો વિરોધ કરી શકાય છે પરંતુ દેશની અખંડતાની સામે કોઈ નિવેદનબાજી કરવી ખતરનાક છે. આવા નિવેદન કરનારને સજા પણ ચોક્કસપણે થવી જોઈએ. ઈસ્લામિક રાષ્ટ્ર અથવા તો હિન્દુ રાષ્ટ્રના સપનાને મનમાંથી કાઢી દેવાની જરૂર છે. દશના હિસ્સાને કાપવાની વાત કરનારની સામને દેશના તમામ નાગરિકો ઉભા છે. જેથી આવી ઝેરી વિચારધારા જ્યાં દેખાય ત્યાં વિરોધ કરવામાં આવે તે જરૂરીછે. નાગરિક તરીકે દરેકની જવાબદારી પણ રહેલી છે. બિહારમાંથી હાલમાં શરજીલની ધરપકડ કરવામાં આવી હતી. તેની કેટલાક દિવસ સુધી શોધ ચાલ્યા બાદ તેને બિહારના જેહાનાબાદથી ધરપકડ કરી લેવામાં આવી હતી. તે પહેલા તેના ભઇની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી. તેના પરિવારના સભ્યોનો આરોપ છે કે તેને હેરાન કરવામાં આવી રહ્યો છે. તે કોઈ લુંટારા અને હત્યારા તરીકે નથી. બીજી બાજુ પોલીસ વ્યાપક શોધ બાદ તેની સુધી પહોંચી શકી છે. તે હાલમાં રિમાન્ડ પર છે.

ઝેરી વિચારધારા પાછળ ઉત્પાદક કોણ છે કે તેની ચર્ચા જારી

મંદિર માટે ટ્રસ્ટ બનાવવાની જાહેરાત સાથે માર્ગ મોકળો થયો છે...

રામ મંદિર નિર્માણની દિશામા

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કેન્દ્ર સરકાર આગળ વધીને ટ્રસ્ટની રચના કરી ચુકી છે : સભ્યોને વિચારીને જ મુક્યા હશે

અયોધ્યામાં રામમંદિર બનાવવાને લઈને કેન્દ્ર સરકારે એક મોટી જવાબદારી પૂર્ણ કરી લીધી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કેન્દ્રિય પ્રધાનમંડળે બુધવારના દિવસે રામમંદિર ટ્રસ્ટની રચના કરવાને લીલીઝંડી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે લોકસભામાં આ અંગે માહિતી આપતા કહ્યુ કે ટ્રસ્ટનુ નામ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર રાખવામાં આવ્યુ છે. વિવાદમુક્ત થયેલી જગ્યા સહિત અયોધ્યામાં સરકાર દ્વારા અધિગૃહિત ૬૭ એકર જમીન આ ટ્રસ્ટને આપી દેવામાં આવનાર છે. ૧૯૯૨માં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવ્યા બાદ જ્યારે વિવાદ વધી ગયો ત્યારે ૧૯૯૩માં અયોધ્યામાં વિવાદાસ્પદ સ્થળ સહિત આસપાસની આશરે ૬૭ એકર જમીનનુ કેન્દ્ર સરકારે અધિગ્રહણ કરી લીધુ હતુ. ત્યારબાદથી આ જમીન કેન્દ્ર સરકારની પાસે હતી. કેન્દ્ર દ્વારા રામ મંદિર ટ્રસ્ટને મંજુરી આપી દેવામાં આવ્યા બાદ ઉત્તરપ્રદેશની યોગી સરકારે અયોધ્યાથી આશરે ૨૨ કિલોમીટરના અંતરે રૌનાહીમાં સુન્ની વક્ફ બોર્ડને પાંચ એકર જમીન આપવાની જાહેરાત કરી દેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે નવેમ્બરમાં ચીફ જસ્ટીસ રંજન ગોગાઈના નેતૃત્વમા પાંચ જજની બેંચે સર્વસંમતિથી પોતાના ઐતિહાસિક નિર્ણયમાં વિવાદાસ્પદ જમીન પર રામલલાનો અધિકાર ગણાવ્યો હતો. સાથે સાથે આ જમીન રામમંદિર માટે આપી દીધી હતી. જ્યારે મુસ્લિમ પક્ષને અયોધ્યામાં જ મસ્જિદ બનાવવા માટે અન્યત્ર જમીન આપવાનો આદેશ કર્યો હતો. સાથે સાથે કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યુ હતુ કે રામ મંદિર માટે ત્રણ મહિનામાં એક ટ્રસ્ટની રચના કરવામાં આવે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ હવે કેન્દ્ર સરકારે ટ્રસ્ટ રચવાને લીલીઝંડી આપી દીધી છે. સરકારે સુપ્રીમ કોર્ટના આદેશને અમલી કરીને મંદિર નિર્માણ માટેનો માર્ગ મોકળો કરી દીધો છે. જો કે કેટલીક દુવિધા હજુ પણ અકબંધ રહેલી છે. સરકારે ટ્રસ્ટમાં રહેલા સભ્યોના નામ હજુ સુધી જાહેર કર્યા નથી. પરંતુ આશા રાખી શકાય છે કે વિચારીને જ સભ્યોની પસંદગી કરી હશે. હકીકતમાં સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યા બાદ જે રીતે પ્રમુખ સંતો અને સંબંધિતોમાં સંઘર્ષની સ્થિતી રહી હતી અને જે રીતે કેટલાક ગ્રુપ દ્વારા પોતાની દાવેદારી રજૂ કરી હતી. સાથે સાથે આરોપ પ્રતિ આરોપોનો દોર ચાલ્યો હતો. એમ લાગે છે કે મંદિરની સાથે અનેક પક્ષોની આશા જોડાયેલી છે. સાથે સાથે ટ્રસ્ટમાં પોતાની વધુને વધુ હિસ્સેદારી ઈચ્છે છે. જોવાલાયક બાબત એ છે કે રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્રમાં આ દાવેદારી વચ્ચે કેટલુ સંતુલન રહી શક્યુ છે. મંદિર નિર્માણ અને ત્યારબાદ તેના સંચાલન માટે સંતુલન અતિ જરૂરી છે. કેટલીક અડચણો મુશ્કેલ પક્ષની સાથે પણ રહેલી છે. ચુકાદો આવ્યા બાદ તરત જ સુન્ની વક્ફ બોર્ડના બે સભ્યોએ કહ્યુ હતુ કે મસ્જિદ માટે અલગ અલગ જગ્યા આપવામાં ન આવે. આજની તારીખમાં બોર્ડની સ્થિતી શુ છે તે અંગે માહિતી નથી. આ અંગે પણ માહિતી નથી કે યુપી સરકારે મસ્જિદ માટે જમીન નક્કી કરતી વેળા મુસ્લિમ પક્ષની માહિતી મેળવીછે કે કેમ. સારી બાબત એ રહેશે કે મસ્જિદ બનાવવા માટે ઈચ્છુક લોકોને પણ તેમની જમીન પસંદ પડે. આવુ થશે તો જ લાંબા સમયથી ચાલી રહેલા એક મોટા વિવાદનો સુખદ અંત થઈ શકે છે. રામમંદિર માટે એક સ્વાયત્ત ટ્રસ્ટ બનાવવાને લીલીઝંડી આપી દેવામાં આવી છે.

સંસદમાં આ અંગેની નરેન્દ્ર મોદીએ જાહેરાત કરીને તમામને ઉત્સાહથી ભરી દીધા હતા. તેમણે કહ્યુ હતુ કે તેમની સરકારે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ભવ્ય મંદિર નિર્માણ અને તેની સાથે જોડાયેલા અન્ય વિષય પર નિર્ણય કરવા માટે એક વિશાળ યોજના તૈયાર કરી લીધી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ એક સ્વાયત્ત ટ્રસ્ટ શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્રની રચના ના પ્રસ્તાવને પાસ કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યુ હતુ કે નવમી નવેમ્બરના દિવસે અયોધ્યાના મામલે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ દેશવાસીઓએ પરિપક્વતાનો પરિચય આપ્યો હતો. તેઓ તેમની પ્રશંસા કરે છે. અમારી સંસ્કૃતિ અમારી પરંપરા, વસુધૈવ કુટુમ્બકમના દર્શન કરાવે છે. સાથે સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. તેમણે કહ્યુ હતુ કે ભારતમાં દરેક પંથ હિન્દ, મુસ્લિમ, શિખ, ખ્રિસ્તી અથવા તો બૌદ્ધ, જૈન, પારસી તમામ એક વિસ્તૃત પરિવારના હિસ્સા તરીકે છે. અમે પરિવારના દરેક સભ્યોનો વિકાસ થાય તેમ ઈચ્છીએ છીએ. ૫મંદિર નિર્માણની દિશામાં હવે ઝડપથી આગળ વધવાના સંકેત મળી ચુક્યા છે.

ફિલ્મી ગપસપ...

ફિલ્મ 'મુંબઈ સાગા' અને 'લુડો'નો ફર્સ્ટ લુક રિલીઝ

મુંબઈ

ઈમરાન હાશ્મી આગામી ફિલ્મ 'મુંબઈ સાગા'માં એક્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટનો રોલ પ્લે કરી રહ્યો છે. ફિલ્મના ડિરેક્ટર સંજય ગુપ્તાએ ઈમરાનની તસવીરો શેર કરી હતી. ઈમરાન મુંબઈ પોલીસ યુનિફોર્મમાં ગન સાથે જોવા મળે છે અન્ય એક તસવીરમાં ઈમરાન પોલીસ કાર ચલાવે છે અને તેણે યુનિફોર્મ તથા એવિએટર સનગ્લાસ પહેર્યાં છે.




સંજય ગુપ્તાએ સોશિયલ મીડિયામાં ઈમરાન હાશ્મીની તસવીર શેર કરી છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને જહોન અબ્રાહમનો લુક શેર કરવામાં આવ્યો હતો. ફિલ્મમાં જહોન અબ્રાહમ ગેંગસ્ટરના રોલમાં છે. 'મુંબઈ સાગા' ૮૦ના દાયકાના ગેંગસ્ટર ડ્રામા પર આધારિત છે. સત્ય ઘટનાઓ પર આધારિત આ ફિલ્મમાં ઈમરાન હાશ્મી, સુનિલ શેટ્ટી, મહેશ માંજરેકર, કાજલ અગ્રવાલ, પ્રતિક બબ્બર જેવા કલાકારો છે.

ડિરેક્ટર અનુરાગ બાસુની નવી ફિલ્મ 'લુડો'માં અભિષેક બચ્ચન, રાજકુમાર રાવ, ફાતિમા સના શેખ, આદિત્ય રોય કપૂર તથા સનાયા મલ્હોત્રા છે. ફાતિમાએ હાલમાં જ ફિલ્મની એક તસવીર શેર કરી હતી. આ તસવીરમાં તે અને રાજકુમાર રાવ ઈ-ઓટોમાં બેઠા છે અને બંનેનો લુક ઘણો જ સિમ્પલ છે. ફાતિમ સલવાર કમિઝ તથા રાજકુમાર રાવ પ્રિન્ટેડ ટી-શર્ટ તથા પેન્ટમાં છે. ઉલ્લેખનીય છે કે અનુરાગ બાસુની કોમેડી એન્થોલોજીમાં ભારતના ચાર મેટ્રો શહેરની અલગ-અલગ સ્ટોરી બતાવવામાં આવશે. આ ફિલ્મ ૨૪ એપ્રિલે રિલીઝ થશે.

વાયરલ ફીવરને કારણે રીષિ કપૂર અઠવાડિયામાં બીજીવાર હોસ્પિટલમાં દાખલ

મુંબઈ

દિલ્હીની હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ રીષિ કપૂર મુંબઈ પરત ફર્યા હતાં અને તેમણે ટ્વિટર પર ટ્વીટ કરીને પોતે સાજા હોવાની વાત કરી હતી. જોકે, વાઈરલ ફીવરને કારણે રીષિ કપૂરને બીજીવાર મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૬૭ વર્ષીય રીષિ કપૂરને મંગળવાર (ચાર ફેબ્રુઆરી)ના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.



કપૂર ફેમિલીના નિકટના સૂત્રોના મતે, રીષિ કપૂરને સાઉથ મુંબઈની સર એચએન રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં છેલ્લાં બે દિવસથી વાઈરલ ફીવરને કારણે એડમિટ કરવામાં આવ્યા છે. હવે તેમને સારું છે અને ચિંતાનું કોઈ કારણ નથી.

રીષિ કપૂરનો દીકરો રણબીર કપૂર પિતાને હોસ્પિટલમાં માસ્ક પહેરીને મળવા જતો હોય તે તસવીર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે.

સાઉથ મેગાસ્ટાર વિજયના ઘરે રેડમાં અધધધ...૬૫ કરોડ કેશ મળ્યા

ચેન્નાઈ

એક કથિત ટેક્સ ચોરી મામલે સાઉથના મેગાસ્ટાર વિજય સાથે અધિકારીઓએ બુધવારે પૂછપરછ કરી છે. આ પૂછપરછ એક થિયેટર ફર્મ સાથે જોડાયેલ કથિત ટેક્સ ચોરી કેસમાં કરવામાં આવી છે. વિજય હાલમાં પોતાની ફિલ્મ માસ્ટરની શૂટિંગ કરી રહ્યા છે. માહિતી મુજબ આવકવેરા અધિકારી જણાવ્યા વિના જ ફિલ્મના સેટ પર પહોંચ્યા અને અભિનેતા સાથે ત્યાં જ આ બાબતે પૂછપરછ કરી. આ દરમિયાન થોડી વાર માટે ફિલ્મનુ શૂટિંગ પણ અટકી ગયુ.

જે માહિતી મળી રહી છે તે મુજબ આવકવેરા વિભાગ વિજય અને નિર્માતા અંબુની સંપત્તિઓ પર રેડ અને સર્વેક્ષણ કરી રહ્યા છે. રેડમાં લગભગ ૩૮ પરિસરોને કવર કરવામાં આવ્યા છે અને લગભગ ૬૫ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. હાલમાં આવકવેરાની રેડ ચાલુ છે. રિપોર્ટ્સ મુજબ ટેક્સ ચોરીની શંકા પર એજીએસ સિનેમાઝથી થતી રેડ અંગે માર્શલ એક્ટર વિજયની પૂછપરછ કરવામાં આવી રહી છે.

રાજમૌલિની ફિલ્મ 'RRR' ૮ જાન્યુઆરીએ રિલીઝ થશે

મુંબઈ

'બાહુબલી' ફેમ ડિરેક્ટર એસ એસ રાજમૌલિની અપકમિંગ ફિલ્મ 'આરઆરઆર'ની રિલીઝ ડેટમાં ફેરફાર થયો છે. અગાઉ આ ફિલ્મ આ વર્ષે જુલાઈમાં રિલીઝ થવાની હતી પરંતુ હવે આ ફિલ્મ આવતા વર્ષે ૨૦૨૧માં ૮ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં સાઉથ એક્ટર્સ, બોલિવૂડ એક્ટર્સની સાથે હોલિવૂડ એક્ટર્સ પણ સામેલ છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં જુનિયર એનટીઆર ઓપોઝિટ ઓલિવિયા મોરિસ છે. રામ ચરણની ઓપોઝિટ આલિયા ભટ્ટ છે. આ ફિલ્મથી આલિયા ભટ્ટ તેનું તેલુગુ ડેબ્યુ કરી રહી છે. આ ઉપરાંત અજય દેવગણ પણ સામેલ છે. આ સિવાય ફિલ્મમાં વિલનના રોલ માટે આઈરીશ એક્ટ્રેસ એલિસન ડોડીને પણ સામેલ કરવામાં આવી છે. ફિલ્મમાં તે વિલન લેડી સ્કોટના રોલમાં છે. બીજા વિલન સ્કોટના રોલ માટે રે સ્ટિવન્સનને કાસ્ટ કરવામાં આવ્યો છે.



આ પિરિયડ ડ્રામા ફિલ્મ બે ફ્રીડમ ફાઈટરની સ્ટોરી છે જે ૧૯૨૦ના બેકડ્રોપમાં સેટ થયેલી છે. ફિલ્મમાં જુનિયર એનટીઆર કોમારમ ભીમ અને રામ ચરણ અલ્લુરી સીતારામ રાજુની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મમાં આલિયા સીતાનો રોલ કરી રહી છે અને તે રામચરણની ઓપોઝિટ કાસ્ટ થયેલ છે. આ ૩૦૦ કરોડની બિગ બજેટ ફિલ્મમાં જુનિયર એનટીઆરના એન્ટ્રી સીન અને ઈન્ટ્રોડક્શન માટે જ માત્ર બજેટ ૨૨ કરોડ રૂપિયાનું છે. અજય દેવગણનો આ ફિલ્મમાં કેમિયો છે જેની એન્ટ્રી ફ્લેશબેકમાં થશે. તે રામચરણના પિતાના રોલમાં દેખાશે.

'અશ્વત્થામા' માટે વિકી કૌશલ કાવ મેગા-જુજુત્સુ માર્શલ આર્ટ્સ શીખશે

મુંબઈ

વિકી કૌશલની ફિલ્મ 'ભૂત પાર્ટ ૧: ધ હોન્ટેડ શિપ' ૨૧ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહી છે. વિકી આગામી ફિલ્મ 'તખ્ત'નું શૂટિંગ પણ શરૂ કરશે. હવે, ચર્ચા છે કે વિકી કૌશલ ચાર મહિના સુધી ફિલ્મ 'ધ ઈમ્મોર્ટલ અશ્વત્થામા' માટે સ્પેશિયલ ટ્રેનિંગ લેશે. સૂત્રોના મતે, વિકી કૌશલ મિક્સ માર્શલ આર્ટ્સ, ઈઝરાયેલ માર્શલ આર્ટ કાવ મેગા અને જાપાનીઝ માર્શલ આર્ટ્સ જુજુત્સુની ટ્રેનિંગ લેશે. આ ફિલ્મને 'ઉરી' ફેમ આદિત્ય ધર ડિરેક્ટ કરી રહ્યાં છે. વિકીએ 'તખ્ત' માટે ઘોડે સવારી શીખી છે અને આ બાબત 'અશ્વત્થામા'ના શૂટિંગ દરમિયાન કામમાં આવશે. આ ઉપરાંત વિકી તલવાર, ભાલો તથા બાણ ચલાવતા પણ શીખવાનો છે.

સાઉથની અભિનેત્રીઓએ રાજા રવિ વર્માનાં પ્રખ્યાત ચિત્રોને આબેહૂબ સજીવન કર્યાં

મુંબઈ

ખ્યાતનામ ફોટોગ્રાફર જી. વેંકટ રામે ૨૦૨૦ના વર્ષ માટે એક અનોખું કેલેન્ડર ડિઝાઈન કર્યું છે. આ કેલેન્ડરમાં દક્ષિણ ભારતની પ્રખ્યાત અભિનેત્રીઓ અને નૃત્યાંગનાઓને લઈને દિગ્ગજ ચિત્રકાર રાજા રવિ વર્માનાં ચિત્રોને સજીવન કરવામાં આવ્યાં છે. ફિલ્મમેકર મણિ રત્નમની પત્ની સુહાસિની મણિ રત્નમના એનજીઓ 'નામ' માટે આ અનોખું કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. આ લિમિટેડ એડિશન કેલેન્ડરમાં શ્રુતિ હાસન, રામ્યા કિશ્નન, ખુશ્બૂ, ઐશ્વર્યા રાજેશ, સામંથા અક્કિનેની, નાદિયા, લિઝી લક્ષ્મી જેવી અભિનેત્રીઓ અને પ્રિયદર્શીની ગોવિંદ, શોભના અને ચામુંડેશ્વરી જેવી નૃત્યાંગનાઓને સમાવવામાં આવી છે.

રમત જગત વિશેષ

વોર્ન-૧૧ની જગ્યાએ ગિલક્રિસ્ટ ૧૧ની ટીમ હવે પોન્ટિંગ-૧૧ સામે ટકરાશે

ઓસ્ટ્રેલિયામાં આગ : ચેરિટી મેચની તારીખ બદલાઈ, હવે ૧૦ ફેબ્રુઆરીએ રમાશે


મેલબોર્ન

ઓસ્ટ્રેલિયાના જંગલમાં લાગેલી આગથી પ્રભાવિત લોકોને મદદ કરવા માટેની ચેરિટી ક્રિકેટ મેચની તારીખ અને સ્થાન બદલવામાં આવ્યા છે. ૮ ફેબ્રુઆરીએ સિડનીમાં પોન્ટિંગ-૧૧ અને ગિલક્રિસ્ટ-૧૧ની મેચ હવે ૧૦ ફેબ્રુઆરીએ મેલબોર્નમાં રમાશે. સિડનીમાં ભારે વરસાદની સંભાવના હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખમાં ફેરફાર થતા શેન વોર્ન મેચમાં ભાગ લેશે નહીં. તેને ૧૦ ફેબ્રુઆરીએ પહેલેથી નિર્ધારિત કામ કરવાના છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ટ્વીટ કરીને આ અંગે જાણકારી આપી હતી. આ મેચને બુશફાયર ક્રિકેટ બેશનું નામ આપવામાં આવ્યું છે. પોન્ટિંગ-૧૧નો કોચ સચિન તેંડુલકર અને ગિલક્રિસ્ટ-૧૧નો કોચ ટિમ પેન છે. આ મેચ ૧૦-૧૦ ઓવરની રમાશે. ૫ ઓવર પાવરપ્લેની હશે. તારીખમાં ફેરફાર થતા વોર્ન ઉપરાંત ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર્સ-સ્ટીવ વો, માઈકલ ક્લાર્ક અને માઈક હસ્સી, વુમન પ્લેયર્સ હોલી ફરલીન્ગ અને ગ્રેસ હેરિસ અને રગ્બી લેજેન્ડ બ્રેડ ફિલ્ટર પણ ભાગ લેશે નહીં.



પોન્ટિંગ ૧૧ માટે જસ્ટિન લેન્ગર અને મેથ્યુ હેડનની આઈકોનિક જોડી ઓપનિંગ કરશે, જ્યારે પોન્ટિંગ ત્રીજા ક્રમે બેટિંગ કરશે. પોન્ટિંગ પછી વર્તમાન વુમન ક્રિકેટર એલિસ વિલાની, બ્રાયન લારા અને વુમન બિગ બેશથી જાણીતી થયેલી ફોબ લીચફિલ્ડ મિડલઓર્ડર સંભાળશે. તે ઉપરાંત દિગ્ગજ વસીમ અકરમ અને બ્રેટ લી ફાસ્ટ બોલિંગ ડિપાર્ટમેન્ટની જવાબદારી લેશે, ટીમમાં ડેન ક્રિશ્ચિયન ઓલરાઉન્ડર છે, જ્યારે બ્રેડ હેડિન વિકેટકીપિંગ કરશે. ફૂટબોલ લેજેન્ડ લુક હોજ પણ પોન્ટિંગ-૧૧નો ભાગ છે. બીજી તરફ ગિલક્રિસ્ટ ૧૧ માટે કમાન ગિલક્રિસ્ટ અને શેન વોટ્સન ઓપનિંગ કરશે. બ્રેડ હોજ ત્રીજા અને યુવરાજ સિંહ ચોથા ક્રમે બેટિંગ કરશે. ઓસ્ટ્રેલિયાની જ પૂર્વ મહિલા ક્રિકેટર એલેક્સ બ્લેકવેલ પાંચમા ક્રમે બેટિંગ કરશે. તેના પછી એન્ડ્રુ સાયમન્ડ્સ આવશે. ટીમમાં વિન્ડીઝના દિગ્ગજ કર્ટની વોલ્શ, ઓસ્ટ્રેલિયાનો પૂર્વ બોલર પીટર સિડલ જેવા ફાસ્ટર્સ છે. તે ઉપરાંત ટીમમાં પૂર્વ ફૂટબોલર નિક રિવોલ્ટ અને લેગ સ્પિનર ફવાદ અહેમદ છે. એક પ્લેયર હજી ઉમેરવામાં આવશે. ટેસ્ટ કેપ્ટન ટિમ પેન કોચ તરીકે ફરજ નિભાવશે.

લોકેશ રાહુલ '૩૬૦ ડિગ્રી' બેટ્સમેન છે : માંજરેકર



ન્યુ દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર અને કોમેન્ટેટર સંજય માંજરેકરે લોકેશ રાહુલે હેમિલ્ટન વનડેમાં રમેલી ૮૮ રનની અણનમ ઈનિંગ્સના વખાણ કર્યા છે. આ ઈનિંગ્સ દરમિયાન રાહુલે ૪૯મી ઓવરમાં જેમ્સ નીશમના બોલમાં સ્વિચ હિટમાં સિક્સ મારી હતી. આ શોટ જોઈને માંજરેકર પ્રભાવિત થયા અને કહ્યું કે, રાહુલ મિસ્ટર ૩૬૦ ડિગ્રી બેટ્સમેન છે. તેમના અનુસાર, રાહુલ એકમાત્ર એવો બેટ્સમેન છે જે દરેક પ્રકારના શોટ્સ રમે છે અને તેમ છતાં ક્લાસિકલ દેખાય છે.

કિવિઝ સામેની પ્રથમ વનડેમાં રાહુલ ફરી એકવાર મિડલઓર્ડરમાં બેટિંગ કરવા ઉતર્યો હતો. તેણે ૬૪ બોલમાં ૩ ફોર અને ૬ સિક્સની મદદથી અણનમ ૮૮ રન ફટકાર્યા હતા. તેની સ્ટ્રાઇક રેટ ૧૩૭.૫૦ની હતી. તેની ઈનિંગ્સ થકી ભારતે ૫૦ ઓવરમાં ૪ વિકેટે ૩૪૭ રન કર્યા હતા.

રાહુલે કિવિઝ સામેની ટી-૨૦ સીરિઝમાં શાનદાર બેટિંગ કરી હતી. ઓપનર તરીકે તેણે ૫ મેચમાં ૨ ફિફટી સહિત ૨૨૪ રન કર્યા હતા. તેણે છેલ્લી ૧૦ ઈનિંગ્સ (વનડે અને ટી-૨૦)માં પાંચ વાર પચાસનો આંકડો પાર કર્યો છે.

પૂર્વ ભારતીય ઓપનર ગૌતમ ગંભીરે તાજેતરમાં કહ્યું હતું કે, રાહુલ પાસેથી ઓપનિંગ ન કરાવવાનો વિચાર ખોટો છે. ટીમ મેનેજમેન્ટે લોકેશ રાહુલ અને મયંક અગ્રવાલ પાસેથી જ ઈનિંગ્સની શરૂઆત કરાવી જોઈએ.

૪ નેશન સિરીઝ માટે સૌરવ ગાંગુલી ઈંગ્લેન્ડ જવા રવાના થયા

લંડન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલી ૪ નેશન વનડે સિરીઝને લઈને ખુબ ગંભીર છે. આ કારણે સૌરવ ગાંગુલી ઈંગ્લેન્ડ માટે રવાના થયા છે, જ્યાં તે ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડના અધિકારીઓની સાથે વાત કરવાના છે. આ બેઠકમાં સૌરવ ગાંગુલીની સાથે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના અધિકારીઓ પણ સામેલ થઈ શકે છે.

ભારતમાં પ્રથમવાર ડે-નાઈટ ટેસ્ટ (પિંક બોલ ટેસ્ટ)નું આયોજન કરાવનાર બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલી એક અલગ પ્રકારના કોન્સેપ્ટ પર વિચાર કરી રહ્યાં છે, જે ૪ નેશન સિરીઝ છે. આ સિરીઝમાં ભારત, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સિવાય કોઈ એક મહેમાન દેશ પણ સામેલ થશે જે ચતુર્થકોણીય વનડે સિરીઝ રમશે. આઈએએનએસ સાથે વાત કરતા સૂત્રોએ જણાવ્યું કે, ૪ નેશન ટૂર્નામેન્ટને લઈને ઘણી વાતચીત થઈ ચુકી છે, પરંતુ આ ટૂર્નામેન્ટ કઈ રીતે શરૂ થશે અને આઈસીસીના ફ્યૂચર ટૂર પ્રોગ્રામમાં સામેલ થશે તેના માટે ગાંગુલી યૂકે ઈસીબીના અધિકારીઓ સાથે વાત કરવા ગયા છે.



સૂત્રોએ કહ્યું કે, 'હા, સૌરવ ગાંગુલી ઈડન ગાર્ડન્સથી બુધવારે યૂકે વરાના થયા છે અને ત્યાં તેઓ ૪ નેશન ટૂર્નામેન્ટ પર વાત કરશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના અધિકારી પણ આ બેઠકમાં સામેલ થઈ શકે છે, પરંતુ આ વાત તેના પર નિર્ભર કરે છે કે વસ્તુમાં પ્રગતિ કઈ રીતે થાય છે કારણ કે કેટલિક વસ્તુને જોવાની જરૂરીયાત છે.' બીસીસીઆઈના અધ્યક્ષ તરીકે પોતાના કાર્યકાળમાં સૌરવ ગાંગુલી ઐતિહાસિક નિર્ણય લઈ રહ્યાં છે.

આયોજન સમિતિનો નિર્ણય : 'ટોક્યો ઓલિમ્પિક રાબેતા મુજબ યોજાશે'

ટોક્યો

ટોક્યો ૨૦૨૦ ઓલિમ્પિક આયોજકોએ ગુરુવારે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, 'કોરોના વાયરસની અફવાને અવગણીને ટોક્યો ઓલિમ્પિક તેના નિયત કાર્યક્રમ મુજબ યોજાશે.' સમિતિએ કોરોના વાયરસને લઈને કોઈ જ ખોટી અફવાહોમાં ના દોરવાઈ જવા જણાવ્યું છે.

ચીનમાં ઉદ્ભવેલા જીવલેણ કોરોના વાયરસ સામે જાપાને પૂરી તૈયારી કરી રાખી હોવાનું ટોક્યો ઓલિમ્પિકના સીઈઓ તોશિરો મ્યુતોએ જણાવ્યું છે. ચીનમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસથી કુલ ૫૬૦ લોકોના મોત થયા છે તેમજ ૨૮,૦૦૦ લોકો વાયરસથી સંક્રમિત થયા છે. મ્યુતોએ પેરાલિમ્પિક પ્રોજેક્ટ સમીક્ષા બાદ પત્રકારોને જણાવ્યું હતું કે ઓલિમ્પિક રમતો તેના નિયત કાર્યક્રમ મુજબ જ યોજાશે.

આવા સમયે શાંત મન સાથે સતર્ક રહેવું જરૂરી છે. અમે લોકોમાં ભય ઊભો કરવા નથી ઈચ્છતા. હાલમાં ઈન્ફેક્શન મર્યાદીત છે અને ઓલિમ્પિકને તેનાથી કોઈ વધુ જોખમ રહેતું નથી. જો કે અફવાને લીધે લોકોમાં વાયરસથી વધુ ઝડપે ડર ફેલાઈ રહ્યો હોવાનું મ્યુતોએ જણાવ્યું હતું. ચીન બહાર વાયરસના ફક્ત ૧૯૧ કેસો જ છે માટે તે આંકડો ઘણો નાનો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ આ બીમારીને મહામારી જાહેર નથી કરી. અગાઉ રિઓ ઓલિમ્પિક વખતે પણ ઝિકા વાયરસનો ખતરો ઉદ્ભવ્યો હતો અને નિષ્ણાતોની મદદથી રમતો શક્ય બની હતી. ઓલિમ્પિક આયોજન સમિતિ તમામ ખેલાડીઓ અને આવનાર પ્રેક્ષકોનું સંપૂર્ણ ધ્યાન રાખશે તેવો વિશ્વાસ મ્યુતોએ વ્યક્ત કર્યો હતો.

જોફરા આર્ચર ઈજાના કારણે આઈપીએલમાંથી બહાર

લંડન

ફાસ્ટ બોલર જોફરા આર્ચર ઈજાના કારણે ઈંગ્લેન્ડના શ્રીલંકાના પ્રવાસ અને આઈપીએલ-૨૦૨૦માંથી બહાર થઈ ગયો છે. આર્ચરને ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન જમણી કોણીમાં ઈજા થઈ હતી. તે પછી આર્ચર શ્રેણીની બાકી ત્રણેય ટેસ્ટમાં રમ્યો નહોતો. મેડિકલ રિપોર્ટમાં સામે આવ્યું છે કે તેને જમણી કોણીમાં સ્ટ્રેસ ફેક્ચર થયું છે અને મિનિમમ ૩ મહિના ક્રિકેટથી દૂર રહેશે. આર્ચરને રાજસ્થાન રોયલ્સે ૨૦૧૮માં ૭.૨ કરોડમાં ખરીદ્યો હતો. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે ઓફિશિયલ સ્ટેટમેન્ટમાં કહ્યું કે, તે હવે રિહેબિલેશન પ્રોગ્રામની શરૂઆત કરશે અને જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ ટેસ્ટની સીરિઝથી કમબેક કરશે.

દુર્ઘટના સમયે વિમાનમાં ૧૭૭ પ્રવાસીઓ અને છ ક્રૂ મેમ્બર્સ સવાર હતા

તુર્કીમાં વિમાન રન-વે પરથી લપસી પડતાં ત્રણના મોત, ૧૨૦ ઘાયલ

ઈસ્તાંબુલ

તૂર્કીના પાટનગર ઈસ્તંબુલમાં બુધવારે લેન્ડીંગ કરી રહેલું એક ઉતારુ વિમાન રન વે પર લપસી પડતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. વિમાનના ત્રણ ટુકડા થઈ ગયા હતા અને ત્રણ ઉતારુનાં મોત થયાં હતાં. સરકારી પ્રચાર માધ્યમે કહ્યું કે આ અકસ્માતમાં ૧૨૦ ઉતારુને નાનીમોટી ઈજા થઈ હતી.

આ વિમાન ઈઝમિરના એજિયન શહેરથી ઈસ્તંબુલ આવ્યું હતું. સાહિબા ગોકચેન એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાનના કારણે વિમાન લેન્ડીંગ દરમિયાન લપસી પડ્યું હતું અને વિસ્ફોટ વિમાનની અંદર આગ લાગી હતી અને એ સાથે ત્રણ ટુકડા થઈ ગયા હતા.

ઉતારુઓને વિમાનની પૂંછડી તરફથી બહાર કાઢતાં ટેલિવિઝન પર દેખાડાયાં હતાં. ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

આ વિમાન તૂર્કીની વાજબી ભાવની કહેવાતી એરલાઈન્સ પેગૈસસનું હતું. વિમાનમાં ૧૭૭ ઉતારુ અને છ વિમાની સ્ટાફ હતો.

પ્રારંભિક અહેવાલમાં એવો દાવો કરાયો હતો કે કોઈની જાનહાનિ થઈ નથી અને તમામ ઉતારુઓ પોતાની મેળે વિમાનની બહાર આવી ગયા હતા. પાછળથી અપાયેલી વિગતમાં ત્રણનાં મોત અને બચી ગયેલા ઉતારુઓને પૂંછડી તરફથી બહાર કાઢ્યા હોવાની વિગતો અપાઈ હતી.

મનોજ તિવારીના ગીતો મને ગમે છે, તે સારો ડાન્સ કરે છેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે મનોજ તિવારી પર કટાક્ષ કરતા કહ્યું કે, તેઓ ક્યારેય મનોજ તિવારી પર ઉપહાસ નથી કરતા અને તેઓ પણ ભોજપૂરી અભિનેતામાંથી રાજકારણી બનેલા તિવારીના ડાન્સના વીડિયો જૂએ છે. તિવારી સારો ડાન્સ કરે છે. દિલ્હીમાં ૮ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાનાર છે. આ અગાઉ એક ઈન્ટરવ્યૂમાં કેજરીવાલે મનોજ તિવારી પર કટાક્ષ કર્યો છે. કેજરીવાલે કહ્યું કે હું જ્યા પણ પ્રચાર માટે જાઉં છું ત્યાં લોકોને તિવારીના ગીતો સાંભળવા અને તેમના ડાન્સના વીડિયો જોવા જરૂર જણાવું છું.

તિવારીએ અગાઉ કેજીરવાલ પર પૂર્વાંચલીઓના અપમાનનો આક્ષેપ કર્યો હતો. જેના જવાબમાં કેજરીવાલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'હું તિવારીના ગીતો 'રિક્રિયા કે પાપા' પર ઉપહાસ નથી કરતો. મે હંમેશા તેમને સારા ગીતો ગાવા માટે બિરદાવ્યા છે. મને એ નથી સમજાતું કે આમાં ઉપહાસ કે અપમાનની વાત ક્યાં આવે છે. હું પણ તિવારીના ગીતો સાંભળું છું. મને તેના વીડિયો ગમે છે. તેઓ સારો ડાન્સ કરે છે.'

ગત મહિને તિવારીએ કેજરીવાલ પર આક્ષેપ કર્યો હતો કે તેઓ 'રિક્રિયા કે પાપા' ગીતનો ઉપહાસ કરીને પૂર્વાંચલીઓ તેમજ તેમની સંસ્કૃતિનું અપમાન કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં વસતા ઉત્તરપ્રદેશ અને બિહારના લોકો પૂર્વાંચલી તરીકે ઓળખાય છે અને મતદાનની કુલ ટકાવારીમાં તેમનો નોંધપાત્ર ફાળો રહેલો છે.

કાશ્મીર મુદ્દે સા.અરબનો પાકિસ્તાનને સાથ નથી મળ્યો ત્યારે,

પાકિસ્તાનનો દાવોઃ ૯ ફેબ્રુઆરીએ આઈઓસીના અધિકારીઓની બેઠક યોજાશે

ઈસ્લામાબાદ

પાકિસ્તાનને કાશ્મીર મુદ્દે પોતાના સૌથી નજીકના દેશ સાઉદી અરબનો હજી સુધી પણ કોઈ જ સાથ નથી મળી રહ્યો. સાઉદી અરબ કાશ્મીર મુદ્દે ઈસ્લામિક સહયોગ સંગઠનની વિદેશ મંત્રીઓના સ્તરની બેઠક બોલાવવા તૈયાર નથી. આ બાબત ખુદ પાકિસ્તાનના મુખ્ય સમાચારપત્ર ડૉને પાકિસ્તાનના ટોચના રાજકીય સૂત્રોને ટાંકીને કહ્યું છે. ૯મી ફેબ્રુઆરીએ આઈઓસીના ટોચના અધિકારી સ્તરની બેઠક યોજાશે.

મુસ્લીમ દેશોના સૌથી મોટા સંગઠન આઈઓસી દ્વારા કાશ્મીર મુદ્દે બેઠક બોલાવવાની પોતાની માંગણી પૂરી ના થવાથી ઈસ્લામાબાદ નારાજગી પણ જાહેર કરી ચુક્યું છે. ખુદ ઈમરાન ખાને પોતાના મલેશિયાના પ્રવાસ દરમિયાન એક થિંક ટેંક સાથેની વાતચીતમાં પણ આઈઓસી પર પોતાની ભડાશ ઠાલવી હતી. તેમણે એમ પણ કહી દીધું હતું કે, મુસ્લીમ દેશોમાં અમારો કોઈ જ અવાજ રહી ગયો નથી અને અમે સંપૂર્ણ રીતે એકલા પડી ગયા છીએ. આઈઓસી કાશ્મીર મુદ્દે એક બેઠક સુદ્ધા બોલાવી શકી નથી.

પાકિસ્તાન સાઉદીની આગેવાની હેઠળના ૫૭ સભ્યોના દેશોના સંગઠન આઈઓસી મુદ્દે કાશ્મીર પર બેઠક બોલાવવા માટે સતત દબાણ બનાવી રહ્યું છે પરંતુ સાઉદીએ હજી સુધી પાકિસ્તાનની માંગણીને કાને ધરી નથી.

પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરેશીએ પણ આઈઓસીની બેઠકને લઈને તાજેતરમાં જ કહ્યું હતું કે, કાશ્મીર મુદ્દે મુસ્લીમોની એકજુથતાનો સંદેશ આપવા માટે આમ કરવું ખુબ જ જરૂરી છે.

તેજ પ્રતાપે સીએએ-એનઆરસીને કાળો કાયદો ગણાવ્યો

નીતિશ કુમારજી કુમાર નહીં કુમારી છેઃ તેજપ્રતાપ યાદવનું વિવાદાસ્પદ નિવેદન

પટના

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા અને બિહારના ભૂતપૂર્વ સ્વાસ્થ્ય મંત્રી તેજ પ્રતાપ યાદવે મુખ્યમંત્રી નીતીશ કુમારને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે, નીતીશ કુમારજી, કુમાર નહીં કુમારી છે. તેમણે નાયબ મુખ્યમંત્રીને સુશીલ કુમારી મોદી તરીકે સંબોધ્યા હતા. આરજેડીના અધ્યક્ષ લાલુ યાદવના મોટા દિકરા તેજ પ્રતાપે બિહારના વર્તમાન સ્વાસ્થ્ય મંત્રી મંગલ પાંડેય પર નિશાન સાધતા જણાવ્યું છે કે તેઓ અમંગલ પાંડે છે. જ્યારથી આવ્યા છે ત્યાંરથી અમંગળ થઈ રહ્યું છે.



તેમણે જણાવ્યું હતું કે, નીતીશ કુમાર અને સુશીલ કુમાર મોદીએ લગ્ન કરી લીધા છે. હવે તેઓ નીતીશ કુમારી થઈ ગયા છે. તેજ પ્રતાપે સીએએ અને એનઆરસીને કાળો કાયદો ગણાવતા જણાવ્યું હતું કે, જો મારા પિતા લાલુ યાદવ જેલથી બહાર હોત તો સમગ્ર બિહારને બતાવી દેત. આ લોકો તેમનાથી જ ડરે છે.

બિહારના જેડીયુ-ભાજપના ગઠબંધન પર તેજ પ્રતાપે જણાવ્યું હતું કે, આ લોકો અમને છોડીને ભાગ્યા છે હવે ક્યારેક પરત પણ આવશે પરંતુ અમે તેમને સ્વીકારીશું નહીં. તેમણે સીએએ-એનઆરસી મુદ્દે નીતીશ કુમારને આડે હાથ લેતા જણાવ્યું કે, નીતીશજી સંઘ અને ભાજપની આગળ ઝૂકી ગયા છે.

મોદી સરકાર દેખાવકારો પર ગોળીબાર કરશે

નવ ફેબ્રુઆરી બાદ શાહિનબાગ જલિયાવાલા બાગ બની જશેઃ ઓવૈસી

ન્યુ દિલ્હી

દિલ્હીની ચૂંટણી ૮ ફેબ્રુઆરીએ યોજાવાની છે, જેને ધ્યાને લઇને દરેક પાર્ટી પોતાનુ પૂરુ જોર અપનાવી રહી છે. દિલ્હી ચૂંટણીને લઇને હવે એઆઈએમઆઈએમ ચીફ અસદુદ્દીન ઓવૈસીએ આગાહી કરી છે કે, ૮ ફેબ્રુઆરી પછી શાહીનબાગમાં ચાલી રહેલા પ્રદર્શન જલિયાંવાલા બાગમાં ફેરવાઇ જશે.

અસદુદ્દિન ઓવૈસીએ દાવો કર્યો હતો કે, મોદી સરકાર ૮ ફેબ્રુઆરી પછી શાહીનબાગમાં ૫૦ કરતા વધુ દિવસોથી નાગરિકતા સુધારો કાયદાનાં વિરોધ કરી રહેલા લોકો પર બળનો પ્રયોગ કરી શકે છે. અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, સરકાર તરફથી એવા સંકેત મળ્યા છે કે ૮ ફેબ્રુઆરી બાદ શાહીનબાગને ખાલી કરાશે. ઓવૈસીને એ પણ આશંકા વર્ણવી કે ત્યા લોકો પર ગોળી ચલાવવામાં પણ આવી શકે છે. તેમણે સરકાર તરફ ઈશારો કરતા કહ્યું હતું કે, તેઓ શાહીનબાગને જલિયાંવાલા બાગ બનાવી શકે છે, કારણ કે સરકારનાં એક મંત્રીએ જ ગોળી મારવાનું કહ્યું હતુ. સરકારે તેનો જવાબ આપવો જોઇએ કે કોણ કોને રેડિક્લાઇઝ કરી રહ્યુ છે.

એનપીઆર અને એનઆરસી પર વાત કરતા ઓવૈસીએ કહ્યું કે, સરકારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે, એનઆરસી ૨૦૨૪ સુધી લાગુ થશે નહીં. તેઓ શા માટે એનપીઆર પર ૩૯૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી રહ્યા છે જે સમજણથી પરે છે. હું આ એટલા માટે કહી રહ્યો છું કારણ કે હું ઈતિહાસનો વિદ્યાર્થી છું. ઓવૈસીએ કહ્યું, હિટલરે તેમના શાસનકાળ દરમિયાન બે વાર વસ્તી ગણતરી કરી હતી અને અંતે તેણે યહૂદીઓને ગેસ ચેમ્બરમાં મૂકી દીધા હતા. હું નથી ઈચ્છતો કે આપણો દેશ પણ આ જ દિશામાં આગળ વધે.

યેદિયુરપ્પા સરકારનું વિસ્તરણઃ ૧૦ ધારાસભ્યોએ મંત્રી પદના શપથ લીધા

બેંગ્લુરુ

કર્ણાટકમાં ગુરુવારે બીએસ યેદિયુરપ્પા સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થયું હતું. ૧૦ ધારાસભ્યોએ મંત્રી પદના શપથ લીધા છે. આ તમામ મંત્રીઓ કુમારસ્વામીની સરકાર દરમિયાન કોંગ્રેસ અને JDSમાં હતા, જેમણે સ્પીકરને અયોગ્ય જાહેર કર્યા હતા. બાદમાં તેમણે ભાજપનો છેડો પકડ્યો અને ડિસેમ્બરમાં પેટાચૂંટણીમાં જીત મેળવી હતી. આજે શપથ ગ્રહણ સાથે જ કેબિનેટમાં મંત્રીઓની સંખ્યા ૨૮ થઈ ગઈ છે.

કર્ણાટકમાં બે મહિના પહેલા ડિસેમ્બરમાં ૧૫ બેઠકો પર પેટાચૂંટણી થઈ હતી. ત્યારે ભાજપે ૧૨ બેઠકો જીતી હતી, ૨ બેઠકો કોંગ્રેસ અને એક અપક્ષના ખાતામાં ગઈ હતી. યેદિયુરપ્પાએ ભાજપમાં આવેલા તમામ ધારાસભ્યોને મંત્રી બનાવવાનો વાયદો કર્યો હતો.

પેટાચૂંટણી જીતીને ધારાસભ્ય બનેલા રમેશ જારકિહોલી, એસટી સોમશેખર, અનંત સિંહ. કે સુધાકર, બી બાસવરાજ, શિવરામ હેબ્બર, એચસી પાટિલ, કે ગોપાલૈયા, કેસી નારાણય ગૌડા અને બીસી પાટિલ મંત્રી બન્યા હતા. આ વિસ્તારમાં ભાજપમાંથી કોઈને મંત્રી બનાવાયા ન હતા. જો કે, રવિવારે જ યેદિયુરપ્પાએ ભાજપના વરિષ્ઠ ધારાસભ્ય અરવિંદ લિંબાવલી , સીપી યોગેશ્વરા અને ઉમેશ કટ્ટીને કેબિનેટમાં સામેલ કરવાની વાત કહી હતી.

શીન બોરા હત્યાકાંડઃ પીટર મુખર્જીને જામીન મળ્યા છતાં જેલમાં રહેશે

મુંબઇ

શીના બોરા હત્યાકાંડમાં ઇંદ્રાણી મુખર્જીના પૂર્વ પતિ પીટર મુખર્જીને ગુરૂવારે જામીન મળી ગયા છે. પણ તેને જેલમાં જ રહેવું પડશે. બોમ્બે હાઈકોર્ટે સુનાવણી કરતા તેની જામીન અરજી મંજૂર કરી છે.

જામીન આપ્યા બાદ હાઈકોર્ટે સીબીઆઈને આદેશ આપ્યો છે કે, ૬ અઠવાડીયા સુધી આ આદેશ પર રોક લગાવામાં આવે. જેથી તેઓ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી શકે. મુખર્જી પર આરોપ છે કે, તેણે પોતાની પત્ની ઇંદ્રાણીના પહેલા પતિની દિકરી શીનાને મારી નાખવાનું ષડયંત્ર કર્યું હતું.

આ અગાઉ ડિસમ્બરમાં મુંબઈની વિશેષ સીબીઆઈ કોર્ટે ઇંદ્રાણી મુખર્જીની જામીન અરજી રદ કરી દીધી હતી. મુખર્જીએ કોર્ટમાં સ્વાસ્થ્યનું કારણ દર્શાવી કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી.

નિર્ભયાના દોષી અક્ષયની નવી ચાલ, રાષ્ટ્રપતિને ફરી લખ્યો પત્ર

ન્યુ દિલ્હી

નિર્ભયાના દોષી અક્ષયે ફાંસીથી બચવા માટે નવી ચાલ ચાલી છે. અક્ષયના વકીલ એપી સિંહ પ્રમાણે, અક્ષયે ૧ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિને પત્ર લખીને કહ્યું હતું કે, અક્ષયની દયા અરજી તેની સહી વગર રાષ્ટ્રપતિની સમક્ષ દાખલ કરવામાં આવી. જેથી દયા અરજી પર નિર્ણય લેવામાં આવ્યો નથી. અક્ષયના વકીલ એપી સિંહ પ્રમાણે, રાષ્ટ્રપતિ ભાવનમાં વાપતીની મહોરની સાથે સંલગ્ન પત્રમાં કહેવામાં આવ્યું છે કે ૩૧ જાન્યુઆરીએ દાખલ કરાયેલી દયા અરજી પર અક્ષયના હસ્તાક્ષર કે અંગૂઠાનું નિશાન નથી. ના આ અરજી તિહાડ જેલ તંત્રથી પ્રમાણિત છે. સાથે અરજી દોષીની આર્થિક સ્થિતિ અને કેસની સંપૂર્ણ જાણકારી વગર ઉતાવળમાં દાખલ કરવામાં આવી છે.

ગામના લોકોએ પાંચ લોકોને લાકડી-પત્થરોથી માર્યા

મોબ લિન્ચિંગઃ મધ્યપ્રદેશમાં બાળક ચોરીની અફવાએ ૧નો ભોગ લીધો, ૫ ગંભીર

ધાર

મધ્યપ્રદેશમાં બાળક ચોરીના શકમાં ટોળાએ ૫ ખેડૂતો અને તેના ડ્રાઈવરને લાકડી-પથ્થરોથી ખૂબ જ ખરાબ રીતે માર માર્યો હતો. તેમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૫ લોકોની સ્થિતિ ગંભીર છે. ટોળાએ ખેડૂતોની બે કારમાં પણ તોડફોડ કરી. ઘટના તિરલા વિસ્તારની ખડકિયા ગામની છે. પીડિત ઉજ્જૈન જિલ્લાના લિંબી પિપલિયા ગામનો રહેનાર છે. ૫ ખેડૂત મજૂરો પાસેથી પોતાના એડવાન્સ રૂપિયા લેવા ગામમાં ગયા હતા, જ્યાં રૂપિયા ન આપવાનું નક્કી કરી ચૂકેલા મજૂરોએ બાળકોની ચોરીની અફવાઓ ફેલાવી હતી. આ ઘટનામાં હાલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

એસપી આદિત્ય પ્રતાપ સિંહે જણાવ્યું કે ૨ ગાડીમાં ૬ લોકો આવ્યા હતા. ખેડૂતોએ મજૂરોને ૫૦ હજાર રૂપિયા એડવાન્સ આપ્યા હતા. જોકે કેટલાક મજૂર કામ વગર ભાગીને ગામમાં આવી ગયા હતા. તિરલાના ખિડકિયાં ગામમાં આ લોકોને બોલાવવામાં આવ્યા હતા. તેમની પર પથ્થરમારો અને બાદમાં પીછો કરવામાં આવ્યો. બાદમાં એવી અફવા ફેલાવવામાં કે તેઓ બાળકોની ચોરી કરી રહ્યાં છે. બોરલાઈ ગામના હાટ બજારમાં ૫૦૦થી વધુની ભીડે તેમને દોડાવી-દોડાવીને માર્યા હતા.

કાર ચાલક ગણેશ(૩૮)ને બડવાની રીફર કરવામાં આવ્યો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું. જગદીશ રાધેશ્યામ શર્મા(૪૫), નરેન્દ્ર સુંદરલાલ શર્મા(૪૨), વિનોદ તુલસીરામ મુકાતી(૪૩), રવિ પિતા શંકરલાલ પટેલ(૩૮), જગદીશ પૂનમચંદ્ર શર્માને ઈન્દોર લાવવામાં આવ્યો છે. રવિવારની હાલત ગંભીર છે. પોલીસે ૩ ઓરોપી મજૂર અવતાર સિંહ, ભુવનસિંહ, જામસિંહની ઓળખ કરી લીધી છે. તેમની સાથે ૧૫થી ૨૦ લોકોની વિરુદ્ધ કેસ કરવામાં આવ્યો છે.

કાશ્મીર ભારતનો આંતરિક મામલો નથીઃ અધીર રંજન ચૌધરી

ન્યુ દિલ્હી

લોકસભામાં કોંગ્રેસ સંસદીય દળના નેતા અધીર રંજન ચૌધરીએ કાશ્મીર પર આપેલા નિવેદનને કારણે વિવાદ ઉભો થયો છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે, કાશ્મીર ભારતનો આંતરિક મામલો નથી. તેમણે કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ને હટાવ્યાના પ્રસ્તાવ પર લોકસભામાં થયેલી ચર્ચા દરમિયાન આ વાત કરી હતી. અધીર રંજનના નિવેદનની કેન્દ્ર સરકાર અને ભાજપના નેતાઓએ ટીકા કરી હતી. સોશિયલ મીડિયા પર પણ તેમની ખૂબ ટીકા કરવામાં આવી હતી. કોંગ્રેસ સાંસદે વિદેશ મંત્રી એસ.જયશંકરને પૂછ્યું કે હું વિદેશ મંત્રીને પૂછવા માંગું છું કે તમે દાવાની સાથે કહી શકો છો કે કાશ્મીર ઈન્ટરનનલ મામલો છે? કાશ્મીર કોઈ આંતરિક મામલો નથી. ચીન-પાકિસ્તાન કોરિડોર અંગે તમે શું કર્યું?

અધીર રંજન ચૌધરીએ પીઓકેએ ભારતમાં ભેળવવાનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, પીઓકે પર ભારત તરફથી કોઈ કાર્યવાહી થઈ તો ચીન ચૂપ નહી બેસે. હવે ભારત પીઓકેમાં કાંઇ કરી શકે નહીં. ચીન જ્યારે પીઓકેમાં ઘૂસવા લાગ્યું તો પીઓકે પાકિસ્તાનના કબજામાં ચાલ્યું ગયું. હવે તમે કાંઇ કરી શકતા નથી. પીઓકેમાં કાંઇ કરવા જશો તો તમારે ચીન સાથે ટકરાવું પડશે. શું તમે તૈયાર છો? શું તમે પાકિસ્તાન અને ચીન સામે એકસાથે ટકરાવવા માટે તૈયાર છો? જો તૈયાર હોય તો પીઓકે પર કબજો કેમ કરતા નથી?

અધીર રંજને આર્મી ચીફને લઈને કહ્યું કે, જો સંસદ અમને મંજૂરી આપશે તો અમે પીઓકે પર કબજો કરી લઈશું. ૧૯૯૪માં આ સંસદે સર્વસંમતિથી પ્રસ્તાવ પાસ કર્યો હતો કે પીઓકેને પોતાના કબજામાં લેવું જોઈએ. આજે પણ સરકાર તરફથી બીજો પ્રસ્તાવ લાવવામાં આવશે કે પીઓકેને પોતાના કબજામાં લઈ લો. તો શું તમારામાં હિંમત છે.

કાશ્મીર ઘાટીમાં છેલ્લા છ મહિનામાં આતંકી પ્રવૃત્તિ ઓછી થઈ

પાકિસ્તાન એલઓસી પર સતત સીઝફાયર ઉલ્લંઘન કરી રહ્યું છેઃ સેના પ્રમુખ

લખનઉ

સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવણે ગુરુવારે ડિફેન્સ એક્સપોમાં પ્રદર્શનમાં મુકાયેલા હથિયારોની સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું કે, પાકિસ્તાન સરહદ પર આવેલા કેમ્પ અને શિબિરોથી આતંકીઓને ભારતમાં મોકલવા માટે આકુળ વ્યાકુળ થઈ રહ્યું છે. સેનાના જવાનોએ તેના ઘણા પ્રયાસો નિષ્ફળ કર્યા છે. ઠંડીનું વાતાવરણ હોવાના કારણે તેને મુશ્કેલી પડી રહી છે. આ જ કારણે તે LOC પર વારં વાર સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે.

સેના પ્રમુખે કહ્યું કે, કાશ્મીર ઘાટીમાં છેલ્લા છ મહિનામાં આતંકી પ્રવૃત્તિઓ ઘટી છે. ગ્રેનેડ ફેંકવા અને ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ(IED)હુમલા અને ફાયરિંગની ઘટનાઓ ઓછી થઈ છે.

જનરલ નરવણેએ કહ્યું કે, કાશ્મીરના ઉપરના વિસ્તારમાં ભારત-પાકિસ્તાન સરહદ પર તહેનાત સેનાના જવાનોને અદ્યતન હથિયાર આપવામાં આવી રહ્યા છે. સેનાને સિગ સોર એસોલ્ટ અને સ્પાઈક એન્ટી ટેક્ક મિસાઈલ જેવા હથિયાર મળ્યા છે. આ હથિયાર ફોરવર્ડ ચોકીઓ પર તહેનાત સૈનિકોને આપવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, શારંગ આર્ટિલરી ગન પણ સેનામાં શુક્રવારે સામેલ થઈ જશે. ૧૫૫ MMનું શારંગ ૧૩૦ MAA M-46 ફીલ્ડ ગનનું અપગ્રેડેડ વર્જન છે.

દિલ્હી ચૂંટણીઃ બસપા ઉમેદવાર નારાયણ દત્ત શર્મા પર જીવલેણ હુમલો

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં બદરપુર બેઠકના બસપાના ઉમેદવાર નારાયણ દત્ત શર્મા પર બુધવારે જીવલેણ હુમલો થયો હોવાના અહેવાલ મળ્યા હતા. શર્મા અગાઉ આપના સભ્ય હતા અને બદરપુર બેઠકની ટિકિટ તેમને મળે એવી તેમની ઈચ્છા હતી. પરંતુ આપના નેતાઓએ તેમને ટિકિટ નહીં આપતાં તેમણે આપ પક્ષ છોડી દીધો હતો અને માયાવતીના બસપામાં જોડાયા હતા. ત્યારબાદ તેમણે બસપાના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની તૈયારી કરી હતી.

દિલ્હી પોલીસે આ વિસ્તારના ડીસીપી રાજેશ યાદવને નારાયણ દત્ત શર્મા પર થયેલા હુમલા બદલ જવાબ માગ્યો હતો. એવા સમયે લાગ જોઈને શર્મા પર લાઠીઓ અને ડાંગ જેવા દંડાઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો.

ચૂંટણી પંચે એવી જાહેરાત કરી હતી કે શાહીન બાગમાં થયેલા ગોળીબારની તપાસ પૂરી કર્યા વિના આ હુમલા દ્વારા સંબંધિત બેઠકની ચૂંટણી પ્રક્રિયાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો હતો માટે હવે રાજેશ યાદવને ચૂંટણીલક્ષી કોઈ કામગીરી દિલ્હી પોલીસે સોંપવી નહીં.

દરમિયાન નારાયણ દત્ત શર્માને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં ડૉક્ટરોએ તેમની સ્થિતિ સ્થિર ગણાવી હતી.

આ એ જ રાજેશ યાદવ છે જેણે મિડિયા સમક્ષ એવો દાવો કર્યો હતો કે શાહીન બાગમાં ગોળીબાર કરનાર કપિલ નામનો યુવાન આપના નેતાનો પુત્ર હતો.

કચ્છમાં ફરી ધરા ધ્રુજી, ૨.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા ફફડાટ

ભુજ

કચ્છમાં સવારે ભૂકંપનો વધુ એક આંચકો નોંધાયો છે. રિપોર્ટ પ્રમાણે ભચાઉથી લગભગ ૧૨ કિલોમીટર દૂર સવારે ૫.૪૪ કલાકે ૨.૩ની તીવ્રતાનો આંચકો નોંધાયો છે. આમ, ૧૨ કલાકમાં ગાંધીનગરની સિસ્મોલોજી કચેરીમાં વધુ ૧ આંચકો નોંધાયો છે. જોકે આંચકાઓના કારણે જાન-માલની હાનિ થઈ હોય તેવા કોઈ અહેવાલો નથી. પરંતુ કેટલાક સમયથી આંચકાની વધી રહેલી તીવ્રતા ધ્યાન ખેંચનારી બની રહી છે. આ સંજોગોમાં લોકોને મોટો ભૂકંપ આવવાનો ભય સતાવી રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી કચ્છમાં શરૂ થયેલ ભૂર્ગભીય આંચકાઓ યથાવત છે અને ભચાઉના દુધઈમાં સતત કંપનો અનુભવાઈ રહ્યા છે. સવારે ૩.૩૭એ દુધઈથી ૨૦ કિ.મી. દૂર ભૂગર્ભમાં ૧.૪નો આંચકો અને સવારે ૫.૧૩ દુધઈથી પાસે ૧.૪ની તિવ્રતાનું કંપન નોંધાયું છે. આમ, છેલ્લા ૩૬ કલાકમાં ગાંધીનગરની સીસ્મોલોજી કચેરીમાં ૪ આંચકાઓ નોંધાયા છે.

સામાન્ય રીતે ૩ની તીવ્રતાથી નીચેના આંચકા સામાન્ય રીતે ઓછા અનુભવાય છે. પરંતુ તેનાથી ઉપરની તીવ્રતાનો આંચકો આવે તો તેની ધ્રુજારી લોકો સ્પષ્ટ રીતે અનુભવ કરી શકે છે. ગઈ કાલે બપોરે કચ્છના દુધઈ વિસ્તારમાં ૨.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ દુધઈથી ઉત્તર ઉત્તરપૂર્વ દિશામાં ૯ કિમી દુર અને જમીનમાં ૨૧.૭ કિમીની ઉંડાઈએ હોવાનું નોંધાયું છે.

મગફળી કૌભાંડ: માર્કેટીંગ યાર્ડના બે વેપારી અને એક લેબર કોન્ટ્રાક્ટરની ધરપકડ

જુનાગઢ

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીને ઓઈલ મિલમાં મોકલી બારદાનમાં નબળી ગુણવત્તાની મગફળી ભરવાનું કૌભાંડ બહાર આવ્યું હતું. આ કૌભાંડમાં જૂનાગઢ પોલીસે ચાર અજાણ્યા શખ્સો સામે ફરિયાદ દાખલ કરી હતી. ત્યારે જૂનાગઢ એલસીબીની ટીમે એક લેબર કોન્ટ્રાક્ટર અને બે વેપારીની ધરપકડ કરી છે. વેપારી પ્રતિક બાબુભાઇ સોજીત્રા, વેપારી કેશુ રવજીભાઈ વાગડીયા અને લેબર કોન્ટ્રાક્ટર રમેશ કાનાભાઈની મકવાણા ધરપકડ કરવામાં આવી છે. જેમાં આરોપી પ્રતિકે અલગ અલગ ખેડૂતોના ખાતામાં નબળી કક્ષાની મગફળીની ખરીદી કરી અને સરકારના ટેકાના ભાવમાં લેબર કોન્ટ્રાક્ટર સાથે મળીને ચાર મજૂર પાસે સારી મગફળીમાં નબળી ગુણવત્તાની મગફળીની ભેળસેળ કરી પોતાનો ફાયદો કરી અને મગફળી કૌભાંડ આચર્યું હતું.

જૂનાગઢના માર્કેટીંગ યાર્ડમાં નાફેડ દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવી હતી. બાદમાં આ મગફળીમાં ગોલમાલ કરવામાં આવી હતી. આ અંગેની જાણ થતા કિસાન ક્રાંતિના કિશોર પટોળીયા અને કિસાન કોંગ્રેસના અધ્યક્ષ મનિષભાઈ નંદાણીયાએ યાર્ડમાં જનતા રેડ કરી તપાસ હાથ ધરતા સિલબંધ બારદાનોની સ્થિતી શંકાસ્પદ લાગી હતી. આથી બારદાન ખોલીને જોતા તેમાંથી સારી મગફળીના બદલે હલકી ગુણવત્તા વાળી મગફળી મળી આવી હતી. બાદમાં આવી ૧૫૬ ગુણી મગફળીના જથ્થાને સિઝ કરવામાં આવ્યો હતો. એક તબક્કે અધિકારીએ માલમાં ગોલમાલ થયાનું સ્વિકારી લીધું હતું. જ્યારે ગાંધીગ્રામના ગોડાઉનમાં તપાસ કરતા ત્યાંથી પણ બારદાનમાં ભેળસેળ વાળી

જો કે આટ આટલું થવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા શરમ નેવે મુકીને આ જથ્થાને સગેવગે કરવામાં આવી રહ્યો છે. મનિષભાઈ નંદાણીયાએ જણાવ્યું હતું કે, આવા જથ્થાને સગેવગે કરવા માટે ૭ ટ્રકમાં અંદાજે ૨,૧૦૦ ગુણી મગફળી ભરીને જેતપુર તાલુકાના રબારીકાના વેરહાઉસમાં મોકલી દેવામાં આવ્યો હતો. ભેસાણમાં પણ મગફળી કૌભાંડનું ભૂત ધુણ્યું હતું.

બી.જે. મેડિકલ કોલેજમાં કોરોના વાઈરસને લઈ ટેસ્ટિંગ લેબ ઉભી કરાશે

અમદાવાદ

ચીનમાં કોરોના વાઈરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. ત્યારે ભારતમાં પણ આ જીવલેણ વાઈરસને લઈને સતર્કતા દાખવવામાં આવી રહી છે. ભારતમાં અત્યારે કોરોના વાઈરસના ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજી મોકલવામાં આવે છે. પણ હવે અમદાવાદના બી.જે.મેડિકલ કોલેજમાં જ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અમદાવાદ બી.જે મેડિકલ કોલેજમાં કોરોના વાઈરસને લઈ ટેસ્ટીગ લેબ પણ ઉભી કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે ભારતના તમામ એરપોર્ટ પર વિદેશથી આવતા પ્રવાસીઓના સ્ક્રીનિંગ માટે શું વ્યવસ્થા કરી છે તેની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય આરોગ્ય વિભાગની ટીમ મોકલી છે. અમદાવાદમાં કેન્દ્રીય આરોગ્ય વિભાગની ટીમે એરપોર્ટ પર તબીબી સુવિધા ચકાસી સંતોષ વ્યક્ત કર્યો હતો. ટીમના એક સભ્યે જણાવ્યું હતું કે, કોરોના વાઈરસનો ટેસ્ટ કરી શકાય તે માટે ટૂંક સમયમાં અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં બ્લડ સેમ્પલના ટેસ્ટિંગની સુવિધા ઉભી કરાશે. ટેસ્ટ માટે જરૂરી કીટ ઉપલબ્ધ કરવામાં આવશે. જેના કારણે હવે પછી કોરોના વાઈરસના ટેસ્ટ માટે બ્લડનું સેમ્પલ પૂણે મોકલવાની જરૂર નહીં પડે.

આર્કિટેકટની વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવતા ખળભળાટ

રાજકોટ

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર પ્રેમ મંદિર પાછળ રવિ પાર્ક-૨માં રહેતી રૂત્વી નિતીનભાઇ કોઠીયા (ઉ.વ.૨૦) નામની વિદ્યાર્થિનીએ ઘરમાં બારીની જાળીમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો. રૂત્વી આર્કિટેકમાં એન્જિનિયરીંગનો અભ્યાસ કરતી હતી. આપઘાત કરતા પહેલા રૂત્વી સુસાઇડનોટમાં લખ્યું હતું કે, નેક્સ્ટ લાઈફ બેટર'.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ રૂત્વી એક ભાઇ અને એક બહેનથી મોટી હતી અને વીવીપી કોલેજ પાસે આવેલી આર્કિટેક કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. માતા દીકરીના રૂમમાં જતાં ઘટનાની જાણ થઇ હતી. રૂત્વીને આ અભ્યાસ કરવો ગમતો નહોતો અને હવે ફિલ્ડ બદલી શકાય તેમ નહોતું. આ કારણે તે કેટલાક દિવસોથી સતત ટેન્શનમાં હતી અને ચાર-પાંચ દિવસથી કોલેજે જવાનું પણ બંધ કરી દઇ સુતી રહેતી હતી. દરમિયાન તેણે આ પગલું ભરી લીધું હતું. તેણે અંગ્રેજીમાં એક-બે લાઇનમાં સુસાઇડ નોટ લખી છે. જેમાં આગલી જિંદગી સારી હશે તે પ્રકારનું લખાણ લખ્યું છે. પોલીસે બનાવ પાછળ બીજું કોઇ કારણ તો જવાબદાર નથી ને? તે અંગે તપાસ શરૂ કરી છે. રૂત્વીના પિતા કોન્ટ્રાક્ટ રાખી કામ કરે છે. તેઓ કામ માટે ઇન્દોર ગયા હતાં.

ટ્રાફિક પોલીસની ઘોર બેદરકારી... મારૂતિ વાનનો મેમો મારૂતિ ફન્ટીને ફટકાર્યો

હિંમતનગર

રાજકોટ ટ્રાફિક પોલીસની બેદરકારીને કારણે સાબરકાંઠા જિલ્લાના એક નાગરિકને ખોટો દંડ ભરવાનો વારો આવ્યો છે. રાજકોટમાં માર્ગ પર દોડતી મારૂતિ વાને ટ્રાફિક નિયમનો ભંગ કરતા રાજકોટ ટ્રાફિક પોલીસે મારૂતિ ફન્ટીનો મેમો ફંટકાર્યો છે.

રાજકોટમાં અમદાવાદ પાર્સિંગની મારૂતિ વાન જીજે૦૧એચસી૩૭૩૬ને બદલે ખેડબ્રહ્માના વતની એવા ભરત ચૌહાણની મારૂતિ ફન્ટી જીજે૦૧એચસી૮૭૩૬ને રૂ. ૫૦૦નો ઈ મેમો ફટકારી દીધો હતો. રાતના અંધારાના કારણે રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા ગોટાળો થયો હોવાનો વાહનમાલિકને પ્રત્યુત્તર અપાયો છે. આ ઘટના ૨૦ જાન્યુઆરીએ બની હતી અને મારૂતિ વાનની જગ્યાએ મારૂતિ ફન્ટીના ચાલકને ઈમેમો મોકલાયો હતો.

રાજ્યમાં દરરોજ ૧૬ના ઓવર સ્પીડથી મોત, વર્ષમાં ૫૯૭૨ લોકોએ જીવ ગુમાવ્યો: NCRB રિપોર્ટ

અમદાવાદ

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરોના ૨૦૧૮ના અહેવાલ મુજબ ગુજરાતમાં એક વર્ષમાં સૌથી વધુ ૫૯૭૨ લોકોએ ઓવરસ્પીડમાં મોતને ભેટ્યાં છે. આમ ગુજરાતમાં દરરોજ ૧૬ લોકો ઓવરસ્પીડના કારણે મૃત્યુ પામે છે. બેફામ ડ્રાઈવિંગના કારણે પણ ગુજરાતમાં ૧૮૩૪ લોકોના મોત થયા છે. અમદાવાદમાં બેફામ ડ્રાઈવિંગના કારણે ૭૮, ઓવરસ્પીડમાં ૨૯૩ અને ડ્રંક એન્ડ ડ્રાઈવમાં ૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

દારૂના નશામાં વાહન અકસ્માતમાં ૧ વર્ષમાં ૩૦૦ કેસ નોંધાયા હતા. જેમાંથી ૨૯૬ ઘાયલ થયા હતા. ડ્રંક એન્ડ ડ્રાઈવમાં ગુજરાતમાંથી કુલ ૧૨૨ લોકોના મોત થયા છે. અન્ય અકસ્માતના કારણ પર નજર કરીએ તો ડ્રાઈવરને થાક લાગતા ૬૬, વાહનમાં ખામી સર્જાતા ૧૪૯, રસ્તા પર પ્રાણી વચ્ચે આવતા ૭૯, ખરાબ વાતાવરણથી ૧૭૯, લો વિઝિબિલિટીથી ૧૧૯ અને ખરાબ રોડના કારણથી ૫૪ લોકોના મોત થયા હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે.

પાંચ કરોડનાં ખર્ચે શહેરમાં ગુજરાતનું પ્રથમ કોર્પોરેશન સંચાલિત રેડિયો સ્ટેશન બનશે

એએમસીનું ૯૬૮૫ કરોડનું સુધારા સાથેનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર

અમદાવાદ

શાસક પક્ષે અમદાવાદ શહેરનું વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું બજેટ રજૂ કર્યું હતું. ૭૭૭ કરોડના વધારા સાથેના આ ૯૬૮૫ કરોડનું બજેટ મંજૂર થઈ ગયું છે. સ્ટેન્ડિંગ કિટીના ચેરમેન અમુલ ભટ્ટે રજૂ કરેલા આ બજેમાં વિકાસ કાર્યો માટે ૪૪૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. બજેટમાં શાસક પક્ષે વાહન વેરો મંજૂર કર્યો જ્યારે ૨૨૮ કરોડનો પ્રોપર્ટીટેક્સ ફગાવ્યો છે.

ફટ બજેટમાં મ્યુનિ કમિશનરે ૨૨૪ કરોડ રૂપિયાનો વધારો સૂચવ્યો હતો જો કે આ વધારાને ફગાવી દેવામાં આવ્યો હતો. કમિશ્નરે ડ્રાફ્ટ બજેટમાં વાહનવેરો જે પ્રમાણે સૂચવ્યો હતો એ જ રાખવામાં આવ્યો છે, હવે શહેરમાં ૧૫ લાખથી વધુ કિંમતના વાહન ખરીદનારે ૩ ટકા વાહનવેરો ચૂકવવો પડશે. જણાવી દઈએ કે મ્યુનિ કમિશનરે મિલકતવેરામાં વધારો સૂચવ્યો હતો પણ તે ફગાવી દેવાયો, ચાલી કે ઝૂંપડામાં કોઈપણ પ્રકારનો સૂચિત વધારો ન કરવા કહેવાયું હતું. પોળ અને ગામતળની મિલકતમાં વાર્ષિક ૩૦૦ રૂપિયા જેટલો વધારો કરવા કહેવાયું. ફ્લેટ, ટેનામેન્ટ અને રો હાઉસમાં ક્રમશ: ૫૦૦ અને ૭૦૦ રૂપિયા જેટલો વધારો કરવા કહેવાયું હતું. જ્યારે બંગલાઓ સહિતના રહેણાંકોમાં વાર્ષિક ૩થી ૪ હજારનો વધારો સૂચવ્યો.

જ્યારે વાહનોના સૂચિત દરની વાત કરીએ તો ટુ વ્હિલરમાં કોઈ ફેરફાર કરાયો નથી અને ઓઠો રીક્ષામાં પ્રોત્સાહન દૂર કરવા કહેવું છે, જ્યારે સામાન્ય વાહનોમાં નજીવો વધારો અને ૧૫ લાખથી વધુના વાહનો પર ૩ ટકા વધારો સૂચવાયો છે.

અમદાવાદને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો અપાયો છે. શહેરમાં અમદાવાદ વર્લ્ડ હેરિટેજ ટ્રસ્ટ બનાવીને વિવિધ પ્રોજેક્ટો કરવામાં આવી રહ્યા છે. શહેરને આધુનિક વ્યવસ્થા સાથેનું વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતું સૌથી વિકસતું શહેર બની રહ્યું છે. ત્યારે શહેરના ૪૬૬ ચોરસ કિલોમીટર વિસ્તારમાં અંદાજે ૬૫ લાખની જનસંખ્યા છે. ત્યારે ગુજરાતનું પ્રથમ મહાનગરપાલિકા સંચાલિત એફએમ રેડિયો સ્ટેશન અમદાવાદમાં શરૂ કરાશે.

એફએમ રેડિયો સ્ટેશન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના અંદાજે ૯૦૦ જેટલા મકાનો તેમજ બીઆરટીએસ બસ, એએમટીએસ બસ, મ્યુનિસિપલ ગાર્ડન, જાહેર માર્કેટ તથા કાંકરિયા તળાવ તેમજ વિવિધ મ્યુનિસિપલ શાળાનાં મકાનોમાં રેડિયો પ્રસારણ કરાશે. રેડિયો પર વિવિધ માહિતી, ગીત-સંગીત, સાંસ્કૃતિક વાર્તાલાપ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સંદર્ભની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમની માહિતી આપવામાં આવશે. ઉપરાંત સ્માર્ટ સિટી અંતર્ગત તૈયાર કરાયેલા કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ રૂમમાંથી પ્રાપ્ત થતી ટ્રાફિક અંગેની માહિતી, ચોમાસા દરમિયાન તેમજ કુદરતી આપત્તી સમયે રેડિયો સ્ટેશન દ્વારા શહેરના નાગરિકોને જરૂરી સૂચના પહોંચાડવા માટે પણ ઉપયોગી રહેશે. રેડિયો સ્ટેશન માટે બજેટમાં રૂ. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કોંગ્રેસને પગલે
પહેલા પાનાથી ચાલુ

આવી હતી. તેમનો ઈશારો પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ પર હતો.મોંઘવારી અને ફૂગાવો નિયંત્રણ રાખવામાં તેમની સરકાર સફળ રહી હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. રૂઢી પ્રમાણે નબળા અને હારેલા લોકો ચાલે છે અમને તો અમારા બનાવેલા રસ્તા પર ચાલવાનું ગમે છે એમ તેમણે શાયરાના અંદાજમાં જવાબ વાળતા એમ પણ કહ્યું કે જો અમે અગાઉની સરકારના રસ્તે ચાલ્યા હોત તો અનુચ્છેદ ૩૭૦ ક્યારેય રદ થયું ના હોત.

વડાપ્રધાન મોદીએ ગુરુવારે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર થયેલી ચર્ચાનો જવાબ આપ્યો હતો. આ દરમ્યાન તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને લોકસભામાં જ્યારે પોતાની વાત કહેવાની શરૂ કરી ત્યારે લોકસભામાં કૉંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કેટલાક નેતઓની સાથે મહાત્મા ગાંધી જિંદાબાદના નારા લગાવવાની શરૂઆત કરી દીધી. તેની પર વડાપ્રધાને પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, બસ આટલું જ? તેની પર કૉંગ્રેસ નેતા અધીર રંજન ઊભા થયા અને કહ્યું કે આ તો માત્ર ટ્રેલર છે. તેની પર પીએમ મોદીએ વળતો જવાબ આપતાં કહ્યું કે આપના માટે ગાંધીજી ટ્રેલર હોઈ શકે છે, અમારા માટે જિંદગી છે.

પીએમ મોદીએ કહ્યું કે, જો તમારા બનાવેલા રસ્તા પર ચાલતા તો આજે પણ મંદિર વિવાદ રહેતો. બાંગ્લાદેશ સાથે સીમા વિવાદ સુલઝતો નહીં. પીએમે કહ્યું કે, જો અમે કોંગ્રેસનાં રસ્તા પર ચાલતા તો ૫૦ વર્ષ પછી પણ શત્રુ સંપત્તિ કાયદો અટકી રહેતો. ૩૫ વર્ષ પછી પણ દેશમાં લડાકૂ વિમાન બનતા નહીં. ૨૦ વર્ષ પછી પણ સીડીએસની નિયુક્તિ ન થાત. ન તો ત્રણ તલાક હટતો કે ૩૭૦ પણ રહી જાત. અમને અહીં આવીને કામ કરવાની તક મળી છે.

વડાપ્રધાને કહ્યું હતું કે, કેટલાક લોકો કહી રહ્યાં છે કે, નાગરિકતા કાયદો લાવવાની આટલી બધી ઉતાવળ જ કેમ હતી. કેટલાક લોકો કહી રહ્યાં છે કે, અમે હિંદુ-મુસલમાન કરી રહ્યાં છીએ. અમે લોકોને વિભાજીત કરવા માંગીએ છીએ. જોરદાર જવાબ આપતા પીએમ મોદીએ કહ્યું હતું કે, જે લોકો અમારા પર આ પ્રકારના આરોપ લગાવી રહ્યાં છે તેઓ જ ટુકડે-ટુકડે સમુદાયના લોકોની સાથે છે. તેમની સાથે ફોટા પડાવી રહ્યાં છે. જ્યારે આ પ્રકારની ભાષા પાકિસ્તાનની છે. આ લોકોએ દેશના મુસલમાનોને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો છે, પણ તેમનું નિવેદન કામ ના આવ્યું. કોંગ્રેસ માટે તો જે લોકો મુસ્લિમ છે તે અમારા માટે હિંદુસ્તાની છે.

નાગરિકતા કાયદાના કારણે હિન્દુસ્તાનના કોઈ પણ નાગરિક પર કોઈ પણ જાતની અસર થવાની નથી.જે લોકોને દેશની જનતાને નકારી કાઢ્યા છે તેઓ વોટબેંકની રાજનીતિ કરવા માટે ભ્રમણાઓ ફેલાવી રહ્યા છે.કોંગ્રેસ લઘુમતીઓના નામ પર રોટલા શેકે છે પણ કોંગ્રેસને દિલ્હીના શીખ વિરોધી તોફાનો યાદ નથી..શું શીખો અલ્પસંખ્યક નહોતા..ત્યારે શીખોને સળગાવાયા હતા અને આ આરોપીઓને જેલમાં નહોતા મોકલાયા ..જેમના પર તોફાનો ભડકાવવાનો આરોપ છે તેમને સીએમ બનાવી દીધા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અમારી સરકાર આવવાથી દેશ બદલાયો છે, અમારી સરકાર જુની પદ્ધતિથી નથી ચાલતી. અમે કેટલાય નવા બદલાવો કર્યા છે. જ્યારે વિપક્ષ મને પૂછે છે કે, આ કામ કેમ ના થયું? તો હું તેને આલોચાના નથી સમજતો હું તેને માર્ગદર્શન સમજૂ છું. તમે મારી પર વિશ્વાસ વ્યક્ત કર્યો કે, કરશે તો આજ વ્યક્તિ. કિસાન સમ્માન યોજના અંતર્ગત તેમના ખાતામાં મધ્યસ્થીઓ વિના ૪૫ હજાર કરોડ રુપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે અમારી સરકાર લીકથી હટીને કામ કરી રહી છે. અમે બહુ તેજ ગતિથી વિકાસના કાર્યો પૂર્ણ કરી રહ્યા છીએ. હવે કામની સ્પીડ પણ વધી છે અને સ્કીલ પણ. વડાપ્રધાને લોકસભામાં રામ મંદિરનો મુદ્દો પણ ઉઠાવ્યો. પીએમ મોદીએ કહ્યું કે જો અમે જૂની ઢબ પર ચાલ્યા હોત તો રામ મંદિરનો દાયકાઓ જૂનો મામલો ન ઉકેલાયો હોત. બોડો ઉગ્રવાદીઓ સાથે થયેલી સમજૂતિના બહાને પણ કોંગ્રેસ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે પહેલા ફક્ત કાગળ પર જ સમજૂતિ થતી હતી.

વડાપ્રધાન મોદીએ પંડિત જવાહરલાલ નેહરુનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, પંડિત નેહરુ આટલા મોટા વિચારક હતા, તો પછી તેમણે તે સમયે ત્યાંના લઘુમતિઓની જગ્યાએ ત્યાંના તમામ નાગરિકોને સમજૂતિમાં સામેલ કેમ ના કર્યા? જે વાત આજે અમે જણાવી રહ્યાં છે, તે વાત નેહરૂએ પણ કહી હતી. શું નેહરુ સાંપ્રદાયિક હતા?

પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસ સંવિધાન બચાવોની વાત કરે છે. પરંતુ તેમણે ઈમરજન્સીમાં સંવિધાન બચાવવાનું યાદ રહ્યું નહોતું. તેમણે દાહ દહેલવીનો શેર લલકારતા કહ્યું કે, ખૂબ પર્દા હૈ કિ ચિલમન સે લગે બૈઠે હૈ, સાફ છિપતે ભી નહીં, સામને આતે ભી નહીં.

આરબીઆઈ
પહેલા પાનાથી ચાલુ

છે કારણ કે, તમારા ચેકને ક્લિયર થવા માટે એક બેંકથી બીજી બેંક નહી જવું પડે. આ સિસ્ટમ હેઠળ ચેક ક્લિયર કરવા માટે એક બેંકથી બીજી બેંક મોકલવાની જગ્યાએ તેની ઈલેક્ટ્રોનિક ઈમેજ મોકલવામાં આવે છે. જેનાથી સમય બચશે.

ઉલ્લેખનિય છે કે, ચેક ટ્રાન્ઝેક્શન સિસ્ટમ ભારતમાં સૌથી પહેલા ૨૦૧૦માં લાવવામાં આવ્યું હતું. તે બાદ ઘણી જગ્યાએ તેને લાગૂ કરવામાં આવ્યું. સિસ્ટમ હેઠળ બેંક ચેકની એમઆઈઆરસી બેંડ અને કેપ્ચર સિસ્ટમની મદદથી ચેકની તસવીર ખેંચે છે. આ સિસ્ટમથી સીટીએસ ચેકનું ક્લિયરિંગ ૨૪ કલાકમાં થઈ જવાની શક્યતા છે. ચેકનો ખોટો ઉપયોગ નહી થઈ શકે અને ચેક ખોવાઈ જવાની શક્યતા નહી રહે.

મહાભિયોગ
પહેલા પાનાથી ચાલુ

દુરૂપયોગના આરોપમાં ટ્રમ્પને ૫૨-૪૮ તેમજ કોંગ્રેસના કામમાં રોડા નાંખવાના આરોપમાં ૫૩-૪૭ મત મળ્યા હતા. મહાભિયોગના સંકટમાંથી બહાર આવનાર ટ્રમ્પ અમેરિકાના ઈતિહાસના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા છે. અગાઉ ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ જોનસન તેમજ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનને મહાભિયોગના આરોપનો સામનો કરવો પડ્યો હતો.

ઉટાહના સેનેટર મેટ રોમની એકમાત્ર રિપબ્લિકન હતા, જેમણે ટ્રમ્પ વિરુદ્ધ (સત્તાના દુરૂપયોગના સમર્થનમાં) મત નાંખ્યો હતો. રોમનીએ કોંગ્રેસના કામમાં અવરોધ લાવવાના આરોપમાં ટ્રમ્પનું સમર્થન કર્યું હતું.

૧૮ ડિસેમ્બરના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. ટ્રમ્પ સામે આક્ષેપ કરાયો હતો કે તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર જેલેન્સકી પર ૨૦૨૦માં ડેમોક્રેટિક પાર્ટીના સંભવિત ઉમેદવાર જો બિડેન અને તેમના પુત્ર વિરુદ્ધ ભ્રષ્ટાચારની તપાસ માટે દબાણ કર્યું હતું. બિડેનના પુત્ર યુક્રેનની એક એનર્જી કંપનીમાં ઉચ્ચ અધિકારી છે. ટ્રમ્પ સામે એવો આક્ષેપ પણ હતો કે તેમણે રાજકીય લાભ માટે યુક્રેનને મળતી આર્થિક મદદને અટકાવી હતી. અમેરિકાના ઈતિહાસમાં ત્રીજી વખત એવું બન્યું છે કે રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી થઈ હોય. અગાઉ બન્ને રાષ્ટ્રપતિ વિરુદ્ધ તેમના બીજા કાર્યકાળમાં આ કાર્યવાહી થઈ હતી જ્યારે ટ્રમ્પ પ્રથમ રાષ્ટ્રપતિ છે જેમને પહેલા જ કાર્યકાળમાં મહાભિયોગની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે.

સ્ટેટ ઓફ ધ યુનિયન સ્પીચમાં યુએસ લોકશાહીનું વરવું પ્રદર્શન

દરમિયાન મંગળવારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સ્ટેટ ઓફ ધ યુનિયન (સંસદના બન્ને ગૃહ)ને સંબોધન કર્યું હતું. ટ્રમ્પના સંબોધન પૂર્વે તેઓ ગૃહમાં પ્રવેશ્યા ત્યારે સ્પીકર નેન્સી પેલોસીએ તેમની સાથે હસ્તધૂનન કરવા હાથ લંબાવ્યો હતો જો કે ટ્રમ્પે તેમની સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. ત્યારબાદ ટ્રમ્પનું ભાષણ પૂર્ણ થયું ત્યારે પેલોસીએ ટ્રમ્પના ભાષણની નકલના દસ્તાવેજને સંસદમાં જ ફાડી નાંખ્યા હતા. આમ યુએસની લોકશાહીનું વરવું પ્રદર્શન જોવા મળ્યું હતું.

પાકિસ્તાનમાં
પહેલા પાનાથી ચાલુ

તેમના અધિકારોની રક્ષ કરવું ગઠબંધનની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંથી એક છે. અમે ઈશનિંદા અને ધર્મત્યાગના કાયદાઓની નિંદા કરીએ છીએ. દરેક ધર્મોમાં વિશ્વાસને લઈને ચીનની કમ્યૂનિસ્ટ પાર્ટીની શત્રુતા જગજાહેર છે, અમે તેની પણ નિંદા કરીએ છીએ. અમે જાણીએ છીએ કે ચીનના દબાણ છતા આ ગઠબંધનમાંથી ઘણા લોકો પરત ગયા નથી, તેથી અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.

વિરમગામ ખાતે સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપાની મઢુલીએ બટુક ભોજનનું આયોજન કરાયુ



• છ હજારથી વધુ ભક્તોએ બાપા સિતારામ મઢુલીએ દર્શન કરીને પ્રસાદ ગ્રહણ કર્યો

• શાળાના બાળકોને પ્રસાદની સાથે નોટબુક, પેન્સિલનું પણ વિતરણ કરવામાં આવ્યુ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના વિરમગામમાં માંડલ રોડ પર આવેલી સંત શિરોમણી સદગુરૂ શ્રી બજરંગદાસ બાપાની બાપા સીતારામ મઢુલી ખાતે ગુરૂવારે વહેલી સવારથી જ ભક્તોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો હતો. બાપા સિતારામ મઢુલીના ભક્તો દ્વારા બટુક ભોજન તથા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ચાર હજારથી વધુ બાળકો સહિત કુલ છ હજારથી વધુ લોકોએ બજરંગદાસ બાપાનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. વિરમગામ શહેરમાં આવેલી શાળોઓના વિદ્યાર્થીઓએ બાપા સિતારામ મઢુલીએ જઈને આશિર્વાદ મેળવ્યા હતા. વિરમગામ ખાતે બજરંગદાસ બાપાના ભક્તો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બટુક ભોજન કરાવવામાં આવ્યુ હતુ. વિરમગામ ખાતે આયોજિક કાર્યક્રમને સફળ બનાવવા માટે ભીખાભાઈ બારડ, કાળુભાઈ ઠાકોર, કીશનભાઈ ઠાકોર, ભરતભાઈ દલવાડી, દલાભાઈ, કિશોરભાઈ કડીયા, પરાગભાઈ, દશરથભાઈ દલવાડી, અશ્વિનભાઈ ચૌહાણ સહિના ભક્તોએ જહેમત ઉઠાવી હતી.

વિરમગામમાં આવેલ બાપા સિતારમ મઢુલીના ભક્તઓએ જણાવ્યુ હતુ કે, વિરમગામ શહેરમાં અનેક ધાર્મિક સ્થાનો આવેલા છે અને વિરમગામમાં અવાર નવાર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. માંડલ રોડ પર આવેલ બાપા સિતારામ મઢુલી દ્વારા બજરંગદાસ બાપાની પુણ્યતિથી નિમિત્તે બટુક ભોજન તથા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેનો છ હજારથી વધુ ભક્તોએ લાભ લીધો હતો.

બજરંગદાસ બાપાના સાનિધ્યમાં થયા સામાજિક સમરસતાના દર્શન

બાપા સિતારામ મઢુલી પરીવાર દ્વારા શ્રી બજરંગદાસ બાપાની પુણ્યતિથી નિમિત્તે બટુક ભોજન તથા પ્રસાદના કાર્યક્રમમાં સામાજિક સમરસતાના દર્શન થયા હતા. બટુક ભોજનમાં ઉચ નીચ કે જ્ઞાતિજાતિના ભેદભાવ વગર બધા લોકો સહભાગી થયા હતા અને વિવિધ જ્ઞાતિ સમાજના બાળકોએ એક જ પંગતમાં બેસીને બજરંગદાસ બાપાનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને સામાજિક સમરસતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.

વેપારી પાસેથી ૧૧ કરોડની છેતરપિંડી કરનાર પિતા-પુત્રની ધરપકડ



અમદાવાદ

એચડીએફસી લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીના અધિકારી બની અમદાવાદના વેપારી પાસેથી ૧૧ કરોડથી વધુની છેતરપિંડીના ગુનામાં સાયબર ક્રાઈમે મુખ્ય બે આરોપી એવા પિતા-પુત્રની દિલ્હીથી ધરપકડ કરી છે. આરોપીઓ ૫૫ બેંક એકાઉન્ટમાં આ રુપિયા મેળવ્યા હોવાનુ સામે આવ્યુ છે. નોંધનીય છે કે, આ કૌભાંડનો આંકડો વધી શકે તેમ છે જેથી પોલીસે વધુ કાર્યવાહી શરુ કરી છે.

આરોપી પિતા-પુત્ર આમ તો કરિયાણાની દુકાન ચલાવે છે પરંતુ તેમની કરતુત જાણીને તમે પણ ચોંકી જશો. આ બન્ને આરોપીઓએ પોતાના અન્ય સાગરિતો સાથે મળી અમદાવાદના કાપડના વેપારી પ્રતાપરાય આવતાની સાથે ૧૧ કરોડથી વધુની છેતરપિંડી કરી નાખી છે. આરોપીઓએ ફરિયાદીને ૧૮ થી ૨૪ ટકા સુધી વળતર આપવાની લાલચ આપી ૧૧ કરોડ મેળવી લીધા અને ૨૦૧૬થી અત્યાર સુધી એક પણ રુપિયા પરત નહી આપી તેમની સાથે છેતરપિંડી કરી નાખી છે. આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ઓથોરીટી ટુ રેમીટ, સર્ટીફિકેશન ઓફ રજીસ્ટ્રેશન, મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ સહિત અનેક સરકારી એજન્સીઓના ડુપ્લીકેટ લેટરો અને ખોટા સહીઓ વાળા લેટરો મોકલી આપેલ અને તેમની પાસેથી ૨૦૧૬થી અત્યાર સુધીમાં કરોડો રુપિયાની છેતરપિંડી કરી નાખી છે.

દારૂઓના અડ્ડાથી ત્રસ્ત ગ્રામજનોની જનતા રેડ, દારૂનો જથ્થો પોલીસ હવાલે કર્યો

ગાંધીનગર

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજ્યમાં વસતા દેશના નિવૃત સૈનિકો માટે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. પરેશ ધાનાણીએ પત્રમાં નિવૃત સૈનિકોની પડતર ૧૪ માગંણીઓ સત્વરે પુર્ણ કરવા માંગ કરી સૈનિકોની માંગમાં શહિદના પરિવારના એક સભ્યને નોકરી આપવાની સાથે સાથે, આર્થિક સહાય તેમજ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય કક્ષાનું શહિદ સ્મારક બનાવવાની માગણી કરી છે.

રાજયના મખ્યમંત્રીને રાજ્યની વર્તમાન પરિસ્થિતિ અને પ્રજાની સમસ્યાઓ અંગે પત્ર લખતા વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે રાજ્યમાં વસતા નિવૃત સૈનિકોની માંગ પુરી કરવા માટે જણાવ્યું છે. પરેશ ધાનાણીએ પત્રમાં ઉલ્લેખ કર્યો કે સૈનિકો દિવસ રાત ઠંડી કે ગરમીની ચિંતા કર્યા વિના દેશની સેવા કરતા હોય છે આવા સમયે સરકાર સામેની તેમની માગણીઓ તાત્કલીક સંતોષવી જોઈએ.

શહિદ સૈનિકોના પરિવારને એક કરોડની આર્થિક સહાય, પરિવારને પેન્શન અને એક સભ્યને રાજ્ય સરકાર દ્વારા સરકારી નોકરી આપવામાં આવે. ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનું શહિદ સ્મારક તથા સૈનિકો માટે આરામગૃહ બનાવવામાં આવે. રાજ્ય સરકારની વર્ગ ૧ થી લઈને વર્ગ ચાર સુધીની સરકારી ભરતીમાં નિવૃત સૈનિકોની અનામતનો અમલ કરાવામાં આવે અને મેરીટને ધ્યાને લીધા વિના માજી સૈનિક ગણી નિમણુક આપવામાં આવે.

બુટલેગરોની ખેર નહીં..!! ડીસીપીએ કરોડો રૂપિયાના દારૂ પર બુલડોઝર ફેરવ્યું

અમદાવાદ

આમ તો ગુજરાત રાજયમાં કરોડો રૂપિયાનો પ્રતિબંધિત દારૂ પકડાય છે. પરંતુ તાજેતરમાં અમદાવાદમાં કરોડો રૂપિયાના દારૂ પર બુલડોઝર ફર્યુ છે. લગભગ ૭ પોલીસ સ્ટેશનમાં રહેલા ૧.૭૫ કરોડ રૂપિયાની કિંમતના દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો છે.



મળતી માહિતી મુજબ અમદાવાદ ખાતે આવેલ લગભગ ૭ પોલીસ સ્ટેશનમાં રહેલા ૧.૭૫ કરોડ રૂપિયાની કિંમતના દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો છે. શહેરના રામોલ વિસ્તારમાં મેજિસ્ટ્રેટ અને ઉચ્ચ પોલીસ અધિકારીની હાજરીમાં દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. જોન ૫ પોલીસ મથકના સાત પોલીસ સ્ટેશનોમાં ઝડપાયેલ ૧.૭૫ કરોડની કિંમતના દારૂનો નાશ કરવામાં આવ્યો છે.

જો કે, બુલડોઝર ફેરવી દારૂના જથ્થાનો નાશ તો ઘણી વખત કરવામાં આવે છે પરંતુ આ વખતે ખાસ વાત એ હતી કે બુલડોઝર ફેરવનાર ખુદ ડીસીપી જોન ૫ રવી તેજા હતા. એટલે કે કદાચ ગુજરાત પોલીસના ઈતિહાસમાં પ્રથમવાર એવું બન્યું હશે કે એક આઈપીએસ કક્ષાના અધિકારી ડીસીપીએ પોતાના વિસ્તારમાં દારૂનો આટલો મોટો જથ્થો પોતે બુલડોઝર ચલાવી નાશ કર્યોછે. આ આધારે ગુજરાત પોલીસ દ્વારા દારૂની ખેપ મારતા અને બુટલેગરોને સીધી રીતે એક મેસેજ આપવામાં આવ્યો છે કે રાજ્યમાં દારૂબંધી કાયદાનો કડક રીતે પાલન કરવામાં આવશે.

ગટર લાઈનની કામગીરી વખતે ભેખડ ધસી પડતા પાંચ શ્રમિકો દટાયા, તમામનો બચાવ

ગાંધીનગર

ગુજરાતમાં શ્રમિક મજૂરોનાં જીવની કોઈ કિંમત નથી તેનાં કિસ્સાઓ અવારનવાર સામે આવતાં રહ્યા છે. કામકાજના સ્થળ પર અનેક વખત દુર્ઘટના થવાને કારણે અનેક શ્રમિકોનાં મોત નિપજ્યા છે તેમ છતાં પણ સરકાર દ્વારા તેમની સુરક્ષાને લઈ કોઈ કડક પગલાં લેવામાં આવી રહ્યા નથી. અને તે જ કારણ છે કે, વધુ એક વખત ગાંધીનગરમાં ભેખડ ધસી પડવાને કારણે પાંચ મજૂરો દટાઈ ગયા હતા. પણ જો કે તાત્કાલિક તેમનું રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરીને તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

ગાંધીનગરના કોબા વિસ્તારમાં કે. રહેજા સાઈટ પર ગુડાની ગટર લાઈન નાખવાની કામગીરી ચાલતી હતી. તે સમયે ભેખડ ધસી પડવાને કારણે પાંચ મજૂરો દટાયા હતાં. જેમાંથી પહેલાં ચાર મજૂરોને સહી સલામત બહાર કાઢી લેવામાં આવ્યાં હતા. જ્યારે પાંચમા મજૂરને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. અને લગભગ એક કલાક બાદ તે મજૂરને બહાર કાઢી લેવામાં આવ્યો હતો.

હાલ તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. છેલ્લે બહાર કઢાયેલ મજૂરને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. આ દુર્ઘટનામાં ભરતભાઈ માજી રાણા (૧૮ વર્ષ), રાજુભાઈ મેડા (૨૦ વર્ષ), બહાદુર બાડીયા (૨૧ વર્ષ), પુનીયાભાઈ મેઠા (૨૦ વર્ષ), મુકેશભાઈ (૨૦ વર્ષ) ભેખડ ધસી પડતા દટાયા હતાં.

ઉલ્લેખનીય છે કે, અનેકવાર ભેખડ ધસી પડવાને કારણે કામદારોનાં મોત થવા છતાં પણ તેમની સુરક્ષાને લઈ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતાં નથી. ગાંધીનગરની જ વાત કરીએ તો, ગાંધીનગરમાં ૧૦ દિવસ પહેલાં જ ભેખડ ધસી પડવાને કારણે ૪ મજૂરોનાં મોત નિપજ્યા હતા. ગાંધીનગર નજીક આવેલા કુડાસણની પ્રમુખ ઓર્બીટ બાંધકામ સાઈટમાં ત્રણ સર્વેયર અને એક એન્જીનીયર ભોંયરાના પ્લાન અંગે સર્વે કરી રહ્યા હતા ત્યારે તેઓ જેના ઉપર ઉભા હતા તે ભેખડ એકાએક ધરાશાયી થઇ ગઈ હતી. જેમાં તમામ ચારેય દટાઈ ગયા હતા.

આર્થિક સંકળામણને કારણે બે જીંદગી છીનવાઈ, આપઘાતની ઘટના સીસીટીવીમાં કેદ

રાજકોટ

દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે. જેના કારણે મોંઘવારીનો માર લોકોને સહન કરવો પડી રહ્યો છે. તો કેટલાક લોકો આ મોંઘવારીના કારણે રોજગારી ન મળવાથી ત્રસ્ત થઈને પોતાનું જીવન પણ ટૂંકાવી રહ્યા છે. રાજકોટમાં બુધવારના રોજ આપઘાતની બે ઘટનાઓ સામે આવી છે. આર્થિક સંકળામણને કારણે બે જિંદગીઓ છીનવાઈ જતા બંને પરિવારો દુઃખના સાગરમાં ગરકાવ થયા છે.

રાજકોટ શહેરના સાધુવાસવાણી રોડ પર આવેલા પંચેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતા પૂર્વેશભાઈ વસોયા નામના ૪૫ વર્ષીય લેઉવા પટેલ વેપારીને લોહીલુહાણ હાલતમાં શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. તબીબો દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

પૂર્વેશભાઈના પરિવારજનોએ પોલીસને વીજ કરંટથી મોત થયાનું જણાવ્યું હતું. જોકે, પોલીસની પ્રાથમિક તપાસમાં મોત વીજ કરંટથી નહીં પરંતુ ત્રીજા માળેથી કૂદીને આપઘાત કર્યાનો ખુલાસો થયો હતો. પૂર્વેશભાઈ રાજકોટ શહેરમાં ચા અને કોફીના મશીન વહેંચવાનું કામ કરતા હતા. પોલીસ તપાસમાં બેંક લોનના હપ્તા ચડી ગયા હોવાનું પણ સામે આવ્યું છે. મૃતકને સંતાનોમાં એક દીકરી અને એક દીકરો છે. ત્યારે પૂર્વેશભાઈ આત્મહત્યા કરી લેતા આ બંને સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

આત્મહત્યાનો બીજો બનાવ શહેરના સામાકાંઠા વિસ્તારમાં બનવા પામ્યો છે. રાજકોટ શહેરના વિનોદ નગરમાં રહેતા અમરાભાઈ નામના ૩૫ વર્ષિય યુવકે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે. સમગ્ર મામલે થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ પણ હાથ ધરી છે. પરિવારજનોએ જણાવ્યા પ્રમાણે મૃતક ઈંટોના ભઠ્ઠામાં મજૂરી કામ કરતો હતો. જોકે, છેલ્લા ઘણા સમયથી તેને કોઈ કામ મળ્યું નહોતું જેના કારણે તે બેરોજગાર હતો. મૃતક અમરભાઈને પણ સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. આ બંને સંતાનો એ પોતાના પિતાની છત્ર છાયા ગુમાવી છે.

૨ વર્ષમાં ૬૪ વાહનોની ચોરીને અંજામ આપનાર રીઢો વાહનચોર ઝડપાયો

ગાંધીનગર

વાહન ચોરીમાં રીઢા થઈ ગયેલા ૧૮ વર્ષના યુવકને સેક્ટર-૭ પોલીસે ઝડપી પાડ્યો છે. જુલાઈ-૨૦૧૯માં જ ૩૩ વાહન ચોરીના ગુનામાં સે-૭ ડી સ્ટાફના હાથે ઝડપાયેલો આરોપી ફરીથી ચોરીના ૮ વાહનો સાથે ઝડપાયો છે. દોઢ વર્ષ અગાઉ તે પ્રાંતિજ ખાતે ૨૩ વાહન ચોરીના ગુનામાં પકડાયો હતો. એટલે કહીં શકાય કે આરોપીએ બે વર્ષમાં ગાળામાં જ કુલ ૬૪ વાહન ચોરીને અંજામ આપ્યો છે. આવી વિગતો બહાર આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

જિલ્લામાં મિલકત સંબંધી તથા વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢવા એસપી મયૂર ચાવડાએ સૂચના આપી હતી. જે અનુસંધાને સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પીઆઈ જે. એચ. સિંધવના માર્ગદર્શનમાં સર્વેલન્સ સ્ક્વોડની ટીમ સક્રિય હતી ત્યારે કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને અગાઉ પકડાયેલા વાહન ચોર અંગે બાતમી મળી હતી.જેના આધારે પોલીસે સેક્ટર-૮ એપ્રોચ રોડ પરથી ચોરીના બાઈક સાથે યુવકને ઝડપી પાડ્યો હતો. બાદમાં સંજય ઉર્ફે લાલો બજાણીયા (રાસલોડ)ની અટકાયત કરી પૂછપરછ કરતાં તેણે અમદાવાદ, મહેસાણા, ગાંધીનગરથી ૪ બાઈક, ૩ રીક્ષા અને ૧ છોટાહાથીની ચોરીની કબૂલાત કરી હતી.

દોઢ વર્ષ પહેલાં તે ત્યારે પ્રાંતિજ વિસ્તારમાં ૨૩ વાહન ચોરીના ગુનામાં પકડાયો ત્યારે તે સગીર વયનો હતો. જે કેસમાંથી બહાર આવ્યા બાદ તેણે અન્ય એક આરોપી સાથે મળીને પ્રાંતિજ, અમદાવાદ ગાંધીનગરમાંથી ૩૩ વાહનો ચોર્યા હતા. જેમાં સેક્ટર-૭ પોલીસે તેને ઝડપી લીધો હતો.

બે યુવકોએ વીડિયો કોલિંગ કરીને મિત્રો સામે જ આપઘાત કરતા ખળભળાટ

સાવલી

પોઈચા કનોડા બ્રિજ પર સાંજે બાઈક મુકીને બે મિત્રોએ મહીસાગર નદીમાં ભૂસકો મારીને આપઘાત કર્યો હતો. જેમાં સવારે ફાયર બ્રિગેડે બંન્ને મિત્રોનાં મૃતદેહ બહાર કાઢ્યા હતાં. આ બંન્ને મિત્રોએ મરતા પહેલા પોતાના મિત્રોને વીડિયો કોલિંગ કરીને તેમની સાથે વાત કરી હતી. તેઓએ પોતાનાં મિત્રોને લાઈવ વીડિયોમાં આપઘાત કરે છે તે પણ જણાવ્યું હતું. લાઈવ વીડિયોમાં જ બંન્નેએ આપઘાત કરી લીધો હતો. તેમણે મિત્રોને કહ્યું હતું કે, મારી બહેનનું ધ્યાન રાખજો. મહત્વનું છે કે, આ બંન્ને મિત્રોએ આર્થિક ભીંસમાં આવીને અંતિમ પગલું ભર્યું હતું.

યુવરાજ નરેન્દ્રસિંહ ચૌહાણ (૨૦ વર્ષ) અને નિલેશ ભારતસિંહ ચૌહાણે (૨૦ વર્ષ) સાંજે ૬:૩૦ વાગ્યે મહિસાગર નદી પરના બ્રિજ પર પહોંચ્યા હતા. જ્યાં મહીસાગર નદીમાં કૂદીને આપઘાત કર્યો હતો. બન્ને યુવાનોએ હાથમાં હાથ પકડીને મિત્રોને વીડિયો કોલ કરીને લાઈવ ભૂસકો માર્યો હતો. બંને મિત્ર મંજુસર જીઆઈડીસીમાં નોકરી કરતા હતા. તેમણે લોન ઉપર મોબાઈલ ફોન લીધા હતા અને તેને હપ્તા નહોતા ભરાતા હોવાથી આ પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

બે દિવસ પહેલા સુરતમાં પણ એક વિદ્યાર્થીનાં આપઘાતની ઘટના સામે આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સમરસ બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસ તપાસમાં એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, 'જિંદગીથી હારી ગયો છું. આપઘાત માટે જાતે જવાબદાર છું.' પોલીસે સ્યુસાઈડ નોટ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

મંદિરમાં પ્રગટાવેલા દીવામાં વધારે ઘી હોમાતા લાગી વિકરાળ આગ લાગી

વડોદરા

વડોદરા શહેરનાં ગોત્રી વિસ્તારમાં આવેલા રત્નદીપ ડુપ્લેક્સ નામનાં એક મકાનમાં દીવાનાં કારણે આગ ભડકી ઉઠી હતી. બિલ્ડિંગનાં બીજા ફ્લોર પર આગનાં કારણે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. મકાનનાં બીજા માલે આગ જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગમાંથી ધૂમાડાનાં ગોટે ગોટા નિકળવા લાગ્યા હતા. જેના કારણે સમગ્ર બિલ્ડિંગમાં અફડા તફડી મચી ગઈ હતી. જો કે મકાનનાં સભ્યો સમયસર બહાર નિકળી જતા કોઈ જાનહાની થઈ નહોતી. ઘટનાને પગલે લોકોનાં ટોળે ટોળા એકઠા થવા લાગ્યા હતા. ફાયર વિભાગને તત્કાલ જાણ કરવામાં આવી હતી.

ફાયર વિભાગનાં અનુસાર મંદિરમાં દીવો પકટાવવામાં આવ્યો હતો. જેમાં વધારે ઘી હોમવાનાં કારણે દીવાની જ્યોત મોટી થઇ ગઈ હતી. જેના કારણે મંદિર અને ત્યાર બાદ સમગ્ર ઘરમાં આગ ફેલાવા લાગી હતી. જો કે વડીવાડી ફાયર સ્ટેશનનાં જવાનો દ્વારા કોલ મળ્યા બાદ તત્કાલ કાર્યવાહી કરતા આગ પર કાબુ મેળવી લેવાયો હતો. ઘટનામાં કોઈ જાનહાની થઈ નહોતી.

દારૂઓના અડ્ડાથી ત્રસ્ત ગ્રામજનોની જનતા રેડ, દારૂનો જથ્થો પોલીસ હવાલે કર્યો

હિંમતનગર

ઈડર તાલુકાના આરસોડિયા ગામમાં મહિલાઓ, યુવાનો અને ગામના આગેવાનોએ રાત્રે દારૂના અડ્ડાઓ પર જનતા રેડ કરી હતી. જ્યાં મોટી માત્રામાં દેશી દારૂના આથા મળી આવ્યા હતા. જેને લોકોએ જનતા રેડ બાદ પોલીસને હવાલે કર્યા હતા.

આરસોડિયા ગામમાં દેશી દારૂઓના અડ્ડાથી ત્રસ્ત થઈને મહિલાઓ સહિતના ગ્રામજનોએ જનતા રેડ કરીને દારૂનો જથ્થો ઝડપ્યો હતો. ત્યારબાદ સવારે ગામ લોકોએ કરેલી જનતા રેડ બાદ પોલીસ ગામમાં પહોંચી હતી. જેને ગામલોકોએ દારૂનો જથ્થો પોલીસ હવાલે કર્યો હતો. ગામમાં દેશી દારૂના અડ્ડાઓને પગલે લોકોમાં પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ છે.

મુંબઈના કુરારમાં ખંડણી માટે દુકાનમાં ફાયરિંગ કરનાર શૂટર સુરતથી ઝડપાયો

સુરત

મુંબઈમાં મલાડના કુરાર વિલેજમાં બે દુકાનોમાં ઘૂસીને ફાયરિંગ કરીને ખંડણી આપવાની ધમકી આપતું પરબીડિયું દુકાનદારને પકડાવી જવા પ્રકરણે પોલીસે મંગળવારે પાંચ આરોપીની ધરપકડ કરી હતી. જેમાં મુખ્ય આરોપી ઉદય પાઠક નામનો ઈસમ હોવાની જાણ થતા પોલીસ તપાસ હાથ ધરી હતી. દરમિયાન ફાયરિંગ કરનાર સંતોષ શર્મા નામનો શૂટર સુરતમાં હોવાની જાણ થતા તેની સુરતથી ધરપકડ કરી મુંબઈ લઈ જવામાં આવ્યો છે.

૧ ફેબ્રુઆરીના રોજ કુરાર વિલેજ શિવાજી નગર રોડ, ભીમનગર ખાતે એક મેડિકલની દુકાન અને રોકડિયા ટ્રેડર્સ એમ બે દુકાનમાં એક બુરખાધારી યુવાન આવ્યો હતો. તેણે મોઢા પર બુરખો પહેરેલો હતો. દુકાનમાં આવીને તેણે એક ગોળી છોડી હતી, જે પછી એક બંધ પરબીડિયું ત્યાં છોડી ગયો હતો. જેમાં ખંડણી નહીં આપે તો જાનથી હાથ ધોવા પડશે એવો ઈશારો આપવામાં આવ્યો હતો. આ અંગે ફરિયાદ થતાં જ પોલીસની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.

પોલીસની સઘન તપાસને અંતે પરેલથી નિખિલ ચંદ્રકાંત રોકડે (ઉ.વ.૩૦)ની ધરપકડ કરવામાં આવી હતી. રોકડેએ કબૂલ કર્યું હતું કે, ઉદય પાઠક નામના ગુંડાએ દસ- દસ હજારનું મહેનતાણું આપવાની લાલચ બતાવીને આ કાંડ કરાવ્યું હતું. તેના ઈશારે જ ઘટનાના દિવસે ગોળીબાર કરીને ખંડણીની માંગણી કરી હતી.

નવી સિવિલ હોસ્પિટલમાં કોરોના વાયરસ અંગે વર્કશોપ યોજાયો

આરોગ્ય કર્મચારીઓને નિષ્ણાંત તબીબોએ માર્ગદર્શન આપ્યું

સુરત

ડૉ. વિકાસબેન દેસાઈ અને પી.એસ.એમ. વિભાગના વડા ડૉ. જયેશભાઈ કોસંબીયાના માર્ગદર્શન હેઠળ સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલ, મહાવીર હોસ્પિટલ, મસ્કતિ, લોખાત સહિત ખાનગી હોસ્પિટલમાં આશરે ૩૫૦થી વધુ નર્સિસને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં માઈક્રો બાયોલોજી વિભાગના વડા ડૉ. નીતા ખંડેવાલ અને તેમની ટીમ સહિત માસ્ક, કેપ, ગાઉન, ચશ્મા અને કીટ કેવી રીતે પહેરવી તે અંગે સમજ આપી હતી. મેડીસીન વિભાગના ડૉ. પ્રતિક દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી.

નર્સિસ સાથે દર્દી અને સાવચેતીના સંદર્ભે પ્રશ્નોત્તરી પણ કરી હતી. આ પ્રસંગે નર્સિંગ સુપ્રી. જાગૃતિબેન, આર.એમ.ઓ. ડૉ. કેતન નાયક, વિવિધ હોસ્પિટલના નર્સિંગ સુપ્રિ. નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, નર્સિંગ એસો. દિનેશ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારનું સંકલન દિનેશ અગ્રવાલ, જગદીશ અને નર્સિંગ એસો. પ્રમુખ અશ્વિન પંડ્યાએ કર્યું હતું.

બોગસ દાખલા બનાવી આદિવાસીઓના હક્કો છીનવવાના વિરોધમાં કલેક્ટરને આવેદનપત્ર

સુરત

ખોટા આદિવાસી જાતિ પ્રમાણપત્ર મેળવીને સરકારી નોકરીમાં પસંદગી પામેલાઓને દૂર કરીને તેની જગ્યાએ સાચા આદિવાસીને નોકરી આપવા તથા ખોટા લાભ લેનાર સામે આકરી કાર્યવાહીની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીએ ઉમટેલા ૨૦૦ જેટલા આદિવાસી સ્ત્રી, બાળકો અને યુવકોએ આદિવાસીના પ્રમાણપત્ર અંગે તપાસ કરવાની માંગ કરી આદિવાસીઓને ન્યાય આપવાની માંગ કરી હતી.

સાચા આદિવાસી અધિકારી સમિતી દ્વારા કલેક્ટર કેચરીએ મોરચો લઈને આવવામાં આવ્યો હતો. કલેક્ટરને આવેદનપત્ર આપતાં આદિવાસીઓએ જણાવ્યું હતું કે, બોગસ દાખલા મેળવીને આદિવાસીઓના હક્કો છીનવવા પ્રયાસ થઈ રહ્યો છે.બંધારણે આપેલા વિશેષ હક્કનો ઉપયોગ ખોટા દાખલા બનાવીને કરાતો હોવાનુંસામે આવ્યું છે. સરકારે અગાઉ બોગસ પ્રમાણપત્ર રજૂ કરીને નોકરીઓ મેળવનારાને ગેરલાયક ઠેરવ્યાં છે. આ ગેરલાયક ઠેરવેલા ખોટા આદિવાસીની જગ્યાએ સાચા આદિવાસીઓને નિમણૂંક આપીને ન્યાય આપવો જોઈએ. સાચા આદિવાસીઓએ નારેબાજી સાથે પોતાનો અવાજ બૂલંદ બનાવ્યો હતો.

વનિતા વિશ્રામમાં સેવા આપનાર કુસુમ પાંડે એનઆઈએસ મહિલા ક્રિકેટર કોચ તરીકે કવૉલીફાય

સુરત

અઠવાલાઈન્સ સુરત ખાતેની વનિતા વિશ્રામમાં મહિલા ક્રિકેટ કોચરૂપે સેવા આપી રહેલા કુમારી કુસુમ રાજેશભાઈ પાંડેએ હાલમાં જ ભુવનેશ્વર-ઓરિસ્સા ખાતે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા યાજોયેલ છ અઠવાડિયા માટેના સર્ટિફિકેટ ક્રિકેટ કોચિંગ કોર્સમાં સફળતા મેળવી સંસ્થા તથા ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું.

વનિતા વિશ્રામના ટ્રસ્ટી વા.ચેરમેન અશ્વિનભાઈ મહેતાના જણાવ્યા મુજબ મહિલા ક્રિકેટ કોચ કુસુમ પાંડેની લાયકાત તથા ક્રિકેટ કોચિંગ ક્ષેત્રો કંઈક કરી બતાવવાની ધગસને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા તેઓને ભુવનેશ્વર ખાતેના સ્પોર્ટ્સ ઓઠોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ છ અઠવાડિયાના સર્ટિફિકેટ ક્રિકેટ કોચિંગ કેમ્પમાં મોકલવામાં આવ્યા હતા. ગ્રેજ્યુએટ કુસુમ પાંડેએ સ્કુલ કાળ દરમિયાન અંડર ૧૬ ગુજરાત સ્કુલ ટીમનું તથા કોલેજ કાળ વેળા ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધામાં ઓલરાઉન્ડર તરીકે પ્રસંશનીય દેખાવ કર્યો હતો.

બોર્ડ પરીક્ષા માટે આત્મ વિશ્વાસ હેલ્પ લાઈનનો આરંભ કરાયો

વલસાડ

વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લામાં આવેલા માધ્યકમિક અને ઉચ્ચ તર માધ્ય મિક શૈક્ષણિક સંકુલોમાં આગામી માર્ચ-૨૦૨૦માં ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થી બોર્ડની જાહેર પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓ તણાવમુકત તેમજ હમારાત્મ ક વલણ સાથે કારકિર્દીની સીમા ચિહ્નરૂપ જાહેર પરીક્ષામાં સફળતા પ્રાપ્તક કરે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે આત્મવિશ્વાસ હેલ્પલાઈન તા.૦૫/૦૨/૨૦૨૦થી શરૂ કરવામાં આવશે. જે હેલ્પલાઈનમાં મનોચિકિત્સક, કાઉન્સેલર તેમજ વિવિધ વિષયોના નિષ્ણાતો માર્ગદર્શન માટે સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક તેમજ સાંજે ૬-૦૦ થી ૮-૦૦ કલાક દરમિયાન ઉપસ્થિત રહેશે. જ્યારે મનોચિકિત્સક તરીકે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજ, વલસાડના ડૉ. મનુભાઈ પરમારના મો.નં. ૯૪૦૮૨૦૦૫૧૯ ઉપર કોઈપણ સમયે ફોન કરી માર્ગદર્શન મેળવી શકાશે.

ધો-૧૦ અને ધો-૧૨ના સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહના વિવિધ વિષયોના જે વિષય શિક્ષકોની સ્વેચ્છાએ આ હેલ્પલાઈન થકી આ ભગીરથ કાર્ય માટે સંમત થયા છે તે વિષય નિષ્ણાતોના ફોન નંબર ઉપર સંપર્ક કરી વાલીઓ કે વિદ્યાર્થીઓ પોતાની મુંઝવણો દુર કરી શકે છે. હેલ્પલાઈન માટે ૭૫-નિષ્ણાતોની ટીમને વેદાંત મલ્ટીપર્પઝ સ્કુલ, મગોદ ડુંગરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી કે. એફ. વસાવા, મનોચિકિત્સક ડો.મનુભાઈ પરમાર તથા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ વલસાડના મનોચિકિત્સકના અન્ય પ્રોફેસરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વઘઈમાં સ્વરોજગારી અંગે યોજાયેલી તાલીમલક્ષી શિબિર

પાપડ, અથાણુ અને મસાલો બનાવવાની તાલીમ

આહવા

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના કોશમાળ ગામે સ્વસહાય જૂથના બહેનોને આજીવિકા મળી રહે તે હેતુથી બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન,આહવા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે તા.૨૦/૦૧/૨૦૨૦ થી તા.૨૯/૦૧/૨૦૨૦ દરમિયાન પાપડ અથાણુ અને મસાલા પાઉડર બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

આ દશ દિવસીય તાલીમમાં સ્વસહાય જૂથના બહેનોને ડાંગના પ્રખ્યાત નાગલી પાપડ,વાંસના અથાણા,દેશી મસાલા પાઉડર ને આવરી લેતા બીજા વિવિધ પાપડ, બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં બરોડા આરસેટી ડાયરેકટર શ્રી વિષ્ણુભાઈ પટેલ,તાલુકા લાઈવલીહુડ મેનેજરશ્રી નિલેશભાઈ ભીમશન,ક્લસ્ટર કો.ઓર્ડિનેટર શ્રી ઉર્મિલાબેન,ધર્મિષ્ઠાબેન તથા આરસેટી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહાનુભાવોએ સ્વસહાય જૂથ તાલીમાર્થી બહેનોને તાલીમના ઉપયોગથી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી પગભર બનવા શુભેચ્છા પાઠવી હતી.

વેચેલા માલની ઉઘરાણી કરતા 'થાય તે કરી લેવા' ધમકી આપી

સુરત

રૂપિયા ૭.૦૨ લાખની કિંમતની એમ્બ્રોડરી દોરી ખરીનારે વેપારીને પેમેન્ટ કરવાને બદલે તારાથી થાય તે કરી લેવાની ધમકી આપ્યાની ફરિયાદ કાપોદ્રા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા ગામ સરગમ સોસાયટીમાં રહેતાં વેપારી જયસુખ પોપટ નારોલાએ આરોપી હસમુખ મગન ગજેરા રહે. સૌરાષ્ટ્ર સોસાયટી, વરાછા, વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી રૂપિયા ૭,૦૨,૬૬૦ની કિંમતની એમ્બ્રોઈડરી દોરીની ખરીદી કરી હતી. જે અંગેનું પેમેન્ટ ફરિયાદીએ માંગતા આરોપીએ થાય તે કરી લેવાની ધમકી આપી દુકાન બંધ કરી દીધી હતી. વેપારી જયસુખ પોપટ નારોલાએ આરોપી હસમુખ મગન ગજેરા વિરૂદ્ધ વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

કોન્સ્ટેબલને લોકોએ પોલીસના હવાલે કર્યો

પારડી

દમણથી દારૂનો નશો કરી વલસાડ જઈ રહેલા એમટીમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલની કાર પાતળીયા ચેક પોસ્ટ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન કારને ઓવરટેક કરવાની બાબતે અન્ય વાહનચાલકો સાથે બોલાચાલી થઈ હતી. જેથી લોકોએ પોલીસને જાણ કરીને પોલીસ હવાલે કર્યો હતો. પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મોગરાવાડી મણીનગર વલસાડ ખાતે રહેતા સતિષભાઈ ભગુભાઈ પટેલ (ઉ.વ.આ.૪૨)ના વલસાડ પોલીસમાં એમટી વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તેઓ દમણથી દારૂ પીને ઘર તરફ જઈ રહ્યાં હતાં. આ દરમિયાન ઓવરટેક કરવા જતાં લોકો સાથે બબાલ થતાં પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને સતિષભાઈને જોતા તેમના મોંમાથી દારૂની વાસ આવતા અને લથડીયા ખાતા હતાં. શરીરનું સમતોલન પણ જાળવી ન શકતા પંચોને બોલાવી દારૂનો નશો કરવાની પરમીટ મંગાઈ હતી પણ ન આપી શકતાં સ્વિફ્ટ કાર અને કોન્સ્ટેબલની ધરપકડ કરી પારડી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યાં હતાં.

ડિંડોલીમાં દિનેશભાઈ જાની દ્વારા શિવ કથા અને મહાયજ્ઞ

સવા લાખ રૂદ્રાક્ષનું ૧૮ ફુટ ઉંચુ શિવલિંગ સાકાર કરાશે

સુરત

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી દ્વારકાધિશની તેમજ ભગવાન શિવ-શક્તિની અસીમ કૃપાથી ન્યુ ડિંડોલીમાં શ્રી દિનેશબાઈ જાનીની ૫૦ મી કથા તેમજ શિવરાત્રીના પર્વમાં શિવને-પ્રસન્ન કરવા ના હેતુથી શિવ-કથા , શિવ-મહાપુજા, શિવ મહા યજ્ઞ અને સવાલાખ રુદ્રાક્ષનું ૧૮ ફુટ ઊંચુ શિવલિંગનું આયોજન . સોમવાર તા. ૧૭.૨.૨૦૨૦ થી તા. ૨૩.૨.૨૦૨૦ રવિવાર સુધી કરવામાં આવ્યું છે. જ્ઞાન,કર્મ અને ભક્તિ તેમજ મન, બુદ્ધિ અને અહંકાર શુદ્ધ કરે અને પ્રભુ પર ભાવ વધે અને જીવ અને શિવ નો સંબંધ સમજાય અને જીવ-શિવ બાજુ એટલે કે કલ્યાણ બાજુ જાય એવા હેતુથી દશર્ઓન કરવા, યજ્ઞમાં , પુજામાં એ વાણી રૂપે શિવકથા પરમાત્માને પ્રાપ્ત કરવા જાહેર આમંત્રણ પાઠવાયું છે. તા. ૧૭ના સોમવારે ૭.૩૦ કલાકે ભુમિ પુજન તથા ધ્વજારોહણ કરાશે. જ્યારે સવારે ૮ કલાકે શિવ મહાયજ્ઞનું આયોજન કરાયું છે. અને સાંજે સાત કરાલેક શ્યામ વિલા સોસાયટી મધુરમ સર્કલ ખરવાસાથી કથા સ્થળ સુધી પોથી યાત્રા નિકળશે. દરરોજ રાત્રે ૮.૩૦થી ૧૧ કલાક સુધી કથા યોજાશે.

કૌશિક હરિયા ટેકનીકલ સેનટર ચણોદ-વાપી ખાતે રોજગાર/ એપ્રેન્ટીસ ભરતીમેળો યોજાયો

વલસાડ: વલસાડ જિલ્લાના ચણોદ-વાપીના કૌશિક હરિયા ટેકનીકલ સેન્ટ ર ખાતે રોજગાર કચેરી, વલસાડ અને ધરમપુર દ્વારા રોજગાર/ એપ્રેન્ટીસ યોજાયો હતો. આ જોબફેર માટે બોલાવાયેલ ૭૨૪૭ ઉમેદવારો પૈકી ૭૮૩ ઉમેદવારો હાજર રહ્યા હતા. આ ભરતી મેળામાં ઉપસ્થિત ૩૮ નોકરીદાતાઓ દ્વારા ૬૧૩ ઉમેદવારોની રોજગારી માટે પ્રાથમિક પસંદગી કરવામા આવી હતી.

આ પ્રસંગે ઔદ્યોગિક સલામતી વિભાગના નાયબ નિયામક ડી.કે.વસાવા, રોજગાર અધિકારી એસ. કે. પટેલ, આઈ.ટી.આઈ ભીલાડ /વાપીના આચાર્ય જી. એન. લાડ, કૌશિક હરિયા ટેકનીકલ સેન્ટર વાપીના આચાર્ય જી. એન. લાડ સહિત રોજગારવાંચ્છુ ઓ હાજર રહ્યા હતા.

વાઈલ્ડ લાઈફ વેલફેર ફાઉન્ડેશન દ્વારા વન્યજીવ માહિતી પ્રદર્શન

તા. ૮મીએ નવસારી લુન્સીકુઈ મેદાનમાં પ્રદર્શન યોજાશે

નવસારી

વાઈલ્ડલાઈફ વેલફેર ફાઉન્ડેશન નવસારી દ્વારા તા.૦૮ અને ૦૯ ફેબ્રુઆરી-૨૦૨૦ દરમિયાન વન્યજીવ માહિતી પ્રદર્શન યોજનાર છે. જેમાં વન્યપ્રાણી, પક્ષી, સરીસૃપ અને પર્યાવરણના જતન-સંવર્ધન અંગેની માહિતી પ્રદર્શન પ્રદર્શન સવારે ૧૦-૦૦ થી રાત્રિના ૧૧-૦૦ વાગ્યા સુધી નિહાળી શકાશે.

તા.૮ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ લુન્સીકુઈ મેદાન નવસારી ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજનાર વન્યજીવ માહિતી પ્રદર્શનનું ઉદ્ઘાટન નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં માજી વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અમિતાબેન પટેલ, નેચર કલબ સુરતના શ્રી સ્નેહલભાઈ દેસાઈ, નવસારી નગરપાલિકા પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ કાસુન્દ્રા, એકઝીકયુટીવ ચેરમેન શ્રી પ્રેમચંદ લાલવાણી ઉપસ્થિત રહેશે.

સાતમી આર્થિક ગણતરીની કામગીરીમાં જાહેર જનતાને સહયોગ આપવા અનુરોધ

વલસાડ

દેશના આર્થિક ક્ષેત્રના વિકાસ તેમજ ભવિષ્ય લાંબાગાળાના આયોજન લક્ષી નિર્ણયો લેવા, દેશના આર્થિક પરિસ્થિતિનું તાજુ ચિત્ર મેળવવા ભારત સરકારશ્રી દ્વારા દર ૫(પાંચ) વર્ષે આર્થિક ગણતરી (Economic Census) કરવામાં આવે છે.

કોમન સર્વિસ સેન્ટર વલસાડ, દ્વારા સંબંધિત ગણતરીદારો અને પ્રથમ કક્ષાના સુપરવાઈઝરોને જરૂરી ક્ષેત્રિય કામગીરી અંગેની જરૂરી સંપૂર્ણ તાલીમ આપવામાં આવી છે. તા.૧૫/૦૧/૨૦૨૦ થી મોબાઈલ એપ્લીકેશનની મદદથી સાતમી આર્થિક ગણતરીની કામગીરીની શરૂઆત કરવામાં આવી છે. અને જિલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તાોરોમાં આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ કામગીરી અંતર્ગત તમામ ગણતરીદારોને CSC દ્વારા ઓળખપત્ર આપવામાં આવ્યા છે. જેથી શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત સાતમી આર્થિક ગણતરીની રાષ્ટ્રીય કામગીરીમાં ગણતરીદારો અને પ્રથમ કક્ષાના સુપરવાઈઝરોને કોઇ પણ પ્રકારની અડચણ ઊભી ન થાય અને સહયોગ મળી રહે તે માટે જાહેર જનતાને સહયોગ આપવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

પાલમાં ઢોર તબેલા માટેના ઘાસમાં આગ

સુરત

સુરતના પાલ વિસ્તારમાં આવેલા ગૌરવ પથ રોડ પરના તબેલાના ઘાંસમાં આગ લાગી ગઈ હતી. અગમ્યકારણોસર ખુલ્લા પ્લોટમાં નંખાયેલા તબેલાના ઘાંસમાં આગ ફાટી નીકળી હતી. જેથી તબેલામાં રખાયેલા પશુઓને તાત્કાલિક છોડી મુકીને બચાવી લેવામાં આવ્યાં હતાં. આગના પગલે દોડધામ મચતાં ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને આગ પર પાણીનો મારો ચલાવીને કાબૂ મેળવ્યો હતો. સદનસીબે કોઈ ઈજા જાનહાનિનો બનાવ બન્યો નહોતો.

તા.૧૫મીએ તાપી જિલ્લા સંકલન બેઠક

વ્યારા

તાપી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતીની બેઠક કલેક્ટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં તા.૧૫-૦૨-૨૦ના રોજ સવારે ૧૧.૦૦ વાગે કલેક્ટર કચેરીના સભાખંડમાં મળશે. જેની સબંધિત અધિકારીઓએ નોંધ લેવી.

૫૦૦ કરોડનાં મહાત્મા મંદિરની જાળવણી હવે હોટલ ધ લીલા વેન્ચર્સ કરશે

ગાંધીનગર

નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટ એવા ગાંધીનગરમાં રૂ.૫૦૦ કરોડમાં તૈયાર થયેલા મહાત્મા મંદિરની જાળવણી પ્રાઈવેટ કંપની એટલે કે ધ લીલા વેન્ચર્સ લિમિટેડને આપી દીધી છે. ગુજરાત સરકાર મહાત્મા મંદિરની જાળવણીમાં પહોંચી ન વળતા તેને મેઈન્ટેઈન રાખવા અને ઈન્ડિપેન્ડન્ટ વાઈબ્લિટી વધારવા તેમજ મહાત્મા મંદિરને ઈન્ટરનેશનલ સ્ટાઈલથી ચલાવવા લીલા વેન્ચર્સ લિમિટેડને સંચાલન તેમજ જાળવણીનું કામ સોંપી દેવામાં આવ્યું છે.

રાજયના ઉદ્યોગ વિભાગના સુત્રો મુજબ લીલા હોટલ એન્ડ રિસોર્ટને મેનેજમેન્ટ ફી તરીકે બેઝ્ડ ફી અને પ્રોત્સાહક ફી તરીકે ચૂકવવાનું નક્કી થયું છે. બેઝ મેનેજમેન્ટ માટે પ્રત્યેક નાણાંકીય વર્ષે એટલે કે દર વર્ષની કુલ આવકના બે ટકા અને કુલ નફામાંથી ફી તરીકે ચૂકવેલી રકમ બાદ કરતા બાકી રહેતા નફામાંથી સંચાલન વર્ષને ધ્યાનમાં લઈ નફાના ૦થી ૬.૫ ટકાની રકમ પ્રોત્સાહક ફી તરીકે ચૂકવવાનો નિર્ણય લીધો છે.

મહાત્મા મંદિર સેકટર ૧૩ ગાંધીનગર ખાતે આવેલું એક સંમેલન અને પ્રદર્શન કેન્દ્ર તેમજ સ્મારક સંકુલ છે. તે મહાત્મા ગાંધીના જીવન અને દર્શનથી પ્રેરિત છે. આ સંકુલ ૩૪ એકરમાં ફેલાયેલું ભારતનું સૌથી મોટું સંમેલન કેન્દ્ર છે.



સુરત મહાનગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા સેંકડો હંગામી કર્મચારીઓને કાયમી કરવાની માંગમી સાથે મુગલસરાઈ સ્થિત સુરત મહાનગરપાલિકા પાસે ભૂખ હડતળ યોજવામાં આવી છે. તસ્વીરમાં હડતાળ પર ઉતરેલા હંગામી કર્મચારીઓ નજરે પડે છે.

કળિયુગી જનેતા બ્રિજ નીચે કડકડતી ઠંડીમાં નવજાત બાળકીને ત્યજી ફરાર

પારડી

સંતાન સુખ માટે પરિવાર હોસ્પિટલ કે મંદિરો ગણતા થાકતા નથી. ત્યારે જેને સંતાન સુખ મળ્યું એવી નિષ્ઠુર જનેતા નવજાત બાળકીને ઉદવાડા બ્રિજ નીચે બુધવારની રાત્રીએ આગિયારેક વાગ્યે ત્યજીને ફરાર થઈ ગઈ હતી. કડકડતી ઠંડીમાં બ્રિજ નીચેથી પસાર થતાં કોઈક રાહદારીને બાળકીનો અવાજ સંભળાતા બાળકી અંગે પારડી પોલીસને જાણ કરી હતી જેને પગલે પારડી પોલીસની ટીમ સાથે મહિલા પોલીસ કર્મી તૃમ્બિેન તાત્કાલીક ઉદવાડા પહોચ્યાં હતા. બાળકી ભૂખના માર્યે રડતી અને ઠંડીમાં ધ્રૂજતી જણાતા બાળકીને તાત્કાલિક પોલીસવાનમાં પારડી સીએચસી ખાતે સારવાર માટે ખસેડાઇ હતી. બાળકી ઠંડીના કારણે હાયપોથર્મિયાની સ્થિતિમાં મૂકાતા તબિયત નાજુક બની હતી. હોસ્પિટલના ડો. હરજીતપાલ સિંગે પ્રાથમિક સારવાર આપી હતી અને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

ડો. હરજીતપાલ સિંગે જણાવ્યુ હતું કે બાળકીનો જન્મ લગભગ આઠથી દસ દિવસ પહેલા થયો હોવાનો અંદાજ છે. તેનું વજન બે કિલો છે.અને તેનો જન્મ પણ હોસ્પિટલમાં થયો હોવાનો જણાઈ આવે છે. ઓછું વજનના અને ઠંડી લાગતાં તેની હાલત નાજુક હોવાનું જણાવ્યુ હતું.

નિષ્ઠુર જનેતા તો બાળકીને કડકડતી ઠંડીમાં બ્રિજ નીચે તરછોડી જતી રહી હતી. પરંતુ પારડી મહિલા પોલીસને જાણ કરાતા તૃમ્બિેન ઘટના સ્થળે પહોચી ગયા હતા. અને માતાની જેમ મહિલા પોલીસે બાળકીને તાત્કાલિક ખોળામાં લઈ ગરમ કપડાંમાં વિટાળી લીધી હતી અને દૂધની વ્યવસ્થા કરી દૂધ પીવડાવી હોસ્પિટલ સારવાર માટે લઈ ગઈ માનવતા મહેકાવી હતી.

ડાંગ અને તાપી જિલ્લાનો ભરતી મેળો વાલોડ કોલેજમાં યોજાશે

૫૦ જેટલી ઈન્ડસ્ટ્રીઝ ભરતી મેળામાં ઉમેદવારોની પસંદગી કરશે

આહવા

ગુજરાત સરકાર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નોકરીની તકો ઉપલબ્ધ થાય તે માટે અભ્યાસ કરતા યુવાન/યુવતીઓ તેમજ જેને નોકરીદાતાની જરૂર છે એવી ઈન્ડસ્ટ્રી, એજન્સી સંસ્થાઓને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટેનું આયોજન કરેલ છે. વર્ષ ૨૦૧૮/૧૯ ના અનુભવ બાદ આ વર્ષે પણ ૨૦૧૯/૨૦ નો રોજગાર ભરતી કેમ્પ ગુજરાતમાં તમામ જિલ્લામાં ૩૦ સ્થળોએ યોજાનાર છે.

તા.૦૭/૦૨/૨૦૨૦ ના રોજ તાપી અને ડાંગ જિલ્લાનો રોજગાર ભરતી મેળો સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ ખાતે યોવાનાર છે. જેમાં તાપી અને ડાંગ જિલ્લામાં આવેલ જુદી જુદી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ તેમજ ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓના છેલ્લા વર્ષમાં ભણતા ડિગ્રી અને ડિપ્લોમા ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. સદર કાર્યક્રમમાં ૫૦ જેટલી ઈન્ડસ્ટ્રીઓ/એજન્સીઓ અને હજારથી વધુ નોકરી વાંચ્છુક ઉમેદવારો ભાગ લેનાર છે. આ માટેની તમામ વ્યવસ્થા શ્રીમતી અંજુ શર્મા, (આઈ.એ.એસ.) તથા અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ થનાર છે.અને કાર્યક્રમનો તમામ ખર્ચ ગુજરાત સરકાર દ્વારા થનાર છે. છેલ્લા વર્ષમાં ભણતા ડિગ્રી/ડિપ્લોમાના વિદ્યાર્થીઓને જે લોકોને નોકરીની જરૂર છે તેઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા ઊભી થયેલી આ ઉમદા વ્યવસ્થા છે. એમ આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજની અખબારી યાદીમાં જણાવાયું છે.

સ્કૂલે ભણવા નહીં જતા બાળકો માટે વ્યાપક સર્વે હાથ ધરાશે

રખડતા, મજૂરી કરતા અને ભીખ માંગતા બાળકોને શોધવા ઝુંબેશ

નવસારી

સમગ્ર શિક્ષા નવસારી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ નવસારી અંતર્ગત ૬ થી ૧૮ વર્ષની વયજૂથનાં શાળાએ ન ગયેલા અને શાળામાંથી અધવચ્ચેથી ઉઠી ગયેલાં ૬ થી ૧૮ વર્ષની વયજૂથનાં બાળકોની ઓળખ માટે સર્વે ફેબ્રુઆરી-૨૦૨૦ દરમિયાન થનાર છે. નવસારી ગ્રામ્ય અને શહેરી વિસ્તારની આસપાક કે જયાં સ્લમ વિસ્તાર, ઝૂંપડપટ્ટ, વિસ્તાર, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો, ફેકટરી વિસ્તાર, વર્ક સાઇડ કે જયાં રખડતાં, ભટકતાં, ચાની કિટલી પર કામ કરતાં બાળકો જાવા મળે તો આ બાળકોને નજીકની સરકારી શાળામાં અથવા ટોલ ફી નંબર-૧૮૦૦-૨૩૩-૧૭૦૯ પર જાણ કરી બાળકોનો શિક્ષણમાં સહભાગી થવા જિલ્લા પ્રાથમિશ શિક્ષણાધિકારી, જિલ્લા પંચાયત નવસારી દ્વારા યાદીમાં જણાવાયું છે.

વ્યારા હોસ્પિટલમાં નિઃશુલ્ક સર્જિકલ કેમ્પનું આયોજન

વ્યારા

વ્યારાની કાળીદાસ હોસ્પિટલ ખાતે આગામી તા.૧૫/૧૬-૦૨-૨૦ દરમિયાન વિના મુલ્યે સર્જીકલ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં નિષ્ણાત ડોક્ટરો દ્વારા હર્નિયા, હાઈડ્રોસીલ, એપેન્ડીક્સ,પથરી, નાની-મોટી ગાંઠ તથા ગર્ભાશયને લગતા ઓપરેશનો વિના મુલ્ય કરવામાં આવશે. દર્દી તથા તેમના સગાઓ માટે રહેવા જમવાની સમગ્ર વ્યવસ્થાઓ પણ હોસ્પિટલ દ્વારા કરવામાં આવી છે. તાપી, ડાંગ, નવસારી, સુરત સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાના દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા વિનંતી છે.

સુરત એસવીએનઆઈટીમાં કાર્યરત ત્રીપલ આઈટીને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો

સાંસદ સી.આર.પાટીલના પ્રયાસો ફળીભૂત

સુરત

સુરત શહેર અને દક્ષિણ ગુજરાતનાં વિદ્યાર્થીઓ માટે ખુશખબર છે, સાંસદ શ્રી સી આર પાટીલની રજૂઆતનાં પગલે સુરત શહેરને IIIT મળી રહી છે. કેબિનેટ દ્વારા હાલમાં જ સુરત શહેર માટે IIIT માટે બિલ પાસ કરાયું છે. સુરત સહિત અન્ય ચાર શહેરોમાં પણ PPP મોડેલ પર IIIT બનાવાશે.

અ ા ઈ અ ા ઈ ટ ી એન્જીનિયરીગનાં સ્ટુડન્ટ્સ માટે છે, જ્યારે આઈઆઈઆઈ.ટી ઈન્ફર્મેશન ટેકનોલોજીનાં સ્ટુડન્ટ્સ માટે છે. ૨૦૧૭માં IIIT માટે નિયમ અને કાયદા બનાવવામાં આવ્યા હતા.

ઈન્ફર્મેશન ટેકનોલોજી અત્યારનાં શિક્ષણની માંગ છે, સુરત અને દક્ષિણ ગુજરાતનાં વિદ્યાર્થીઓને હવે ઘર આંગણે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો અભ્યાસ કરવા મળશે. ઈન્ફર્મેશન ટેકનોલોજીનાં વિષયમાં જે વિદ્યાર્થીઓને આગળ ભણવું હશે એમના માટે પણ સુવિધા થશે અને સરળતાથી આગળ ભણી શકશે. IIITને કારણે કોર્પોરેટ સેક્ટરમાં વધારો થશે અને રોજગારીની તકો પણ ઊભી થશે.

પીપીપી ધોરણે હાલમાં સુરત સહિત ભોપાલ, ભાગલપુર, અગરતલા અને રાઈચુર ખાતે પણ IIIT શરૂ કરવાની મંજૂરી મળી છે.

દુકાનદારનો નોકર રૂ. ૨૦ લાખના ફેન્સી લેંઘાનો માલ લઈ છુમંતર

વેપારીના ગોડાઉનમાંથી કર્મચારી માલનો જથ્થો તફડાવી ગયો

સુરત

રૂપિયા ૨૦ લાખની કિંમતના ફેન્સી લેંઘાનો જથ્થો લઈને નાશી જનાર કર્મચારી સામે વેપારીઓ મહિધરપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બેગમપુરા નિર્વાણ અખાડો નવાબની વાડીમાં ફેન્સી લેંઘાની ઓફિસ અને ગોડાઉન ધરાવતા સત્યનારાયણ ગીરધારી માલીએ ઓફિસમાં કામ કરતો મહેન્દ્ર સિંહ ગુલાબ સિંહ (રહે પરવત પાટિયા ઋષિ વિહાર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ ફરિયાદીની ઓફિસની કામ કરતી વેળા ફરિયાદીનો વિશ્વાસ સંપન્ન કર્યો હતો. જેથી ફરિયાદીએ આરોપીને ગોડાઉનની ચાવી આપી રાખી હતી. આ દરમિયાન આરોપીએ ફરિયાદીની ગોડાઉનમાંથી ૧૮૦૦ નંગ ફેન્સી લેંઘા, ૫૦૦ નંગ , મારવાડી ઓઢણી મળી કુલ્લે રૂપિયા ૨૦ લાખનો માલ લઈ નાસી ગયો હતો. મહિધરપુરા પોલીસે વિશ્વાસઘાત , છેતરપીંડીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ડીંડોલી હર્ષ બંગ્લોઝમાં રહેતા ૭૮ વર્ષીય વૃદ્ધાનો આપઘાત

કતારગામમાં યુવાન પરિણીતાએ ઝેરી દવા પીધી

સુરત

ઝેરી દવા પી જઈ અને ગળે ફાંસો ખાઈ આત્મહત્યાના કર્યાના બે બનાવ સ્થાનિક પોલીસ મથકે નોંધાયા હતા.

પ્રથમ બનાવમાં ડીંડોલી હર્ષ બંગ્લોઝમાં રહેતા સુમનબેન એકનાથ ભાવસાર ઉ.વ.૭૮એ અગમ્ય કારણસર ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી હતી. ડીંડોલી પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી. બીજા બનાવમાં કતારગામ હળપતિવાસમાં રહેતાં ભારતીબેન દિપકભાઈ રાઠોડ ઉ.વ.૩૮એ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. કતારગામ પોલીસે તપાસ હાથ ધરી છે.

સુખાબારી ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશબંધીનો અમલ

નવસારી

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સુખાબારી ગામે તાત્કાલિક અસરથી આગામી તા. ૨૯/૦૨/૨૦૨૦ સુધી સવારના ૬-૦૦ થી કાર્યક્રમ પુર્ણ થાય ત્યાં સુધી ડાંગ-આહવા જિલ્લાના અધિકારીઓ/પોલીસકર્મીઓનો ફાયરીંગ પ્રેકટીસ યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે એક જાહેરનામા દ્વારા સુખાબારી ફાયરીંગ બટ વિસ્તારમાં ગોળીબાર પ્રેકટીસ દરમિયાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને ફરવા કે ઢોરઢાંખર પ્રવેશ પર ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવ્યો છે.

ગુંદલાવ ગામે ડાયવર્ઝનનો સમયગાળો લંબાવાયો

વલસાડ

ભદેલી ડિસ્ટ્રીબ્યુટરીની સાંકળ ૫૬૭૮ મીટર નજીક ગામ-ગુંદલાવ ગામે કલવર્ટ આર.સી.સી બોક્ષ કલવર્ટ પાઇપ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સ્ટ્રકચરના બાંધકામ દરમિયાન ગુંદલાવ-ગામે વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડથી ગુંદલાવ જી.આઈ.ડી.સી.માંથી ડાયવર્ઝન આપવામાં આવ્યો છે. આર.સી.સી. બોક્ષ કલવર્ટની કામગીરી હજી બાકી હોય, આ રોડનું ડાયવર્ઝન તા.૧૧-૦૨-૨૦૨૦ સુધી લંબાવાયું છે.

ઉચ્છલમાં ડમ્પરે કારને કચડી કાઢી પતિ-પત્નીનું ઘટના સ્થળ પર મોત

કારમાં સવાર બન્ને બાળકોનો અકસ્માતમાં ઉગારો

સુરત

તાપી જિલ્લાના ઉચ્છલના ગવાણ ગામની સીમમાં સામેથી પૂરપાટે હંકારી આવતી ડમ્પરના ચાલકે કારને અડફટે લેતાં અકસ્માત થયો હતો. જેમાં અંદર સવાર દંપતિ દબાઇ જતાં સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે ૨ માસૂમ બાળકોનો બચાવ થયો હતો. ગામલોકો દોડી આવી કારના કાચ તોડી તમામને બહાર કાઢવામાં આવ્યા હતા. ટ્રક કારને ઢસડી જવાથી કચ્ચરઘાણ વળી ગયો હોય દંપતિનાં મૃતદેહ કાઢવા કેઇન લાવવાની ફરજ પડી હતી. મહારાષ્ટ્રથી પરિવાર વહેલી સવારે વાપી જવા નીકળ્યો હતો.

સ્થળ પરથી મળતી માહિતી અનુસાર મહારાષ્ટ્રના નંદુરબાર શાહદાના અનરદ ગામના વતનીયોગેન્દ્રસિંહ સરદારસિંહ રાજપૂત (ઉ.વ.૩૮) વલસાડના વાપી ખાતે પત્ની ગાયત્રીબેન રાજપૂત (ઉ.વ.૩૪) અને બે દિકરા મયંક અને નીલ સાથે રહેતા હતા અને યુ મેડિકા લેબોરેટરી પ્રા.લિ.માં નોકરી કરતા હતા. આ રાજપૂત પરિવાર પોતાના વતન ગયું હતું અને વહેલી સવારે પરિવારના ૪ સભ્યો ઈન્ડીકા કાર વિસ્ટા(MH-39-J-1412)માં નીકળ્યા હતાં. સવારે ૭:૪૫ વાગ્યે તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ગવાણ ગામની સીમમાંથી પસાર થતાં હતા. દરમિયાન ગ્રીડ ભરેલા ડમ્પર(GJ-21-V-4428)નો ચાલક ઉચ્છલ તરફથી પૂરપાટે હંકારી આવી ગફલત રીતે સામેથી આવતી પરિવારની ઈન્ડીકા કારને અડફટે લેતા ગોઝારો અકસ્માત થયો હતો.

ટ્રક ચાલકે કારને ઢસડી જઈ રોડની સાઈડના ખાડામાં ઉતરી ગઈ હતી. જેથી કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. ટ્રક નીચે કાર લોચો થઈ ગઈ હતી. દંપતિ કારમાં જ ચગદાઈ જતાં ગંભીર ઈજા થવાથી સ્થળ પર જ મોત થયું હતું. એક બાળકને પગમાં ઈજા થઈ હતી, જોકે, બાળકોનો ચમત્કારિક બચાવ થયો હતો. ઘટના અંગે ઉચ્છલ પોલીસને જાણ કરતા સ્થળ પર પહોંચી ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કારને નડેલો અકસ્માત એટલો ભયંકર હતો કે, કારમાં સવાર પતિ-પત્ની દબાઈ ગયા હતાં. બીજી તરફ બંને બાળકો નીલ રાજપૂત(ઉ.વ.૮) અને મયંક રાજપૂત(ઉ.વ.૧૩) કારની અંદર હોય ગ્રામજનો આવી પ્રથમ કારનો કાચ તોડી બંન્ને બાળકોને બહાર કાઢ્યાં હતા. મૃત દંપતિની લાશને બહાર કાઢવા કેઇન અને જેસીબી લાવી તેની મદદથી કારને તોડી બહાર કાઢવામાં આવ્યા હતા.

સુરત-વલસાડ વચ્ચે રેલવેના એન્જિનિયરિંગ બ્લોકને કારણે ટ્રેન વ્યવહારને અસર થઈ

સુરત

સુરત અને વલસાડ વચ્ચે ડાઉન લાઈન ઉપર પશ્ચિમ રેલવે દ્વારા ગુરૂવારે બે એન્જિનિયરિંગ બ્લોક અપાયાં હોવાથી કેટલીક ટ્રેનોની સેવાને અસર થઈ હતી. બોરીવલી-સુરત પેસેન્જર નવસારી (૬૯૧૩૯) સુધી અને વાપી-સુરત સ્પેશિયલ (૦૯૦૬૯) ભેસ્તાન સુધી દોડાવવામાં આવી.

મુંબઈ સેન્ટ્રલ-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (૧૯૦૧૫) નવસારી સ્ટેશને ૦૦:૫૦ કલાકે, મુંબઈ સેન્ટ્રલ ફિરોઝપુર કેન્ટ જનતા એક્સપ્રેસ (૧૯૦૨૩) વલસાડ અને ઉધનાની વચ્ચે બે કલાક પાંચ મિનિટ, મુંબઈ સેન્ટ્રલ પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (૧૯૦૧૫) વલસાડ અને ઉધના વચ્ચે એક કલાક ૩૦ મિનિટ, એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ અમદાવાદ નવજીવન એક્સપ્રેસ(૧૨૬૫૬) સ્ટેશને ૫૦ મિનિટ, કોચુવેલી અમૃતસર એક્સપ્રેસ (૧૨૪૮૩) દસ મિનિટ, બાંદ્રા ટર્મિનસ ચંદીગઢ સુપરફાસ્ટ એક્સપ્રેસ (૨૨૪૫૧) દસ મિનિટ, હાપા મડગાવ એક્સપ્રેસ (૨૨૯૦૮) સુરત સ્ટેશને ૪૦ મિનિટ, પોરબંદર મુંબઈ સેન્ટ્રલથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ સુરત સ્ટેશને એક કલાક, ફિરોઝપુર કેન્ટ મુંબઈ સેંટર જનતા એક્સપ્રેસ (૧૯૦૨૪) વડોદરા મંડળમાં ૩૫ મિનિટ અને શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ(૧૨૪૭૨) વડોદરા મંડળમાં ૨૦ મિનિટ.

રૂદરપુરા અલમદીના એપાર્ટમેન્ટમાં પાડોશી બાખડતા ૭ના માથા ફૂટ્યા

પોલીસે બન્ને પક્ષકારોની સામસામી ફરિયાદ નોંધી

સુરત

રૂદરપુરા હિન્દુ ગાર્ડન કોલોની સામે અલમદીના એપાર્ટમેન્ટના પડોશીઓ વચ્ચે જુના ઝઘડાની અદાવતમાં ધીંગાણું ખેલાયુ હતું. બન્ને પક્ષના સભ્યોને ઈજા પહોંચી હતી. અઠવા પોલીસે રાયોટિંગનો ગુનો દર્જ કરી ધરપકડો કરી હતી.

અઠવા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ફરિયાદી ખેરૂનીશા શબ્બીર ગાડીવાળાએ આરોપી નૂરા મહંમદ કરીમ, મોહમ્મદ જૈદ, અબ્દુલ હઈ, ઈકબાલ, માસ, જાહેદાબાનુ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપીઓએ ઝઘડો કરી ફરિયાદી ખેરૂનીશા, શબાના, વસીમ ઉપર સળીયાથી હુમલો કરી જાનથી મારી નાંકવાની ધમકી આપી હતી. જ્યારે સામા પક્ષે નૂર મહંમદ મીયાં હાફેજીએ આરોપી શબ્બીર અહેમદ, ખેરૂનીશા, વસીમ, જાવેદ, સમીર ઉર્ફે બાબુ, અલી, શબાનાબાનુ વિરૂદ્ધ ફરિયાદ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ જૂના ઝઘડાની અદાવતમાં આરોપીઓએ એક સંપ થઈને ફરિયાદી તથા ભત્રીજા જૈદ, માસ, અબ્દુલ કરીને માર મારી ઈજા પહોંચાડી નાસી ગયા હતા. અઠવા પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી રાયોટિંગનો ગુનો દર્જ કર્યો હતો.



ચીનથી ઉદ્ભવેલો કોરોના વાયરસ અનેક દેશોમાં વ્યાપી જતા ભારતમાં પણ વાયરસ સામે લડવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં કોરોના વાયરસ અંગે આયોજિત વર્કશોપમાં નિષ્ણાંત તબીબોએ માર્ગદર્શન આપ્યું હતું.

કોરોના ભય : નવી સિવિલમાં આવતા દર્દીઓમાં ઘટાડો



દરરોજ સવારે સેંકડો આઉટડોર દર્દીઓની ઉભરાતી સિવિલ હોસ્પિટલમાં નહીંવત દર્દીઓ દેખાતા કર્મચારીઓ પણ અચંભિત

સુરત

ચીન સહિત સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી દેનાર કોરોના વાયરસના બીકથી આજે નવી સિવિલ હોસ્પિટલમાં આઉટડોર દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા હોસ્પિટલનો સ્ટાફ પણ અચંભિત થઈ ગયો હતો.

નવી સિવિલ હોસ્પિટલમાં દરરોજ સવારે આઉટડોર દર્દીઓની લાંબી કતારો કેસ પેપર કઢાવવા માટે જોવા મળતી હોય છે. પરંતુ જે સવારે કેસ પેપર બારી પાસે આઉટડોર પેસન્ટની બિલકુલ ભીડ ન હતી. હોસ્પિટલમાં નિયમિત આવનારો સ્ટાફ પણ આજે કેસ પેપર બારીની લાઈન ખાલીખમ જોઈને ચોંકી ગયો હતો. આજે કોઈ જાહેર રજા કે રવિવારનો દિવસ ન હોવા છતાં પણ દર્દીઓની ગેરહાજરી આંખે ઊડીને જોવા મળતી હતી.

બિનઆધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ચીન સહિત સમગ્ર વિશ્વ જીવલેણ કોરોના વાયરસથી ભયભીત થયું છે. સિવિલ હોસ્પિટલમાં બે દિવસ અગાઉ કોરોના વાયરસનો સંદિગ્ધ દર્દીને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરતા તે ત્યાંથી નાસી છુટ્યો હતો. કોરોના વાયરસની બીકથી સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે સામાન્ય દર્દીઓ પણ ટાળી રહ્યા હોય તેથી આજે આઉટડોર પેશન્ટની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. રાજ્ય સરકારની સૂચના મુજબ સુરતમાં નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે કોરોના વાયરસના દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે. ચીનથી પાછા ફરેલા બે શંકાસ્પદ દર્દીઓ સ્મીમેર હોસ્પિટલ ખાતેના વોર્ડમાં સારવાર હેઠળ છે.

કારખાનામાં રત્ન કલાકારે હીરાના માલનો બદલો માર્યો

રૂ. ૨.૭૦ લાખની છેતરપિંડી અંગે ફરિયાદ

સુરત

રૂપિયા ૨.૭૦ લાખની કિંમતના હીરાનો બદલો મારનાર રત્ન કલાકાર સામે હિરાના કારખાનેદારે કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

કતારગામ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કતારગામ નંદુ દોશીની વાડીમાં આવેલ લાભ કોમ્પલેક્સ હીરાનું કારખાનું ધરાવતા મનસુખ પરસોત્તમ લુવાણીએ આરોપી દીપક કુમાર કલાભાઈ ડાંગર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના હીરાના કારખાનામાં કામ કરતો રત્ન કલાકાર દીપક કુમાર ડાંગરે કામ કરતી વેળા રૂપિયા ૨.૭૦ લાખની કિંમતના ૭૦૮ નંગ હીરાના બદલે રિજેક્શન હીરા આપી ઉચાપત કરી હતી.

કતારગામ પોલીસે કારખાનેદાર મનસુખ લુવાણીની ફરિયાદ નોંધી પો.આઈ.એન.જી પરમારે તપાસ હાથ ધરી છે.

ગજેરા સર્કલ પાસે ટ્રાફિક પોલીસ પર કાર ચાલકે કરેલો હુમલો

ઉશ્કેરાયેલા કાર ચાલકે ટ્રાફિક બ્રિગેડના જવાનને ત્રણ લાફા ઝીંકી દીધા

સુરત

કતારગામ ગજેરા સ્કૂલ ત્રણ રસ્તા પાસે કાર ચાલકે ટ્રાફિક પોલીસ જોડે માથાકૂટ કરી ટ્રાફિક બ્રિગેડના માણસ ઉપર હુમલો કરી ત્રણ લાફા મારી જોઈ લેવાની ધમકી આપી નાસી ગયો હતો.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાહુલ ઓમપ્રકાશ ગોડે આરોપી ગાડી નંબર જીજે-૫-જેએસ-૬૨૦૧ના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી તથા ટીઆરબી નીલાચંલ ધનુ પોલાઈ ગજેરા સર્કલ પાસે ટ્રાફિક નિયમન કરતા હતા. ત્યારે આરોપી કાર ચાલકને અટકાવતા આરોપી ચાલકે ઝઘડો કરી ગંદી ગાળો આપી ટીઆરબી નિલાંચલને લાફા મારી જોઈ લેવાની ધમકી આપી હતી. કતારગામ પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુનો દર્જ કર્યો હતો.

બાળકના ઘડતર અંગે સંત જલારામ પ્રાથમિક શાળામાં સેમિનાર યોજાયો

રાજેશ ધામેલિયાએ વિદ્યાર્થીઓઆને વાલીઓને માર્ગદર્શન આપ્યું

સુરત

વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે વિદ્યાર્થી, વાલી અને શિક્ષકનો ત્રિવેણી સંગમ જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ન.પ્રા.શિ.સ., સુરત સંચાલિત સંત જલારામ પ્રા.શાળા (શા.ક.૨૫૨)-વરાછામાં આજે "જો માબાપ આપે ધ્યાન, તો બાળક બને મહાન" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના સેમિનારના ટ્રેનર શ્રી રાજેશભાઈ ધામેલિયાનું શાળા પરિવાર વતી શ્રી રાજેશભાઈ માંગુકિયાએ સ્મૃતિભેટ આપીને સ્વાગત કર્યું હતું.

રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, બાળકના ઘડતરમાં માતાપિતા થોડી કાળજી લે તો ખૂબ સારું પરિણામ મળી શકે. વિનોબા ભાવે, મહાત્મા ગાંધીજી વગેરે અનેક મહાનુભાવોએ પોતાના જીવન ઘડતરનું શ્રેય પોતાના માતાપિતાને આપ્યું છે. દરરોજ રાત્રે સંસ્કારપોષક એક વાર્તા કહીને માતા સંતાનના ઘડતરનું ઉત્તમ કાર્ય કરી શકે છે. આજે સામાન્ય રીતે લોકો પરીક્ષામાં સંતાનો વધુ સારી ટકાવારી મેળવે તે માટે પ્રયત્નશીલ હોય છે. પરીક્ષાના ગુણની સાથે જીવનમાં પ્રામાણિકતા,નીડરતા,અન્યને મદદરૂપ થવાની ભાવના, સંપ જેવા ગુણોની પણ જરૂર છે. ગરીબ માતાપિતાનું સંતાન પણ સાચી દિશામાં સખત પુરુષાર્થ કરીને જીવનમાં અકલ્પનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.-આ વાત હંમેશાં યાદ રાખવી જોઈએ. સંનાતોને જીવનમાં ઉચ્ચ ધ્યેય રાખતા પણ પ્રેરણા આપવી જોઈએ.

વાલીઓ પોતાના સંતાનોના અભ્યાસ બાબતે કાળજી લઈને સવારે ૭.૧૫ સુધીમાં ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. શાળા પરિવારના તમામ શિક્ષકો બાળકોના સર્વાંગી ઘડતર માટે શાળામાં અનેકવિધ નવતર પ્રયોગો કરી રહ્યા છે. આથી સૌને બિરદાવવામાં આવ્યા.

વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત આવે, અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લેવા પ્રેરાય તે માટે "બેસ્ટ સ્ટુડન્ટ ઓફ મંથ"નું દર મહિને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આજે ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સંમાનિત કરવામાં આવ્યા.

કાર્યક્રમના અંતે શાળાના શિક્ષક શ્રી જનકભાઈએ વાલીઓને સુંદર માર્ગદર્શન આપવા બદલ રાજેશભાઈનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના તમામ શિક્ષક ભાઈઓ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

સુરતમાં ટોલ ટેક્સના મુદ્દે ફરી આંદોલન શરૂ કરવાનો નિર્ણય

ભાટિયા ટોલનાકા પર સ્થાનિક વાહન ચાલકોને હેરાનગતિ: લડતના મંડાણ

સુરત

ગત રોજ તા.૦૫/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે પલસાણા તાલુકાના ઇતારવા ગામે આવેલ કિંગ કોર્નરની બાજુમાં મેઈન હાઈવે ઉપર આગેવાનોની મિટિંગ મળી હતી.જેમાં ભાટિયા ટોલ નાકા ઉપર GJ- ૦૫ અને GJ-૧૯ ના વાહનો પાસેથી લેવાતા ટોલ ટેક્સ ને કામરેજ ટોલનાકા ની જેમ નાબૂદ કરવા અને ટોલનાકા ના અધિકારીઓ દ્વારા સરમુખ્યાસાહી ચલાવી નાગરિકોને હેરાન કરવામાં આવી રહ્યા છે તે બાબતે બિનરાજકીય રીતે ભેગા મળી લડત ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ મિટિંગમાં મોહનભાઈ ભાટીયા (સહકારી આગેવાન) દર્શનભાઈ નાયક (એડવોકેટ, સહકારી આગેવાન અને જિલ્લા પંચાયત સભ્ય સુરત), માસુમભાઈ હમદભાઈ ગરાયા (સરપંચશ્રી), પ્રકાશભાઈ કોન્ટ્રાક્ટર (પ્રમુખ, પરિવર્તન ટ્રસ્ટ), જીતુભાઇ પટેલ (ઉપ પ્રમુખ, પરિવર્તન ટ્રસ્ટ) હેમન ભાઈ પટેલ (તાલુકા પંચાયત સભ્ય, બલેશ્વર), નરેશભાઈ પટેલ (માજી સરપંચ, વડોદ), અરુણભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી), મજીદ ભાઈ (ડે. સરપંચ, બલેશ્વર), રસિકભાઈ પટેલ (સામાજિક આગેવાન, મલેકપોર), હર્નિશભાઈ દેસાઈ (સામાજિક આગેવાન, કતારગામ), યુસુફભાઈ માકડા (સરપંચ, બલેશ્વર), નરેદ્રભાઈ દેસાઈ (સામાજિક આગેવાન અનાવિલ સમાજ), ઈસ્માઈલભાઈ આબોવટ (ખેડૂત આગેવાન) ધર્મેશભાઈ ડાભા (સામાજિક આગેવાન) જીતુભાઇ વાસીયા (માજી સરપંચ, સચિન) ખેડૂત સમાજ ગુજરાતના આગેવાનો તથા બારડોલી, પલસાણા અને સુરતના જાગ્રુત આગેવાનો હાજર રહ્યા હતા.

લીંબાયત ઝોને ૧૧૨ ખુલ્લા પ્લોટ ટાંચમાં લીધા: ૭૦.૪૫ લાખની વસુલી

વેરા નહીં ભરનાર ૪૨ લોકોની મિલ્કતોને સીલ મારી દેવાયા

સુરત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના મે. આસી. કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૦ થી તા.૦૪/૦૨/૨૦૨૦ સુધીમાં નવાગામ, ડિંડોલી વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ તથા કોર્મશીયલ મિલકતોમાં વેરા વસુલાતની ઝુંબેશ કરવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં ૪૨ જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા તેમજ ૧૧૨ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ લગાડવામાં આવતા ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂ. ૭૦.૪૫ લાખથી વધુની રકમની વસુલાત કરી દીધેલ છે.

આ કામગીરી તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ પણ ચાલુ રાખવામાં આવેલ. આજ રોજ માર્કેટ વિસ્તારમાં ૨૭૧ મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા તેમજ રેસીડેન્સ વિસ્તારમાં નળ ડ્રેનેજના ૧૪ કનેકશન કાપતા ઘણાં કરદાતાઓ પાસેથી રૂ. ૨૮.૨૦ લાખ રકમ વસુલ કરવામાં આવેલ છે. સપ્તાહ દરમ્યાન કુલ રૂા.૨.૦૮ કરોડ વેરાની વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં, આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

મેઈન્ટેનન્સની કામગીરીમાં વીજ કરંટ લાગતા વીજ કંપનીના કર્મચારીનું મોત

ભરૂચ

ઝઘડિયાના સેલોદ ગામ પાસે આવેલા ૨૨૦ કેવી જી.ઈ.બી સબ સ્ટેશનમાં વીજ કર્મચારીને વીજ કરંટ લાગતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે કર્મીઓને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.

વાલિયા ગામના થાણા ફળિયામાં રહેતો મહેશભાઈ ગણપતભાઈ વસાવા અંકલેશ્વર ખાતે વીજ કંપનીમાં ફરજ બજાવે છે. ઝઘડિયાના સેલોદ ગામ પાસે આવેલા ૨૨૦ કેવી જી.ઈ.બી સબ સ્ટેશન શટડાઉન હોવાથી તેઓ મેઈન્ટનન્સ માટે ગયા હતા. તે સમયે કામગીરી દરમિયાન ૩ કર્મચારીઓને વીજ કરંટ લાગતા તેઓ દૂર ફેંકાઈ ગયા હતા. જે પૈકી મહેશ વસાવાનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે કર્મચારીઓને દાઝી ગયા હતા. જેઓને તાત્કાલિક સારવાર અર્થે અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ઝઘડિયા પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી છે.

૭૦૦ સફાઈ કામદારોનાં ધરણા, મનપા કચેરીએ રામધૂન સાથે સુત્રોચ્ચાર કર્યો

સુરત

સુરત પાલિકામાં રોજમદાર સફાઇ કામદારોએ અનિશ્ચિત કાળ માટે ધરણા શરૂ કર્યા છે. મનપા કચેરી બહાર કામદારો મોરચો લઈને આવ્યાં હતાં. સફાઇ કામદારોએ કાયમી કરવાની માંગ હતી. સાથે જ વેતન અગાઉ ૨૦૫ રૂપિયા આપવામાં આવતું હતું જે ઘટાડીને ૧૪૦ રૂપિયા કરી દેવામાં આવતાં સફાઇ કામદારોએ બેનર અને કટ આઉટ સાથે નારેબાજી કરી હતી. છેલ્લા નવ વર્ષથી સફાઈનું કામ કરતાં કામદારોને કાયમી કરવાની માંગ પણ કરવામાં આવી હતી.

સફાઇ કામદારોએ જણાવ્યું હતું કે, ધરણાનો સતત ચોથો દિવસ છે. ૭૦૦ જેટલા કર્મચારીઓ ધરણામાં જોડાયા છે. સફાઇ કમદારોઓએ પાલિકા કચેરી બહાર સુત્રોચાર કરી રહ્યા છે. જો કાયમી કરવાની માંગણી નહીં સ્વીકારાય તો મ િહ લ ા અ ા ે ન ી આત્મવિલોપનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

કલગામ અને ધોડીપાડા ખાતે રસ્તાના કામનું ખાતમૂહૂર્ત થયું

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ અને ધોડીપાડા વિસ્તા રના રૂ.૩.૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવ માર્ગોનું ખાતમુહૂર્ત વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરાયું હતું.

રાજયમંત્રીશ્રી રમણલાલ પાટકરે કલગામ મીઢાપાડા ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી વિકાસ કામોની ગુણવત્તા જળવાઇ રહે તે માટે સરકારના જવાબદાર અધિકારીઓને પુરતી કાળજી લેવા અને મંજૂર થયેલા વિકાસ કામો સમયસર પૂર્ણ થાય તે માટે ઉપસ્થિત સરપંચ તથા જિલ્લા તાલુકા પંચાયતના સભ્યોને કાળજી લેવા ભારપૂર્વક જણાવ્યું હતું. વિકાસ કામોની સાથે પ્રજાકીય પ્રશ્નોનું નિવારણ લાવી દરેક નાગરિકને મળતા હકો રક્ષણ થાય તે માટે પણ જાગૃતતા કેળવી નિયમિત પણે લોકસંપર્ક કેળવવા સૂચન કર્યું હતું.

ગામના સર્વાગી વિકાસમાં સરપંચો સક્રિય બની સહભાગી થાય તે માટે અનુરોધ કરીને તેમણે વિધવા સહાય, વૃધ્ધસહાય તેમજ તીર્થ ગામ વગેરે જેવી સરકારની મહત્વની યોજનાઓ વિશે જાણકારી આપી જરૂરીયાત ધરાવતા વધુ લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તે માટે જરૂરી પ્રયાસો કરવા જણાવ્યુંધ હતું.

રૂ.૩.૩૬ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત થયેલા રસ્તાના ૯ કામોમાં કલગામ હનુમાન મંદિર રોડ રૂ.૫૦ લાખ, કોગામ મીઢા ફળીયાથી આઈસ ફેકટરી સુધી ૨ કિમી રોડ રૂ.૪૦ લાખ, કલગામ મીઢાથી હરિયાપાડા રોડ રૂ.૩૦ લાખ, કલગામ પી.એચ.સી એપ્રોચ રોડ રૂ.૨૫ લાખ, કલગામ મીઢા ફળીયા રોડ ૨-૨ ગાળાનું બોકસ કન્વાર્ટ કામગીરી રૂ.૩૫ લાખ, ધોડીપાડા ખોખરા રોડ રૂ.૨૦ લાખ, ધોડીપાડા પંચાયતથી વાઘીયા ફળીયુ ૧ કીમી રોડ રૂ.૨૦લાખ, ધોડીપાડા ગાદીક ફળીયા અને વાડી ૨ કીમી રોડ રૂ.૪૦ લાખ, મરોલી રોડથી ધોડીપાડા ગાદીકપાડા ૨ કીમી રોડ રૂ.૪૦લાખના ખર્ચે નજીનીકરણ કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

તા.૧ પમીએ નવસારી જિલ્લા સંકલન બેઠક

નવસારી

નવસારી જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક તા.૧૫ મી ફેબ્રુઆરી-૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા સેવા સદન, સભાખંડ, ત્રીજામાળે, કાલિયાવાડી નવસારી ખાતે મળશે. જેની સંબંધકર્તા તમામે નોદ્વધ લઈ સમયસર ઉપસ્થિત રહેવા નિવાસી અધિક કલેકટર, નવસારીની યાદીમાં જણાવાયું છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

તિલકવાડાના ઉધઈમાંડવા ગામના યુવાનને ધમકી મળ્યાના પાંચ દિવસ બાદ લાશ મળતા ગામના ૩ વિરુદ્ધ ફરિયાદ

મરનાર નિલેશ પત્ની સાથે ખેતર ગયો બાદ પત્ની ઘરે આવી અને ત્યારબાદ ગુમ થયેલા નિલેશ નો ચહેરો ઓળખાય ના તેવી હાલત માં ખેતર માંથી મૃતદેહ મળતા ધમકી આપનાર વિરુદ્ધ ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકાના ઉધઈમાંડવા ગામના યુવાનને ધમકી આપ્યા બાદ તેની પાંચ દિવસ બાદ લાશ મળતા ગામના જ ૩ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉધઈમાંડવા ગામના નગીનભાઈ ઝવેરભાઈ બારીયાએ ફરિયાદ કરનાર પ્રહલાદભાઈ સોમાભાઈ બારીયાના પુત્ર નિલેશ વિરુધ્ધમાં અરજી આપેલ અને ત્યારબાદ ગોપાલભાઈ વિઠ્ઠલભાઈ બારીયાએ બનાવના પાંચેક દિવસ અગાઉ ફરીયાદીની દિકરી સંગીતાબેનને જણાવેલ કે તારો ભાઈ નિલેશ ચાર પાંચ દિવસનો મહેમાન છે તેમ કહી નિલેશને જોઈ લેવાની ધમકી આપી હતી નિલેશભાઈ પોતાની પત્નિ સાથે ખેતરે ગયેલા ત્યારબાદ પત્નિ ઘરે જતી રહેલ અને નિલેષભાઈ ખેતરે એકલા હતા તે દિવસથી તે ગુમ થયેલ અને ત્યારબાદ તેની લાશ ખેતરની વચ્ચેથી મળી ત્યારે તેના ચહેરા ઉપર ઓળખાઈ ના તે માટે કોઈ કેમીકલ જેવું નાખી કોઈક બીજી જગ્યાએ મારી નાખી ફરીયાદીના ખેતરમાં નાખી જઈ પુરાવાનો નાશ કરવાની કોશીસ કરી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાની તિલકવાડા પોલીસમાં નિલેશના પિતા એ ફરિયાદ આપતા પોલીસે ધર્મિષ્ઠાબેન નગીનભાઈ બારીયા, નગીનભાઈ ઝવેરભાઈ બારીયા અને ગોપાલભાઈ વિઠ્ઠલભાઈ બારીયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તિલકવાડા પોલીસે ટેમ્પામાં વિદેશી દારૂ ભરી આણંદ લઈ જતા ઝડપી પાડ્યા : ૨ ની ધરપકડ

મહિલા બુટલેગર સહીત પાંચ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(ભરત શાહ)
રાજપીપળા

મધ્ય પ્રદેશ થી ટેમ્પામાં બોડી નીચે ખાના બનાવી વિદેશી દારૂ ભરી આણંદ લઈ જતા બે બુટલેગરો સહીતનો મુદ્દામાલ તિલકવાડા પોલીસે ઝડપી લીધો અને આણંદ અંકલવની મહિલા બુટલેગર સહીત પાંચ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના બોટલો, માઉન્ટસ સુપર સ્ટ્રોંગ બિયર ટીન મળી કુલ ૬૦ હજાર નો મુદ્દામાલ અતુલ શક્તી થ્રી વ્હીલર ટેમ્પોની અંદર મુખ્ય બોડી નીચે ખાસ ખાના બાનાવી જેમાં ભરી મધ્ય પ્રદેશ માંથી લાવતો હતો. જેમાં ટેમ્પાની આગળ એક બુટલેગર પેટ્રોલિંગ પણ કરતો હતો અને જે બાબતની બાતમી તિલકવાડા પોલીસ ને પીએસઆઈ એ.એસ. વસાવા એ ચેકીંગ કરતા દેવલિયા ચોકડી પર થી આ ટેમ્પો ઝડપી પાડ્યો જેમાં ટેમ્પાનો ચાલક સહીત આણંદ ના આંકલાવ તાલુકાના કોસીન્દ્રા ગામના વિજય ગોરધન માળી, સંજય ગોરધન માળી, મંજુલા સંજય માળી, જંબુસર ગજેરા ના બુધા ભદા માળી, તથા કંવાટ નો એક વ્યક્તિ જે એક ખેતરમાં મુદ્દામાલ આપી ગયો હતો. આમ કુલ પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

લીમપુરા ગામની ગોચર જમીનમાં દબાણ હટાવવાની અરજી કરનાર અરજદારને જાનથી મારી નાખવાની ધમકી

તિલકવાડા તાલુકાના લીમપુરાની ગોચરમાં દબાણ હટાવવા બાબતે અરજી કર્યાની અદાવતે બબાલ કરી જાતિવાચક શબ્દો થી અપમાન કરતા એટ્રોસિટી દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના તિલકવાડાના લીમપુરા ગામની ગોચરની જમીનમાં દબાણ હટાવવા લીમપુરાના મહેશભાઈ દલસુખભાઈ વણકરે નર્મદા કલેક્ટર કચેરીમાં અરજી કરી હોય તેની અદાવત રાખી તેમની સાથે (૧) સરસ્વતીબેન દિલીપભાઈ બારીયા રહે-લીમપુરા (૨) રમીલાબેન રણછોડભાઈ બારીયા રહે-વડોદરા પ્રતાપનગર ગણેશ નગર ઝુંપડપટ્ટી (૩) સુમિત્રાબેન વિનોદભાઈ બારીયા રહે-પુછપુરા એ ઝઘડો કરી ગંદી ગાળો બોલી જાતિવાચક શબ્દો બોલી મહેશભાઈનું અપમાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મહેશ વણકરે આ ત્રણેય વિરુદ્ધ તિલકવાડા પો.સ્ટે.માં ફરિયાદ કરતા પોલીસે એટ્રોસિટી સહિતની કલમો લગાવી ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ખોટા આદિવાસી પ્રમાણપત્ર બાબતે દિવસેને દિવસે આદિવાસી સમાજમાં વધતો રોષ, નર્મદા કલેકટરને આવેદન અપાયું



આજે રાજપીપળા ખાતે આદિવાસીઓ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને સંબોધતુ આવેદનપત્ર જિલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગાંધીનગર ખાતે હાલ આદિવાસી ઓના ખોટા પ્રમાણપત્રો લઈ નોકરી કરતા લોકોને દૂર કરી સાચા આદિવાસી ઓને ન્યાય આપવા "સાચા આદિવાસી બચાવો સમિતિ"દ્વારા ધરણા પ્રદર્શન કરી આંદોલન ચલાવાઈ રહ્યું છે.દિવસે અને દિવસે આ આંદોલનને રાજયના આદિવાસીઓનું સમર્થન પણ મળી રહ્યું છે.કેન્દ્ર સરકારના પૂર્વ આદિજાતિ મંત્રી અને ભરૂચ લોકસભાના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ તો આ આંદોલનને પોતાનું ખુલ્લું સમર્થન પણ જાહેર કર્યું છે, અધિકારીઓના નામે એમણે રૂપાણી સરકાર સામે બાથ ભીડી છે.આમ છતાં સરકારના પેટનું પાણી પણ હાલતું નથી. આંદોલનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવા,ભિલોડાના ધારાસભ્ય અનિલ જોશીયારા,દાંતાના ધારાસભ્ય કાંતી ભાઈ ખરાડી,વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ સહિત કોંગ્રેસી નેતાઓએ સત્યાગ્રહી છાવણીએ આ ધરણા આંદોલનને સમર્થન આપ્યું હતું.ત્યારે નાંદોદના કોંગ્રેસી ધારાસભ્ય પી.ડી.વસાવાએ પણ ત્યાં પહોંચી આંદોલનને પોતાનું ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે.

ત્યારબાદ આજે નર્મદા જિલ્લાના આદિવાસીઓ એ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સંબોધતુ આવેદનપત્ર જિલ્લા કલેકટરને આપ્યું હતું જેમાં જણાવ્યું હતું કે તા ૨૯-૧૦-૧૯૫૬ ના પ્રેસિડેન્ટલ ઓર્ડરથી ગીર, બરડો અને આલેચ વિસ્તારના નેસમાં રહેતા રબારી, ભરવાડ,અને ચારણ જાતિઓનો અનુસૂચિત જનજાતિ માં સમાવેશ કરવામાં આવેલ છે તો આ સિવાય ના લોકોને રાજયસરકાર દ્વારા અપાયેલ ખોટા પ્રમાણપત્રો રદ કરી લેનાર અને આપનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે, ઉપરાંત રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઈ કરવા કાયદો બનાવવામાં આવ્યો છે પરંતુ તેના નિયમો બનાવવામાં આવ્યા નથી તે તાત્કાલિક અસરથી બનાવવા ઉપરાંત રબારી-ભરવાડ અને ચારણ જાતિ ગીર,બરડો, અને આલેચ સિવાયના લોકો બક્ષીપંચમાં સમાવેશ છે તો તે માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવે ઉપરાંત રાજય સરકાર દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટે કરવામાં આવેલ ગેરબંધારણીય તમામ ઠરાવો પરિપત્રો મૂળ કરવામાં આવે તેવી રજુઆત કરી હતી

આદિવાસી અગ્રણી અને રાજપીપળા નગરપાલિકાના સદસ્ય ભરતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે ભૂખ હડતાળ ઉપર બેઠેલા આદિવાસી પ્રત્યે સરકાર નું પેટનું પાણી પણ હલતું નથી આગામી સમયમાં જો સરકાર આ બાબતે નિરાકરણ નહીં લાવે તો ગાંધીનગર ખાતે સચિવલયનો ઘેરાવો કરીશું.

હાંસોટમાં થયેલ મર્ડરના આરોપીને ઝડપી પાડતી હાંસોટ પોલીસ

ભરૂચ : હાંસોટમાં આવેલ વેરાઈમાતાના મંદિરના પાછળના ભાગે આવેલ વાડીના રસ્તા ઉપર હાંસોટ રામનગરમાં રહેતા યોગેશભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી ઉ.વ.૩૦ તેના ભાઈ કલ્પેશ સાથે ચાલતા ચાલતા જતા હતા તે વખતે સલીમ રસુલ વાડીવાલા (ઝા ફર) રહે.ખીડકી ફળિયુ.હાંસોટ, તા.હાંસોટ,જિ.ભરૂચનાએ મારી જગ્યા માંથી કેમ જાવ છો અહીથી તમારે જવાનુ નહી તેમ કહી યોગેશનું ગળુ દબાવી પેટમાં ફેટ મારી નીચે ફેકી દેતા તેને સારવાર માટે લઈ જતા મરણ ગયેલ અને આરોપી સલીમ ગુનો કરી નાશી ગયેલ જે અંગે હાંસોટ પોલીસ સ્ટેશનમાં તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ રજીસ્ટર કરવામાં આવેલ જે નાશી ગયેલ આરોપીને પકડવા સારૂ અભય ચુડાસમા પોલીસ મહાનીરીક્ષક સાહેબ વડોદરા રેન્જ,વડોદરા તેમજ રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક ભરૂચની સુચના હેઠળ એમ.પી.ભોજાણી નાયબ પોલીસ અધિક્ષક, અંકલેશ્વર નાઓના માર્ગદર્શન હેઠળ ડી.આર.ગઢવી પોલીસ ઈન્સ્પેક્ટર હાંસોટ પો.સ્ટે.તથા પોલીસ માણસો ની ટીમ તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ આરોપીની તપાસ માટે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી આધારે આરોપી સલીમ રસુલ વાડીવાલા (ઝા ફર) રહે.ખીડકી ફળિયુ. હાંસોટ, તા.હાંસોટ, જિ.ભરૂચનાને ક.૧૯/૩૦ વાગે પકડી ગુનાના કામે અટક કરવામાં આવેલ.

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ સુરતની જાગૃતિથી ચક્ષુદાન અને દેહદાન મળ્યું





સ્વ.સમજુબેન દેવશીભાઈ નારોલા (ઉ.વ.-૯૦)નું અવસાન થતા જેમના પરિવારના સહયોગ થી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચના પ્રમુખ એવા ડો. પ્રફુલભાઈ શિરોયા ઉપસ્થિત રહી ચક્ષુદાન અને દેહદાન મેળવ્યું હતું.

સ્વ. સમજૂબેન દેવશીભાઈ નારોલા જેમની ઉમર ૯૦ વર્ષ હતી. જેમનું મુળવતન ભેસાણ,તા.મોટા લીલીયા જી.અમરેલી,જેઓ હાલમાં સી-૯૦૫,ગુણાતીત એપાર્ટમેંટ, સુમુલડેરી, સુરતમાં રહે છે. સ્વ દેવશીભાઈ શામજીભાઈ નારોલાના ધર્મપત્ની સમજુબેન દેવશીભાઈ નારોલાના અવસાનથી તેમની પુત્રીઓ મુક્તાબેન રામજીભાઈ પાઘડાળ, અનસૂયાબેન બટુકભાઈ ગજેર,શારદાબેન રણછોડભાઈ રાખોલીયા, નયનાબેન જયંતી ભાઈ જોધાણી અને તેમના પરિવાર તરફથી સમજુબાના નશ્વર દેહ નું દાન કરી સમાજમાં એક નવી કેડી કંડારવાનું ઉમદા નિર્ણય કરી ×નશ્વર પણ કોઈના કામમાં આવી શકે છે. તેમ સાર્થક કરી સાચી શ્રદ્ધાંજલિ પાઠવે છે.

આ દેહદાન સુરતના સ્મીમેર મેડીકલ કોલેજમાં એનાટોમી વિભાગના ડો. મંજુબેન તથા ડો.અમરદીપે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દેહ ની આંતરિક રચના શીખે તેવા શુભ આશય સાથે સમજૂબેનના દેહ નું દાન સ્વીકાર્યું હતું. તેમજ ડો.પી. એમ. વાઘાણી, ડો. અરવિંદ વિરડીયા અને ડો. દિનેશ ભીમાણી તેમજ સમાજના અનેક પ્રતિષ્ઠિત નાગરીકો ઉપસ્થિત રહયા હતા.

રાજપીપળાથી અંકલેશ્વર અને અંકલેશ્વરથી રાજપીપળા સુધી જતી ટ્રેન પાછળ ૮૦૦ કરોડનો ખર્ચ અર્થહીન

બુલેટ ટ્રેનની વાતો કરતી સરકાર પહેલા આવી ટ્રેનો પાછળ કરેલા કરોડોના ખર્ચનો હિસાબ લગાવી તેને યોગ્ય ગતિ આપે બાદમાં વિકાસની વાતો કરે

(ભરત શાહ દ્વારા)-રાજપીપળા : ભારત સરકાર એવા બણગાં ફૂંકી રહી છે કે ભારતીય રેલ વિભાગ તમામ બાબતે આગળ છે.એમાં કોઈ તૂટી છે જ નહીં.પણ અહીંયા એક એવી ટ્રેનની વાત કરીશું જે ટ્રેનમાં અનેક તૂટીઓ રહેલી છે અને છેલ્લા ઘણા વર્ષોથી ખોટમાં ચાલે છે છતાં પણ સરકાર એને બંધ નથી કરતી. રાજપીપળાથી અંકલેશ્વર અને અંકલેશ્વરથી રાજપીપળા સુધી રાજા રજવાડા દ્વારા નેરોગેજ ટ્રેન આઝાદી પહેલા ચાલુ કરવામાં આવી હતી. વખત જતા ખોટને લીધે એ ટ્રેન ૨૦૦૩ માં બંધ પણ થઈ ગઈ, પણ પૂર્વ રેલવે રાજ્ય મંત્રી નારણ રાઠવાએ નેરોગેજ ટ્રેન માંથી બ્રોડગેજ ટ્રેન બનાવવાની મંજૂરી અપાવી. એ ટ્રેનને ૮૦૦ કરોડના ખેંચે બ્રોડગેજ બનાવી ૧૦ ડબ્બા સાથે ૩ ફેબ્રુઆરી ૨૦૧૪ માં ફરીથી ચાલુ પણ કરવામાં આવી હતી. પણ વખત જતા ટ્રેન એની ધીમી ગતિને લીધે પ્રવાસીઓ માટે અળખામણી બની છે અને હાલ ૧૦ ડબ્બા માથી એ ટ્રેન ૨ ડબ્બાની થઈ ગઈ છે.



રેલ્વે વિભાગની માનવરહિત ફાટકો દૂર કરાયાનો સરકારનો દાવો ખોટો

કેન્દ્ર સરકાર એવો દાવો કરી રહી છે કે ભારતની તમામ રેલ્વે માંથી માનવરહિત ફાટકો અમે દૂર કરી છે.પણ રાજપીપળા થી અંકલેશ્વરની એક માત્ર આ ટ્રેનના રસ્તામાં ૨૦ જેટલી માનવ રહિત ફાટકો છે.જ્યારે ફાટક આવે ત્યારે ટ્રેન ઉભી રહે છે અને ગાર્ડ નીચે ઉતરી ફાંટક બંધ કરે છે, ટ્રેન આગળ જઈ ફરી ઉભી રહે છે બાદ ગાર્ડ ફરી ફાંટક બંધ કરે છે ત્યારે ફરી ટ્રેન ઉપડે છે.અને જ્યારે સ્ટેશન આવે એટલે એક મિનિટ ટ્રેન ઉભી રહે એ તો નફામાં.આમ કરવામાં જ લગભગ ૧ થી ૧:૩૦ કલાકનો સમય વહી જાય છે.જેને કારણે પેસેન્જરો પણ કંટાળે છે.

સરકારે કરેલો ૮૦૦ કરોડનો ખર્ચ પડ્યો માથે

વર્ષ ૨૦૦૩ માં આ ટ્રેનને બ્રોડગેજ કરવા સરકારે મંજૂરી આપી.બ્રોડગેજ થયા બાદ ૮૦૦ કરોડના ખર્ચે ૨૦૧૪ માં આ ટ્રેન ફરી શરૂ થઈ, ૫૦ કિમિ પ્રતિ કલાકની સ્પીડ પણ નક્કી કરાઈ.પણ માનવ રહિત ફાંટકોને લીધે ૫૦ કિમિ પ્રતિ કલાક કરતા પણ ઓછી સ્પીડથી ચાલવાને લીધે ધીમે ધીમે પેસેન્જરો ઘટવા લાગ્યા, ૬૨ કિમીનું અંતર કાપવા આ ટ્રેનને ૩ થી ૪ કલાક જેટલો સમય લાગે છે જેથી ૧૦ ડબ્બાની ટ્રેન હાલમાં ૨ ડબ્બા પર પહોંચી ગઈ.

ટ્રેનમાં જ છે ટિકિટ કાઉન્ટર

રાજપીપળાથી અંકલેશ્વર વચ્ચે બસમાં ભાડું ૬૦ રૂપિયા લેવામાં આવે છે જયારે ટ્રેનમાં માત્ર ૨૦ રૂપિયા ભાડું હોઈ.જેને કારણે ગરીબો માટે ટ્રેન તો આશીર્વાદ રૂપ છે પણ ટ્રેનમાં ૩ થી ૪ કલાક બેસી મુસાફરી કરવી એ કંટાળા જનક બને છે.બીજું જોઈએ તો સ્ટેશનો તો ઘણા આવે છે પણ ટિકિટની સુવિધા પણ ટ્રેન માજ કરવામાં આવી છે.ટ્રેનમાં ચઢતા પહેલા ટીસી પાસેથી ટિકિટ લઈ પછી ટ્રેનમાં સફર કરવાનો હોય છે.

એક ટ્રીપનો ખર્ચ ૨૦,૦૦૦ હજાર જેવો અને આવક ફક્ત ૨૦૦૦ જેવી જ

વર્ષ ૨૦૧૪ માં ચાલુ થયેલી આ ટ્રેન હાલની તારીખે સંપૂર્ણ ખોટમાં ચાલી રહી છે.રાજપીપળાથી સવારે ૫:૪૫ વાગે ઉપડતી ટ્રેનમાં તો પેસેન્જર મળી જાય છે પણ સાંજે આવતી વખતે પેસેન્જરો ઘણા ઓછા હોય છે.રોજની એક ટ્રીપ માટે ૩૦૦ લીટર ડીઝલનો વપરાશ થાય છે. તમામ ખર્ચ જોતા એક ટ્રીપમાં ૨૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે એની સામે આવક જોઈએ તો ૨૦૦૦ થી ૩૦૦૦ થાય છે.ટ્રેનની સ્પીડ ફાટકોને લીધે ટ્રેનની સ્પીડ વધારી શકાય તેમ નથી.જો ફાટકો બનાવી દેવામાં આવે તો સ્પીડ પણ વધે અને ટ્રેનમાં મુસાફરો પણ વધી શકે છે. રાજપીપળાથી અંકલેશ્વર અપડાઉન કરતા વિધાર્થીઓનુ ટાઈમ પર ટ્રેન ન પહોંચાડતા ભણતર બગડે એમ હોવાથી તેઓ ટ્રેનની મુસાફરી પસંદ કરતાં નથી.

પ્રોહીબિશનના ગુનામાં એક વર્ષથી નાસતા આરોપીને ઝડપી પાડતી ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

વડોદરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી તથા નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલાસાહેબનાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર એ ડિવીઝન પો.સ્ટે. પો.ઈન્સ. એ. કે. ભરવાડ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર એ ડિવીઝન પો.સ્ટે.ના નાસતા ફરતા આરોપીઓ ઉપર સતત વોચ રાખી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ જે સૂચના આધારે ભરૂચ શહેર એ ડિવીઝન પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમના માણસો ભરૂચ એ ડિવી. પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અંગત બાતમીદારથી બાતમી મળેલ કે છેલ્લા એકાદ વર્ષથી પ્રોહિબિશનના ગુનાના કામે નાસતો ફરતો આરોપી નામે જયેશ ખોડાભાઈ ડોબરીયા (ઉ.વ. ૩૩) મૂળ રહે. વાસાવડ ગામ રામજી મંદિરની સામે, તા. ગોંડલ જી. રાજકોટ હાલ રહે. આજવા ચોકડીની બાજુમાં સયાજીપુરા નવી નગરી વડોદરાના ખાતે.

હોસ્પિટલના લાભાર્થે યોજાયેલા ડાયરામાં ગીતા રબારી પર રૂ.૧૦ લાખનો વરસાદ

સુરત

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ નવસારી સંચાલિત સરદાર પટેલ હોસ્પિટલમાં દર્દીઓને વધુ ઝડપી સારવાર પૂરી પાડવા અર્થે હોસ્પિટલમાં એમ્બ્યુલન્સનાં લોકાર્પણ પ્રસંગે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરામાં કચ્છની કોયલ ગણાતી ગીતા રબારીના ભજનો અને ગીતો પર શ્રોતાઓએ મનમૂકીને રૂપિયા ઉડાવ્યાં હતાં.

હોસ્પિટલના લાભાર્થે યોજાયેલા ડાયરામાં અંદાજે ૧૦ લાખ રૂપિયા એકત્રિત થયાં હતાં.ડાયરામાં ગીતા રબારીએ લોકગીતો, ભજનો અને હિન્દી ગીતોની સાથે દેશભક્તિના ગીતો ગાયા હતાં. જેમાં શ્રોતાઓએ ૧૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની નોટો હવામાં ઉડાવીને ગીતા રબારી પર ઘોર કરી હતી.